بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ



રબ્બે ઝિદ્‌ની ઈલ્મા વર્ઝુકની ફહ્‌મા. رَبِّ زِدْنِيْ عِلْمًا وَّارْزُقْنِيْ فَهْمًا

અર્થ : અય મારા રબ ! મારું ઈલ્મ વધાર, અને મને સમજદારીની રોજી અતા કર.




સરપરસ્ત

પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.) અને અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.)





અખિલ ગુજરાત શીઆ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક

શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

Vol.-3, Issue-11, September-2016

વર્ષ : ૩૫ સળંગ અંક : ૪૧૯

Website : www.jafariaawaz.com ❄ email : jafariaawaz@gmail.com

સંપાદક મંડળ

**આદ્ય તંત્રી :** મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા

**તંત્રી :** કાસમભાઈ વિજાપુરા - ૯૪૨૬૫ ૪૧૪૭૨

**સહતંત્રી :** 'માસૂમ' મહેરપુરી - ૯૬૮૭૬૭૯૫૧૩

મોલ્વી કમ્બરઅલી દાવડા (કાટવાડ)

**સલાહ–માર્ગદર્શન :** મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી (સિધ્ધપુર)

**લેસર&ગ્રાફિક વર્ક :** શબ્બીરઅલી રેવાસીયા-૯૯૨૫૭૩૦૧૦૭

ઈમ્તિયાઝઅલી વિજાપુરા

વ્યવસ્થાપક મંડળ

**વ્યવસ્થાપક :** અકબરઅલી મસી - ૯૮૨૫૪૯૭૧૭૮

૯૪૨૯૩૭૦૮૫૨

**સહવ્યવસ્થાપક :** અનવરઅલી મતિયા - ૯૯૨૫૫૭૭૧૩૮

કાર્યાલયનું સરનામું

'જાફરી આવાઝ' (માસિક)

મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા

પીન – ૩૮૩૨૨૦.


## લેખાનુક્રમ


| | |
|---|---|
| ઊઘડતે પાને | 3 |
| કુરઆન શિક્ષણ | 7 |
| ગુરરુલ હિકમ | 9 |
| અય શાહે શરીઅત બિસ્મિલ્લાહ..... | 11 |
| હદીસે સકલૈન | 13 |
| ગડમથલ | 25 |
| ભાઈચારો | 27 |
| ઈસ્લામ | 29 |
| મશાયખવાણી | 33 |
| ચમનિસ્તાને મોહંમદ (સ.) પર ખિઝાં | 35 |
| જાફરી પંચાંગ | 38 |
| રોજીમાં વધારો થવાના સબબ ભાગ-૪ | 39 |
| સર્વશ્રેષ્ઠ સ્મરણ | 43 |
| બ્લૉગ | 47 |
| કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | 49 |
| નહજુલ અસરાર | 51 |
| અલ ઈર્શાદ | 55 |
| ઈસ્લામ વિષેની સમજણ | 58 |
| ઈબાદાત | 62 |
| મીર અનીસના મરસિયા | 65 |
| જ્ઞાનગોષ્ઠિ | 69 |
| આપણા ઘરની વાતો | 72 |
| 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | 73 |


## ઊઘડતે પાને...

(ગતાંકનું ચાલુ)

**જંગે ખૈબરમાં હઝરત અલી (અ.)ની વિશેષતાઓની યાદી :**

ઈસ્લામી લશ્કરના અલમદાર હઝરત અલી (અ.)એ જંગે ખૈબરમાં જે ગૌરવ અને વિશેષતાઓ પ્રાપ્ત કરી હતી તેનો ખુલાસો નીચે બયાન કરવામાં આવ્યો છે :

(૧) આ જંગમાં પણ ઈસ્લામના લશ્કરની

અલમદારી હઝરત અલી (અ.)ની પાસે હતી.

(૨) રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું, હું અલમ એને અતા કરીશ કે જે અલ્લાહ અને રસૂલને દોસ્ત રાખે છે, અને અલ્લાહ અને રસૂલ તેને દોસ્ત રાખે છે.

(૩) હઝરત અલી (અ.) કર્રાર છે અને ગૈરે ફર્રાર છે.

(૪) રસૂલલ્લાહ (સ.)એ અલ્લાહ તઆલાના ઈલ્હામ દ્વારા હઝરત અલી (અ.)ને ફરમાવ્યું, ખુદાવંદે આલમ આ મજબૂત કિલ્લાને તમારા હાથે ફતેહ કરશે, અને તમારા વસીલાથી મુસલમાનોને ફતેહ અને મદદ મળશે.

(૫) જ્યારે હઝરત અલી (અ.)ને ખબર મળી કે રસૂલલ્લાહ (સ.)એ ખૈબરની ફતેહ અને કામરાની માટે તેમની પસંદગી કરી છે તો આપ જરા પણ મગરૂર ન થયા, પરંતુ તેને અલ્લાહની ઈનાયત સમજ્યા.

(૬) પયગમ્બરે ઈસ્લામના મુબારક હાથની બરકતથી હઝરત અલી (અ.)ની આંખોનું દર્દ એવી રીતે ખતમ થઈ ગયું કે ફરીથી કદી પણ આપ તેમાં સપડાયા નહીં.

(૭) ઠંડી અને ગરમીથી સુરક્ષિત રાખવાવાળી રસૂલે અકરમ (સ.)ની દુઆ પણ છેલ્લા શ્વાસ સુધી અસરકારક રહી.

(૮) રસૂલલ્લાહ (સ.)એ હઝરત અલી (અ.) ને ફરમાવ્યું, ''અગર એક માણસ પણ તમારા દ્વારા હિદાયત મેળવી લે તો તે એવી દરેક ચીજથી બહેતર છે કે જેના ઉપર સૂરજ ચમકે છે."

(૯) પયગમ્બર (સ.)નો હુકમ મળતાંની સાથે જ હઝરત અલી (અ.) કિલ્લા તરફ આગળ વધ્યા અને ઈસ્લામના પરચમને દુશ્મનના મજબૂત કિલ્લાની પાસે રોપી દીધો.

(૧૦) હઝરત અલી (અ.) (મરહબના ભાઈ) હારિસનો ભયાનક અવાજ સાંભળીને ગભરાયા નહીં, અને તેમણે એકલાએ જ તે યોદ્ધાને હલાક કરી નાખ્યો.

(૧૧) હઝરત અલી (અ.) સિવાય કોઈનામાં મરહબનો મુકાબલો કરવાની હિંમત ન હતી.

(૧૨) હઝરત અલી (અ.)એ એકલાએ જ મરહબની સાથે જંગ કર્યો અને તેને જહન્નમ વાસિલ કર્યો.

(૧૩) હઝરત અલી (અ.)એ ખૈબરના એ દરવાજાને કે જેને આઠ બહાદુર પહેલવાનો પણ હલાવી શકતા ન હતા તેને કુદરતે ઈલાહીથી ઉખેડી નાખીને ખંદક પર મૂકી દીધો જેથી ઈસ્લામનું લશ્કર તેના ઉપરથી પસાર થઈ જાય.

(૧૪) સૌથી મહત્ત્વનું એ છે કે હઝરત અલી (અ.)ની જિહાદ રાહે ખુદામાં હતો, મુસલમાનોને આ જિહાદથી ફતેહ પ્રાપ્ત થઈ અને રસૂલલ્લાહ (સ.) આનંદિત અને ખુશ થયા.

**ખૈબરના વિજય પછી માફી અને દરગુજર :**

અલ્લાહના પસંદીદા બંદોઓ ફતેહ અને કામરાની અને શકિત અને તાકાત પ્રાપ્ત કર્યા પછી ખોફ અને દહેશત તેમ જ અશકિત અને કમજોરીનો શિકાર બનેલા દુશ્મનોની સાથે મોહબ્બતભર્યું અને મહેરબાનીભર્યું વર્તન કરતા હોય છે અને વેર

વાળતા નથી. ખૈબરના વિજય પછી આ બાબત દીવા જેવી સ્પષ્ટ નજરે પડે છે. રસૂલલ્લાહ (સ.)એ ખૈબરના વિજય પછી બધા જ પુરુષો, સ્ત્રીઓ અને બાળકોને, જો કે, તેમને કેદી બનાવી લેવામાં આવ્યાં હતાં, અને તેમણે પાછલા વર્ષોમાં ઘણા બધા જુલ્મો કર્યા હતા, અને ઈસ્લામ વિરુધ્ધ ષડ્યંત્રો રચ્યાં હતાં, તેમ છતાં તેમને માફ કરી દીધાં. એવી જ રીતે તેમની જમીનો, દ્રાક્ષની વાડીઓ અને બગીચાઓ તેમને એ શરતે પાછી સોંપી દીધી કે જમીનો અને બગીચાઓની અડધી આવક ઈસ્લામી હુકૂમતને તેઓ જજિયા તરીકે અદા કરશે.

(સીરા ઈબ્ને હિશામ, જિલ્દ-૩, સફા-૩૫૨)

રસૂલલ્લાહ (સ.) ખૈબરના વિજય પછી દુશ્મનના બધા પુરુષોને કતલ કરી શકતા હતા, સ્ત્રીઓ અને બાળકોને કેદી બનાવી શકતા હતા, અથવા તો બધાને ખૈબરથી દૂર કાઢી મૂકીને કોઈ ઉજ્જડ જગ્યાએ મોકલી શકતા હતા, અથવા ઓછામાં ઓછું તેમને મજબૂર કરી શકતા હતા, પરંતુ પશ્ચિમી અને પૂર્વીય બુદ્ધિશાળીઓના દ્રષ્ટિકોણ વિરુધ્ધ પયગમ્બરે ઈસ્લામે આવું કોઈ કામ ન કર્યું, એટલે સુધી કે તેમને મઝહબી વિધિઓ કરવાની પણ આઝાદી આપી દીધી.

દુનિયામાં કોઈ એવો રહેબર નજરે નહીં પડે કે જે પોતાના જૂના દુશ્મન પર ફતેહ અને કામરાની પ્રાપ્ત કરી લીધા પછી, ન ફકત એ કે તેમને કતલ કરવાનું નિશાન બનાવે, બલ્કે માફ અને દરગુજર કરીને તેમની જમીનોને અને તેમના બગીચાઓને તેમના હવાલે કરી દે. આંહઝરત (સ.)નું આવું સુંદર આચરણ સાબિત કરે છે કે આપના બધા જ જંગોનો મકસદ હુકૂમત અથવા તો શકિતપ્રદર્શન ન હતો, પરંતુ આ જંગોનો મકસદ પાક અને રહેમતવાળા દીન એટલે કે ઈસ્લામના માર્ગમાં અવરોધરૂપ બનતી અડચણોને દૂર કરવાનો હતો, જેથી બધા જ માણસો ઈજ્જતપૂર્વકની અને સભ્યતાપૂર્વકની જિંદગી પસાર કરે.

**જાફર ઈબ્ને અબી તાલિબનું હબશથી પાછા આવવું:**

ખૈબરના વિજય સાથે સંબંધિત ઈસ્લામના એક બીજા મુજાહિદ એટલે કે જાફર ઈબ્ને અબી તાલિબ (અ.), (અહીં) હઝરત અલી (અ.)ના ભાઈની વાત કરવામાં આવે છે. ખૈબરથી રવાના થયા પહેલાં રસૂલલ્લાહ (સ.)એ અમ્ર બિન ઉમય્યાને હબશ મોકલ્યા કે જેથી તે ત્યાંના બાદશાહ પાસેથી મુસલમાનોના પાછા આવવાની બધી વ્યવસ્થા કરાવે.

જ્યારે તેમની કશ્તી મદીનાની નજીક કિનારા પર પહોંચી તો મુહાજિરો કશ્તીમાંથી નીચે ઉતર્યા. તેમને સમાચાર મળ્યા કે રસૂલલ્લાહ (સ.) ઈસ્લામી લશ્કરની સાથે ખૈબર તરફ જઈ ચૂકયા છે, અને ત્યાંના યહૂદીઓની સાથે જિહાદમાં મશગૂલ છે. આ મુહાજિરો તરત જ ખૈબરના ઈલાકા તરફ રવાના થઈ ગયા. જ્યારે ત્યાં પહોંચ્યા તો મુસલમાનો ખૈબરના બધા જ કિલ્લા ફતેહ કરી ચૂકયા હતા. રસૂલલ્લાહ (સ.)ને જ્યારે હબશના મુહાજિરો અને તેમના સાલાર હઝરત જાફર ઈબ્ને અબી તાલિબ (અ.)ના આગમનની ખબર મળી તો આપ તેમના સ્વાગત માટે આગળ વધ્યા. હુઝૂર (સ.)એ જાફર

(અ.)ની પેશાની પર બોસો આપ્યો અને ફરમાવ્યું,

"ما ادری بایھما انا اسر: بفتح خیبر ام بقدوم جعفر"

"મને સમજાણ પડતી નથી કે હું કઈ બાબત પર વધારે ખુશહાલ છું ! કેટલાંય વર્ષો પછી જાફરના પાછા આવવા પર અથવા તો અલી (અ.)એ મેળવેલા ખૈબરના વિજય પર ?"

(સીરા ઈબ્ને હિશામ, જિલ્દ-૪, સફા-૪)

ત્યાર પછી પયગમ્બર (સ.)એ ફરમાવ્યું, "આજે હું તમને એક તોહફો આપવા ઈચ્છું છું."

લોકો સમજ્યા કે આ તોહફો કદાચ દુનિયાની કોઈ કિંમતી ચીજ હશે, જેવી કે સોનું, ચાંદી, વગેરે.

પરંતુ રસૂલે અકરમ (સ.)એ તેમની ધારણા વિરુધ્ધ એક મખ્સૂસ નમાઝની તેમને તાલીમ ફરમાવી કે જે પાછળથી 'નમાઝે જાફરે તૈયાર'ના નામથી મશહૂર થઈ.


www.myplanning.in

સરળ અને સાદું પસંદ કરો,

**મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો...**

સિસ્ટમેટીક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (**SIP**)

**SIP** એક એવી રોકાણની યોજના છે કે જેમાં એક પૂર્વ નિર્ધારીત નાની રકમ દર મહિને મ્યુચ્યુઅલ ફંડની ઈકવીટી આધારીત સ્કીમમાં રોકાણ કરીને લાંબા ગાળે એક સારી એવી મૂડીનું સર્જન કરી શકાય છે. જેમ કે...

| માસિક રોકાણ | વર્ષ | મૂડીનુ સર્જન (અંદાજીત)* |
|---|---|---|
| રૂા. ૫૦૦૦/- | ૧૦ વર્ષ સુધી | ૧૩.૭૬ લાખ |
| રૂા. ૫૦૦૦/- | ૧૫ વર્ષ સુધી | ૩૩.૪૩ લાખ |
| રૂા. ૫૦૦૦/- | ૨૦ વર્ષ સુધી | ૭૪.૮૬ લાખ |

*નોંધ : રોકાણ પરનું વળતર વાર્ષિક ૧૫%ના અંદાજ પ્રમાણે

આમ માસિક ફકત રૂા. ૫૦૦૦/- જેવી બચત દ્વારા તમે તમારા જીવનની મુખ્ય જવાબદારીઓ સરળતાથી પાર પાડી શકો છો.

It's all about planning

RJ ADVISORY **ABBASALI MAVA**

**HIMATNAGAR | MOBILE : 9974004161**



મો. સાદિકઅલી આર. ભોરણીયા (રસુલપુર ખે.) મો. 99244 18243 | બાલીસણા ઝાકીરહુસૈન જી. (રસુલપુર ખે.)મો.94295 29410

L.E.D. સ્પેશ્યાલીસ્ટ

ન્યુ **ચિરાગ L.E.D. હાઉસ**

અમારે ત્યાં

હોટલ, ઈમામવાડા, ઝરીહ મુબારક કે દરગાહના માપ પ્રમાણે L.E.D. સીરીઝ, L.E.D. પટ્ટા, L.E.D. બોર્ડ તેમજ L.E.D. ને લગતું દરેક પ્રકારનું કામ હોલસેલ ભાવે કરી આપવામાં આવશે.

**ચિરાગ L.E.D. સાઈન બોર્ડ**

- એક્રેલીક બોક્સ લેટર સાઈન બોર્ડ
- L.E.D. સાઈન બોર્ડ
- ઓપન L.E.D. સાઈન બોર્ડ
- ક્રીસ્ટલ લેટર સાઈન બોર્ડ
- A.C.P. લેટર સાઈન બોર્ડ
- સ્ટીલ લેટર સાઈન બોર્ડ
- રેડીયમ સાઈન બોર્ડ
- વિનાઈલ & ફ્લેક્સ સાઈન બોર્ડ
- ચેનલ સાઈન બોર્ડ

હોટલ દુકાનને લગતા દરેક પ્રકારના સાઈન બોર્ડ અને L.E.D.નુ કામ કરી આપવામા આવશે

રીગલ શોપીંગ સેન્ટર, દેના બેન્કની બાજુમાં, બસ સ્ટેન્ડ પાસે, વડનગર

Email ; newchiragled@gmail.com



# કુરઆન શિક્ષણ

અઝ : આકાએ નામદાર પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી(મદે.)

## દરેક વસ્તુ તરફ જોવા અને મનન કરવા વિષેની આયતો

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

اِنَّ فِیۡ خَلۡقِ السَّمٰوٰتِ وَالۡاَرۡضِ وَاخۡتِلَافِ
الَّیۡلِ وَالنَّھَارِ لَاٰیٰتٍ لِّاُولِی الۡاَلۡبَابِ ﴿۱۹۰﴾

❂ ખરેખર, આકાશો તથા જમીનની ઉત્પત્તિમાં અને રાત્રિ તથા દિવસના ક્રમમાં બુદ્ધિશાળીઓ માટે અવશ્ય (અલ્લાહની કુદરતની) નિશાનીઓ મોજૂદ છે. **(સૂરા આલે ઈમરાન, આયત-૧૯૦)**

---

الَّذِیۡنَ یَذۡکُرُوۡنَ اللّٰہَ قِیٰمًا وَّ قُعُوۡدًا وَّ عَلٰی
جُنُوۡبِھِمۡ وَ یَتَفَکَّرُوۡنَ فِیۡ خَلۡقِ السَّمٰوٰتِ
وَ الۡاَرۡضِ ۚ رَبَّنَا مَا خَلَقۡتَ ھٰذَا بَاطِلًا ۚ
سُبۡحٰنَکَ فَقِنَا عَذَابَ النَّارِ ﴿۱۹۱﴾

❂ કે જેઓ ઊભા ઊભા અને બેઠા (બેઠા) તથા પડખાભેર (અર્થાત્ હર હાલતમાં) અલ્લાહને યાદ કરતા રહે છે, અને આકાશ તથા પૃથ્વીની ઉત્પત્તિ પર ચિંતન કરે છે, (અને કહે છે કે) હે અમારા પરવરદિગાર ! તેં આ વ્યર્થ પેદા કર્યા નથી, તારી ઝાત પાક છે, માટે તું અમને દોઝખની આગથી બચાવી લે. **(સૂરા આલે ઈમરાન, આયત-૧૯૧)**

---

وَ ھُوَ الَّذِیۡۤ اَنۡزَلَ مِنَ السَّمَآءِ مَآءً ۚ
فَاَخۡرَجۡنَا بِہٖ نَبَاتَ کُلِّ شَیۡءٍ فَاَخۡرَجۡنَا
مِنۡہُ خَضِرًا نُّخۡرِجُ مِنۡہُ حَبًّا مُّتَرَاکِبًا ۚ
وَ مِنَ النَّخۡلِ مِنۡ طَلۡعِھَا قِنۡوَانٌ دَانِیَۃٌ وَّ
جَنّٰتٍ مِّنۡ اَعۡنَابٍ وَّ الزَّیۡتُوۡنَ وَ الرُّمَّانَ
مُشۡتَبِھًا وَّ غَیۡرَ مُتَشَابِہٍ ؕ اُنۡظُرُوۡۤا اِلٰی

❂ અને તે એ જ છે કે જેણે આકાશમાંથી પાણી વરસાવ્યું, પછી તે વડે અમોએ દરેક ઊગનારી વસ્તુઓ પેદા કરી જેમાંથી હરિયાળી ઉત્પન્ન કરી પછી તે(જમીન)માંથી અમોએ હરિયાળા ફણગા બહાર કાઢ્યા જેમાંથી હારબંધ ગૂંથાયેલા દાણા કાઢીએ છીએ અને ખજૂરના વૃક્ષના ગાભામાંથી લટકતાં ઝૂમખાં કાઢીએ છીએ, અને દ્રાક્ષ, ઝૈતૂન તથા દાડમની વાડીઓ (નાં ફળો કે) જે દેખાવમાં એકસરખાં લાગે છે (પણ સ્વાદમાં એકસરખા નથી)

ثَمَرِهٖۤ اِذَاۤ اَثۡمَرَ وَ يَنۡعِهٖ ؕ اِنَّ فِىۡ ذٰلِكُمۡ لَاٰيٰتٍ
لِّقَوۡمٍ يُّؤۡمِنُوۡنَ ﴿۹۹﴾

તમે વૃક્ષો તરફ જુઓ કે જ્યારે ફળવાન થાય છે અને જ્યારે પરિપક્વ થાય છે. ખરેખર, તેમાં ઈમાન રાખનારાઓ માટે નિશાનીઓ છે.

**(સૂરા અન્આમ, આયત-૯૯)**

---

اِنَّمَا مَثَلُ الۡحَيٰوةِ الدُّنۡيَا كَمَآءٍ اَنۡزَلۡنٰهُ
مِنَ السَّمَآءِ فَاخۡتَلَطَ بِهٖ نَبَاتُ الۡاَرۡضِ
مِمَّا يَاۡكُلُ النَّاسُ وَ الۡاَنۡعَامُ ؕ حَتّٰٓى اِذَاۤ
اَخَذَتِ الۡاَرۡضُ زُخۡرُفَهَا وَ ازَّيَّنَتۡ وَ ظَنَّ
اَهۡلُهَاۤ اَنَّهُمۡ قٰدِرُوۡنَ عَلَيۡهَاۤ ۙ اَتٰٮهَاۤ اَمۡرُنَا
لَيۡلًا اَوۡ نَهَارًا فَجَعَلۡنٰهَا حَصِيۡدًا كَاَنۡ لَّمۡ
تَغۡنَ بِالۡاَمۡسِ ؕ كَذٰلِكَ نُفَصِّلُ الۡاٰيٰتِ لِقَوۡمٍ
يَّتَفَكَّرُوۡنَ ﴿۲۴﴾

✪ સિવાય તેના નથી કે દુનિયાની જિંદગીનો દાખલો તે પાણીના જેવો છે કે જે અમે આકાશ પરથી ઉતારીએ છીએ, પછી ધરતીનો ઊગતો પાક કે જે માણસો તથા પશુઓ ખાય છે તે તે (પાણી)ની સાથે ભળી જાય છે, અહીં સુધી કે તે (બન્નેના ભળી જવાથી) ધરતી પોતાનો શણગાર ધારણ કરે છે, અને તે (હરિયાળી લીલોતરી)થી સુશોભિત થઈ જાય છે, અને તે (જમીન)ના લોકો એવું માની લે છે કે હવે તેમણે તેના પર કાબૂ મેળવી લીધો છે, ત્યારે રાત્રિએ અથવા દિવસે અમારો (અઝાબનો) હુકમ તેમને ઓચિંતો આવી પહોંચે છે, પછી અમે તે (હર્યાભર્યા પાક)ની એવી રીતે કાપણી કરી નાખીએ છીએ કે જાણે આગલા દિવસે તેની હસ્તી જ ન હતી; આવી રીતે અમે તે લોકો કે જેઓ ધ્યાન દઈને વિચાર કરે છે, તેમના માટે આયતોને સ્પષ્ટ કરીને વર્ણવીએ છીએ. **(સૂરા યૂનુસ, આયત-૨૪)**

---

اَللّٰهُ الَّذِىۡ رَفَعَ السَّمٰوٰتِ بِغَيۡرِ عَمَدٍ
تَرَوۡنَهَا ثُمَّ اسۡتَوٰى عَلَى الۡعَرۡشِ وَ سَخَّرَ
الشَّمۡسَ وَ الۡقَمَرَ ؕ كُلٌّ يَّجۡرِىۡ لِاَجَلٍ مُّسَمًّى ؕ
يُدَبِّرُ الۡاَمۡرَ يُفَصِّلُ الۡاٰيٰتِ لَعَلَّكُمۡ بِلِقَآءِ
رَبِّكُمۡ تُوۡقِنُوۡنَ ﴿۲﴾

✪ અલ્લાહ એ જ છે કે જેણે આકાશોને તમે જુઓ છો તેમ થાંભલાઓ વગર ઊંચે ઊભાં કર્યાં છે, પછી તે અર્શ (સિંહાસન) પર બિરાજમાન થયો (અર્થાત્ આકાશોમાં પોતાની સત્તા કાયમ કરી), અને સૂર્ય અને ચંદ્રને (તમારે) કામે લગાડી દીધા; જે દરેક પોત પોતાની નક્કી કરેલ મુદત સુધી (સતત) ચાલ્યા કરશે; (વળી) સર્વે કાર્યોની વ્યવસ્થા તે કરે છે (અને) નિશાનીઓ સ્પષ્ટ કરીને વર્ણવે છે કે કદાચને તમને તમારા પરવરદિગારની મુલાકાતની સંપૂર્ણ ખાત્રી થાય. **(સૂરા રઅદ, આયત-૨)**

# ગુરરુલ હિકમ

(હિકમતની જટિલતા અને ઉપદેશનાં મોતી)

(ઈમામ અલી (અ.)નાં બોધવચનો)

અનુવાદ : જનાબ સૈયદ ઓવેસએહમદ ઝેડ. જાફરી




## ૪ - આખેરત

٣٨- مَنْ أَيْقَنَ بِالآخِرَةِ سَلا عَنِ الدُّنيا

(૩૮) જે તેની આખેરત ઉપર યકીન ધરાવે છે, તે આ દુનિયા વિષે વધારે વિચાર કરતો નથી.

٣٩- مَنْ أَكْثَرَ مِنْ ذِكْرِ الآخِرَةِ قَلَّتْ مَعْصِيَتُهُ

(૩૯) જે આખેરતની યાદમાં વધારો કરે છે, તેના ગુનાઓમાં ઘટાડો થાય છે.

٤٠- مَنْ أَصْلَحَ أَمْرَ آخِرَتِهِ، أَصْلَحَ اللهُ لَهُ أَمْرَ دُنياهُ

(૪૦) જે તેની આખેરત સુધારવા પ્રયત્નો કરે છે, અલ્લાહ તેની ખાતર તેના દુન્યવી જીવનમાં સુધારો કરશે.

٤١- مَنْ كانَتِ الآخِرَةُ هِمَّتَهُ بَلَغَ مِنَ الخَيْرِ غايَةَ أُمْنِيَّتِهِ

(૪૧) જેના પ્રયત્નો આખેરત માટે હોય છે, તે તેના ધ્યેયોને અવશ્ય હાંસિલ કરશે.

٤٢- مَنْ لَمْ يَعْمَلْ لِلآخِرَةِ لَمْ يَنَلْ أَمَلَهُ

(૪૨) જે આખેરત માટે કાર્યો કરતો નથી, તેની આશાઓ ફળીભૂત થતી નથી.

٤٣- مَنْ كانَ فيهِ ثَلاثٌ سَلِمَتْ لَهُ الدُّنيا والآخِرَةُ. يَأْمُرُ بِالمَعْرُوفِ وَيَأْتَمِرُ بِهِ، وَيَنْهى عَنِ المُنْكَرِ وَ يَنْتَهي عَنْهُ، وَ يُحافِظُ على حُدُودِ اللهِ جَلَّ وَعلا

(૪૩) જેનામાં ત્રણ ગુણો હશે તેણે તેનું જીવન આ દુનિયામાં અને આખેરતમાં બચાવી લીધું છે. તે નેકીઓનો હુકમ કરે છે, અને પોતે પણ નેકીઓ કરે છે. બદીઓની મનાઈ કરે છે અને પોતે પણ એવા કામોથી દૂર રહે છે, અને અલ્લાહના હુકમોના પાલન પ્રત્યે સજાગ છે.

٤٤- ما أَخْسَرَ مَنْ لَيْسَ لَهُ فِي الآخِرَةِ نَصيبٌ

(૪૪) જેનો આખેરતમાં કોઈ હિસ્સો નથી તે કેટલું મોટું નુકસાન વહોરે છે !

٤٥۔ مَرارَةُ الدُّنيا حَلاوَةُ الآخِرَةِ

(૪૫) આ દુનિયાની કડવાશ આખેરતની મીઠાશ છે.

٤٦۔ ما المَغْرُوْرُ الَّذى ظَفِرَ مِنَ الدُّنيا بِأدنى سُهْمَتِهِ (بِأَعْلى هِمَّتِهِ) كالآخَرِ الَّذى ظَفِرَ مِنَ الآخِرَةِ بِأَعْلى هِمَّتِهِ (بِأدنى سُهمَتِهِ)

(૪૬) જે અથાક પ્રયત્નો કરીને આ દુનિયામાં થોડો લાભ મેળવે છે, તેની સરખામણી અથાક પ્રયત્નો કરીને આખેરતમાં થોડો લાભ હાંસિલ કરનાર સાથે થઈ શકે નહીં.

٤٧۔ نالَ المُنى مَنْ عَمِلَ لِدارِ البَقاءِ

(૪૭) જે આખેરતના કાયમી રહેઠાણ માટે મહેનત કરે છે, તેની આશા ફળે છે.

٤٨۔ لاتبيعُوا الآخرَةَ بالدُّنيا، وَ لاتَسْتَبْدِلُوا الفَناءَ بِالبَقاءِ

(૪૮) આ દુનિયા માટે આખેરતનો સોદો કરશો નહીં, અને કાયમીના બદલામાં નાશવંત (ફાની) લેશો નહીં.

٤٩۔ لايَشْغَلَنَّكَ عَنِ العَمَلِ لِلآخِرَةِ شُغلٌ فَإِنَّ المُدَّةَ قَصيرَةٌ

(૪૯) કોઈ પણ બાબતને આખેરત કરતાં વધારે મહત્ત્વ આપશો નહીં, કારણ કે ખરેખર સમય ઓછો છે.

٥٠۔ لاتَجْتَمِعُ الآخِرَةُ وَالدُّنيا

(૫૦) આખેરત અને આ દુનિયા એક સાથે આવતાં નથી.

٥١۔ لاتَجْتَمِعُ الفَناءُ وَ البَقاءُ

(૫૧) નાશવંત અને કાયમી (શાશ્વત) એક સાથે હોઈ શકે નહીં.

٥٢۔ لايُدْرِكُ أَحَدٌ ما يُرِيدُ مِنَ الآخِرَةِ إلاّ بِتَرْكِ ما يَشتَهى مِنَ الدُّنيا

(૫૨) કોઈ પણ વ્યક્તિને આખેરતમાં ઇચ્છા મુજબ મળતું નથી સિવાય કે તે આ દુનિયામાં વાસનાઓથી દૂર રહે.

٥٣۔ يَنبَغى لِمَنْ أَيْقَنَ بِبَقاءِ الآخِرَةِ وَ دَوامِها أَنْ يَعْمَلَ لَها

(૫૩) જેને આખેરતના કાયમીપણાની ખાતરી હોય તેને તેના માટે પ્રયત્નશીલ રહેવાનું છાજે છે.

# اے شاہِ شریعت بسم اللہ اے نورِ ولایت بسم اللہ

ولی عہد پیر سید محمد کامران حسین جعفری (مد)

اے شاہِ شریعت بسم اللہ اے نورِ ولایت بسم اللہ
اب جلد ہٹاؤ چہرے سے تم پردۂ غیبت بسم اللہ

અય શરીઅતના શાહ ! બિસ્મિલ્લાહ, અય વિલાયતના નૂર ! બિસ્મિલ્લાહ. હવે તમે ચહેરા ઉપરથી ગૈબતનો પડદો હટાવી દો, બિસ્મિલ્લાહ.

ہمنامِ محمدؐ جانِ علیؑ اے وارث و صاحبِ تیغِ علیؑ
دنیا کو دِکھا دو تم پھر سے حیدرؑ کی شجاعت بسم اللہ

હઝરત મોહંમદ (સ.)ના નામ જેવા નામવાળા, મૌલા અલી (અ.)ના જીવ, અય મૌલા અલી (અ.)ની તલવારના વારસદાર અને માલિક ! તમે દુનિયાને ફરીથી હૈદરી શુજાઅત બતાવી દો, બિસ્મિલ્લાહ.

اے مہدیِؑ آخر اے ہادی اب نورِ ہدایت پھیلا دو
ہے واسطہ حیدرؑ و زہراؑ کا اے پیرِ طریقت بسم اللہ

અય છેલ્લા મેહદી (અ.) ! અય હાદી ! હવે હિદાયતના નૂરને ફેલાવી દો. આપને હૈદર (અ.) અને જનાબે ફાતેમા ઝહરા (અ.)નો વાસ્તો, અય તરીકતના પીર ! બિસ્મિલ્લાહ.

اے ابنِ محمدؐ جلد آؤ کہ ظلم و ستم اب بڑھتا ہے
دنیا کو دِکھا دو تم مولاؑ اب شانِ امامت بسم اللہ

અય મોહંમદ (સ.)ના ફરઝંદ ! જલ્દીથી આવો, કેમ કે હવે જુલ્મ અને સિતમ વધતો જ જાય છે. અય મૌલા ! હવે તમે દુનિયાને ઈમામતની શાન બતાવી દો, બિસ્મિલ્લાહ.

اب ظلم و ستم کے بادل بھی ہر روز برستے ہیں مولاؑ
غیبت سے تم آ کر کر ڈالو پھر بارشِ رحمت بسم اللہ

અય મૌલા ! હવે તો જુલ્મ અને સિતમનાં વાદળાં પણ દરરોજ વરસે છે. ગૈબતમાંથી બહાર આવીને તમે રહેમતનો વરસાદ વરસાવો, બિસ્મિલ્લાહ.

અય હૈદર (અ.) ! તમને અરજ છે કે તમે તમારા બેટાને કહી દો કે અય આખરી હુજ્જત ! દુનિયાને તારી જરૂર છે, બિસ્મિલ્લાહ.

ہے تم سے گزارش یا حیدرؑ کہہ دیجئے اپنے بیٹے سے
دنیا کو ضرورت ہے تیری اے آخری حجتؑ بسم اللہ

આ લોહ અને કલમ પણ તારાં છે, મુજાહિદનો ફરઝંદ (કામરાન) પણ તારો છે. અય આકા ! હવે આ દુનિયાની હિફાઝત કરવી તારા હાથમાં છે, બિસ્મિલ્લાહ.

یہ لوح و قلم بھی تیرے ہیں ہے ابنِ مجاہد بھی تیرا
اب تیرے ہاتھ ہے اے آقاؑ اِس دیں کی حفاظت بسم اللہ




મેઅરાજફાતેમા
અલ્તાફઅલી મોમિન
SPGA : 6.89 / 10.00
F. Y. B.Com.



મકબૂલફાતેમા
અલ્તાફઅલી મોમિન
P. R. 78.08
H.S.C. Com.

નન્હે રોઝેદાર



મૈસમઅલી ખાદિમહુસૈન અસામદી
(વાઘરોલ-વડોદરા)
ઉ.વ. : ૮ રોઝા : ૧




# હદીસે સકલૈન

**લેખન : જનાબ સૈયદ નદીમએહમદ ડી. જાફરી (અમદાવાદ)**

*બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ*

*[જ્યારે મેં કુરઆન ઉપર આધારિત લેખો લખવાની શરૂઆત કરી હતી, ત્યારે મેં એવી કલ્પનાય કરી ન હતી કે હું હદીસે સકલૈન ઉપર એક લેખ લખી રહ્યો હોઈશ. આ મુદ્દા ઉપર લખવું તે બહુ મોટા સન્માનની બાબત છે અને અલ્લાહ (સુ.વ.ત.) મને મદદ કરે કે જેથી આ વિષય ઉપર લખવા માટે ન્યાય આપવા હું શકિતમાન બનું. હું મારા વાંચકોને દરખાસ્ત કરું છું કે તેઓ પણ દુઆ કરે કે જેથી અલ્લાહ (સુ.વ.ત.) આ લેખમાળાને મકબૂલ કરે અને તેને એક એવું ઉદ્દગમસ્થાન બનાવે કે જે એવા લોકોને કુરઆન અને અહલેબૈત (અ.) સાથેના સંબંધને સમજવા તરફ દોરી જાય કે જેઓ આ દિશામાં મથન કરે છે.]*

એવો દરેક જણ કે જે કુરઆનની તિલાવત કરે છે તેને તેના સાચા અર્થનું જરૂર મુજબનું માર્ગદર્શન મળી રહેતું નથી. કુરઆન નીચેની આયતમાં ફરમાવે છે કે કેટલાક લોકો માટે તો તે **ભૂતકાળના લોકોના કિસ્સાઓનો માત્ર એક સંગ્રહ જ છે.**

● "(જ્યારે અમારી વાતચીતો તેમને સંભળાવવામાં આવે છે તો તેઓ કહે છે : અમે સાંભળી છે; જો અમે ઈચ્છત તો આવાં (લખાણો) તો અમે રચી શકતા હતા. **આ તો ભૂતકાળના લોકોની વાતો સિવાય બીજું કંઈ નથી.)**"

(સૂરા અન્ફાલ, આયત–૩૧)

સૂરા બકરામાં કુરઆન કહે છે કે **તે ફક્ત 'મુત્તકી લોકો' માટે હિદાયત છે** – એવા લોકો કે જે બદકાર્યોથી પોતાનું રક્ષણ કરે છે. ઈમામ અલી (અ.) એ ફરમાવ્યું છે કે **જે અહલેબૈત (અ.)ના ચાહકો છે, તે મુત્તકી લોકો છે,** તેથી એ લોકો **કે જે અહલેબૈત (અ.)ને ચાહે છે, અને તેમના માર્ગ પર ચાલે છે, તેમની જ કુરઆન દ્વારા હિદાયત કરવામાં આવશે.** આપણા વહાલા પયગમ્બર (સ.)એ તેમના છેલ્લા ખુત્બામાં આવું ફરમાવ્યું છે કે :

● ટૂંક સમયમાં જ મને બોલાવી લેવામાં આવશે અને મારે તમારાથી વિદાય લેવાની છે, પરંતુ **હું તમારી વચ્ચે બે વજનદાર વસ્તુઓ મૂકતો જાઉં છું;** ઉચ્ચ અને સર્વશકિતમાન અલ્લાહની **કિતાબ** અને **મારી અહલેબૈત.** અલ્લાહની કિતાબ એક રસ્સીના જેવી છે કે જે આકાશથી ધરતી તરફ લંબાવેલી છે, અને **મારી અહલેબૈત મારા ઘરવાળા લોકો છે.** બુધ્ધિશાળી અને બધું જાણનારો (અલ્લાહ) મને ફરમાવે છે કે **આ બન્ને એક બીજાથી જુદાં નહીં પડે** એટલે સુધી કે તેઓ હૌઝે કૌસર પર આવીને મને મળે. તેથી, **મારા પછી તમે તેમની સાથે કેવો વ્યવહાર કરો છો તેનું ધ્યાન રાખજો.**

(સંદર્ભ : મસ્નદ, અહમદ ઈબ્ને હમ્બલ, જિલ્દ–૩, સફા–૨૬, કન્ઝુલ ઉમ્માલ, જિલ્દ–૧, સફા–૪૭, તિરમિઝી, ૫:૩૨૮, નિસાઈ ૯૬:૭૯, ઈબ્ને અતિય્યા ૧:૩૪, ઈબ્ને હજર, પેજ–૮૯)

*એટલા માટે તો કુરઆનની આયતોની તિલાવત અને અહલેબૈત (અ.)ના જીવનોની રોશનીમાં તેમના ઉપર ચિંતન કરવાની જરૂર છે; કુરઆન એકલું તેના સાચા ભાવાર્થ સાથે આપણી હિદાયત કદાચ ન કરી શકે અને આપણે એવા લોકોના જેવા બની જવાનો ખતરો છે કે જેઓ ભૂતકાળના કિસ્સાઓના માત્ર સંગ્રહની જ તિલાવત કરે છે.*

➞ *આ લેખમાં, ઉપર દર્શાવેલી હદીસે સકલૈનની રોશનીમાં, આપણે એવા થોડાક પ્રસંગો ઉપર ચિંતનમનન કરીશું કે જે કુરઆનમાં દસ્તાવેજ તરીકે આપેલા છે, અને તેમને અહલેબૈત (અ.)ના જીવન સાથે જોડીશું અને તે પ્રસંગો વિષેની અને તેમનો ઈસ્લામમાં અને આપણા જીવનમાં શું સંબંધ છે, તેની યોગ્ય સમજ મેળવવા પ્રયત્ન કરીશું.*

પયગમ્બરોમાં મૂસા (અ.) એવા હતા કે જેમને અલ્લાહ (સુ.વ.ત.) સાથે વાર્તાલાપ કરવાનું સન્માન મળેલું હતું, જ્યારે કે તેઓ કોહે તૂર પર્વત ઉપર ચઢ્યા હતા. તેઓ એક પસંદ થયેલા પયગમ્બર હતા કે જેમને અલ્લાહ (સુ.વ.ત.)એ આયતે કુબરાથી નવાજ્યા હતા.

● "(તેથી તેણે (મૂસાએ) તેને **વધારે મોટી નિશાની (આયતુલ કુબરા)** બતાવી. પરંતુ તેણે (ફિરઓને) (સત્યનો) ઈન્કાર કર્યો અને નાફરમાની કરી.)"

(સૂરા નાઝિયાત, આયત–૨૦ અને ૨૧)

અલ્લાહ (સુ.વ.ત.)એ મૂસા (અ.)ને **આયતુલ કુબરા – અસા**ની નવાઝિશ કરી, તેની મદદથી **મૂસા (અ.) પોતાના વિરોધીઓને અને બીજી અડચણોને સફળતાપૂર્વક નિવારવા માટે શક્તિમાન બન્યા હતા.** તે અસા મૂસા (અ.) માટે **મુશ્કેલીઓનું નિવારણ કરનાર – મુશ્કિલકુશા** તરીકે કામ કરતી હતી.

આપણા પ્યારા પયગમ્બર (સ.)એ પણ અલ્લાહ (સુ.વ.ત.) સાથે વાતો કરી હતી જ્યારે કે આપ **મેઅરાજ દરમિયાન છેવટની હદ સુધીના સર્વોચ્ચ બિંદુ સુધી ઊંચે ચઢ્યા હતા.**

● "(અને તેઓ **છેવટની હદ સુધીના સૌથી ઊંચેરા ભાગમાં** છે. પછી તેઓ નજીક ગયા અને ઝુકયા એટલે સુધી કે તેમની વચ્ચે બે કામન જેટલું છેટું રહી ગયું, અથવા તે કરતાંય ઓછું. પછી **તેણે પોતાના બંદા તરફ જે વહી કરવાની હતી તે કરી.**"

(સૂરા નજમ, આયત ૭ થી ૧૦)

● "(આંખ જરા પણ બાજુ તરફ ફરકી નહીં, કે ન તો તેણે હદને ઓળંગી. બેશક, તેમણે **તેમના રબની મહાનતમ નિશાનીઓ (આયાતે રબ્બેહિલ કુબરા)** જોઈ."

(સૂરા નજમ, આયત–૧૮)

મૂસા (અ.)ને અલ્લાહ (સુ.વ.ત.)ની **આયતુલ કુબરા** તેમના વિરોધીઓને હંફાવવા માટે એનાયત કરવામાં આવી. પયગમ્બરે પાક (સ.) એ **આયાતે રબ્બેહિલ કુબરા** જોઈ જ્યારે કે **આપ (સ.) છેવટની હદ સુધીના સૌથી ઊંચેરા ભાગમાં હતા.** મૂસા (અ.)ની અસાએ તેમના વિરોધીઓને હંફાવવા માટે તેમની મદદ કરી. આયતુલ કુબરા કે જે પયગમ્બર (સ.)એ છેવટની હદના સૌથી ઊંચેરા ભાગમાં જોઈ હતી, તેણે પણ તેમના દુશ્મનો ઉપર વિજય મેળવવા માટે તેમને મદદ કરી જ હોવી જોઈએ. તે **આપણા પ્યારા પયગમ્બર (સ.) માટે મુશ્કિલકુશા** હોવી જોઈએ.

● ઈમામ અલી (અ.) દ્વારા કહેવામાં આવ્યું છે કે : "હું **અલ્લાહ (સુ.વ.ત.)ની સૌથી મોટી નિશાની –**

**<u>આયતુલ કુબરા</u>** છું."

(સંદર્ભ : ખુત્બો, રજત, http://wilayat-mission.org/english-sermon-rajat-moula-ali-asws/, Mukhtasir al Basair al Darjat pg 73)

● પ્રમાણભૂત હદીસો દ્વારા ઈમામ અલી (અ.)ને **<u>આયતુલ્લાહ અલ ઉઝમા</u>** તરીકેનો સંદર્ભ આપવામાં આવ્યો છે.

(સંદર્ભ : મફાતિહુલ જિનાન, પેજ–૬૮૩)

● ઉસૂલે કાફીમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ઈમામ અલી (અ.)એ એવું ફરમાવ્યું છે કે **<u>મારા કરતાં વધારે મોટી અલ્લાહ (સુ.વ.ત.)ની કોઈ આયત – નિશાની નથી.</u>**

● ઈમામ અલી (અ.) તે મહાન **કલીમુલ કુબરા (અલ્લાહના મહાનતમ કલામ)** છે કે જે અલ્લાહે તેના પયગમ્બરોને અને અવલિયાને મદદ કરવાના હેતુથી દરેક યુગમાં અને જુદા જુદા સ્વરૂપોમાં મોકલ્યા હતા. ઈબ્ને અબ્બાસના મત અનુસાર **સૂરા કસસની આયત ૩૫**માં "**અમે એક સુલતાનની નિમાણુંક કરીશું** તમારા બન્ને (મૂસા અને હારૂન (અ.)) માટે અને ફિરઓન અને તેના અનુયાયીઓ તમારા સુધી પહોંચી શકશે નહીં, **અમારી નિશાનીઓ**ના કારણે." **<u>મહાનતમ નિશાની અને સુલતાન</u>**નો સંદર્ભ એક ઘોડેસવારનો છે કે જેણે મૂસા (અ.) અને હારૂન (અ.)ને મદદ કરી હતી અને તે ઘોડેસવાર **<u>ઈમામ અલી (અ.) હતા</u>**. (સંદર્ભ : અલ કત્ર, પ્રથમ આવૃત્તિ, પેજ–૬૬)

● અબૂ હુરૈરાની હદીસ અનુસાર કે જેને ઈબ્ને અસાકિરે ટાંકી છે, પયગમ્બર (સ.)એ ફરમાવ્યું છે કે અર્શ ઉપર એવું લખેલું છે કે અલ્લાહ (સુ.વ.ત.) સિવાય કોઈ ખુદા નથી, મોહંમદ (સ.) મારા બંદા અને મારા રસૂલ છે **<u>અને મેં તેમની અલી (અ.) દ્વારા મદદ કરી.</u>** (સંદર્ભ : દુર્રે મન્સૂર, જિલ્દ–૩, પેજ–૧૯૯, મુલ્લા જલાલુદ્દીન સુયૂતિ, તારીખ ઈબ્ને અસાકિર, ઝૈનુલ ફાલ્લી).

➞ તેથી જ્યારે જ્યારે આપણે કુરઆનની તિલાવત કરીએ અને મૂસા (અ.)નો કોહે તૂર પર ચઢવાનો અને તેમની અસાનો પ્રસંગ વાંચવા પામીએ ત્યારે ત્યારે **આપણે આપણા પ્યારા પયગમ્બર (સ.)નો મેઅરાજ દરમિયાન છેવટની હદ સુધીના સૌથી ઊંચા ભાગમાં જવાની તેમની મહાનતા અને ઈમામ અલી (અ.) સાથેના આપ (સ.)ના સંબંધ ઉપર ચિંતનમનન કરવાની જરૂર છે.** જેવી રીતે અલ્લાહની સૌથી મોટી નિશાની – મૂસા (અ.)ની અસાએ તેમના દુશ્મનોને હંફાવવામાં મદદ કરી હતી, એવી જ રીતે **<u>ઈમામ અલી (અ.) એ પયગમ્બર (સ.)ને તેમના દુશ્મનોને હંફાવવામાં અને ગઝવાતમાં જીત મેળવવામાં મદદ કરી હતી.</u>**

ખિઝર (અ.)ના ઈલ્મની બાબતમાં કુરઆન ફરમાવે છે :

● "(પછી તેઓ અમારા બંદાઓમાંથી એક બંદાને મળવા પામ્યા કે જેના ઉપર **અમે અમારા તરફથી રહેમત નાઝિલ કરી હતી** અને જેને **અમોએ ઈલ્મ (ઈલ્મે લદુન્ની)** અમારી પોતાની હાજરીમાં **શિખવાડ્યું હતું.**)" (સૂરા કહફ, આયત–૬૫)

ખિઝર (અ.) અલ્લાહ (સુ.વ.ત.)ના પસંદ થયેલા બંદા હતા અને તેમને **તેના (અલ્લાહ (સુ.વ.ત.)) તરફથી રહેમત અને ઈલ્મ મેળવવાનું**

**સન્માન પ્રાપ્ત થયું હતું** અને તેથી જ તો તેઓ ભવિષ્યમાં થનારી બાબતોને જોઈ શકતા હતા.

કુરઆન ફરમાવે છે કે **<u>આપણા પ્યારા પયગમ્બર (સ.) રહેમતુલ્લીલ આલમીન છે.</u>** સૂરા નજમ (આયત–૫)માં **અલ્લાહ (સુ.વ.ત.) ફરમાવે છે કે પયગમ્બર (સ.)ને ખુદ અલ્લાહ (સુ.વ.ત.) દ્વારા શિખવાડવામાં આવ્યું છે. <u>પયગમ્બર (સ.)ને તાલીમ આપનાર અને માર્ગદર્શક બીજો કોઈ નથી, પરંતુ અલ્લાહ (સુ.વ.ત.) પોતે જ છે.</u>**

ઈમામ અલી (અ.)એ નહજુલ બલાગામાં ફરમાવ્યું છે કે :

● પયગમ્બરે પાક (સ.)એ મને તેમના પોતાના હાથોમાં ઉછેર્યો છે, અને તેમનો પોતાનો જ કોળિયો મને ખવડાવ્યો છે. **ઊંટનું બચ્ચું જેમ પોતાની મા પાછળ પાછળ ચાલ્યું જાય, તેમ હું પણ આપ (સ.) જ્યાં જ્યાં જતા હતા, ત્યાં ત્યાં તેમની પાછળ પાછળ જતો હતો.** દરેક દિવસે તેમના ચારિત્ર્યની કોઈ નવી જ બાબત તેમના ઉમદા વ્યક્તિત્વમાંથી પ્રગટ થતી હતી. અને **<u>હું તેનો સ્વીકાર કરી દેતો અને હુકમ તરીકે તેને અપનાવી લેતો હતો.</u>**

● દુલયમી અને અબૂ અલ હસન મોહંમદ બિન શાઝાનની એક હદીસ અનુસાર કે જે ઝૈદ બિન સાબિતીથી છે કે જેમણે કહ્યું કે પયગમ્બરે પાક (સ.)એ ફરમાવ્યું છે : "હું તમારા બધાની વચ્ચે બે વજનદાર વસ્તુઓ – **અલ્લાહ (સુ.વ.ત.)ની કિતાબ** અને **અલી બિન અબૂ તાલિબ (અ.)**ને મૂકતો જાઉં છું અને **અલી (અ.) તમારા બધાયના માટે અલ્લાહ (સુ.વ.ત.)ની કિતાબ કરતાં ચઢિયાતા છે,** કારણ કે **તેઓ તમારા માટે અલ્લાહ (સુ.વ.ત.)ની કિતાબના અર્થ સમજાવનારા છે.**"

(સંદર્ભ : ઈર્શાદુલ કુલૂબ, ૩૭૮, મેઅતિન મન્કબત, પેજ–૧૬૧, મન્કબત#૮૬)

● ઈમામ મોહંમદ બાકિર (અ.) ફરમાવે છે, 'પયગમ્બરે પાક (સ.)એ ઈમામ અલી (અ.) તરફ નજર કરી અને ફરમાવ્યું, **<u>"તે ઈમામે મુબીન છે."</u>** અલ્લાહે તેમનામાં **<u>સમગ્ર મખ્લૂકાતનું ઈલ્મ</u>** મૂકેલું છે. (સંદર્ભ: તફસીરે બુર્હાન, પેજ–૮૮૬)

● ઈમામ અલી (અ.)એ પણ ફરમાવ્યું છે, "તમે મને ગુમાવી દો એ પહેલાં મને પૂછી લો, અલ્લાહ કસમ, **<u>જો તમે મને અત્યારથી લઈને કયામતના દિવસ સુધીનું પૂછશો તો પણ હું તમને તેની માહિતી આપીશ</u>** અને મને અલ્લાહની કિતાબ વિશે પૂછો, અલ્લાહ કસમ, તેમાં કોઈ આયત એવી નથી કે જેના વિશે હું જાણતો ન હોઉં, વળી, તે રાત્રે નાઝિલ થઈ કે દિવસે, મેદાનમાં નાઝિલ થઈ કે પર્વત પર તે પણ (જાણું છું)." (સંદર્ભ : જામેઉલ બયાન, તબરી, જિલ્દ–૨, પેજ–૫૬, H. ૫૨૭)

● ઈમામ અલી (અ.)એ તેમના ખુત્બાઓમાંથી એકમાં ફરમાવ્યું છે કે, "હું **જિબ્રઈલ (અ.)નો ઉસ્તાદ** છું, અને હું જ એક એવો છું કે જે **<u>મીકાઈલ (અ.)ને હુકમ કરું છું. હું ખિઝર (અ.) અને હારૂન (અ.)નો ઉસ્તાદ છું. હું મૂસા (અ.) અને યુશા બિન નૂનનો ઉસ્તાદ છું.</u>**" (સંદર્ભ : મશારિકુલ અન્વાર, કોકબ દુર્રી, નહજુલ અસરાર પ્રથમ આવૃત્તિ, પેજ નં. ૧૨૮ થી ૧૩૪)

→ તેથી જ્યારે જ્યારે આપણે ખિઝર (અ.) વિષે અને ભવિષ્યની બાબતોને જોઈ શકવાના તેમના ઈલ્મ વિષે વાંચીએ, ત્યારે ત્યારે આપણે **<u>આપણા</u>**

**<u>પયગમ્બર (સ.) અને ઈમામ અલી (અ.)ના ઈલ્મની મહાનતા</u>** વિષે વિચાર કરવો જોઈએ. **પયગમ્બર (સ.)ને અલ્લાહ (સુ.વ.ત.) દ્વારા શીખવવામાં આવ્યું હતું અને ઈમામ અલી (અ.)ને પયગમ્બર (સ.) દ્વારા શીખવવામાં આવ્યું હતું.** <u>પયગમ્બર (સ.) **મદીનતુલ ઈલ્મ**</u> છે જ્યારે <u>ઈમામ અલી (અ.) **બાબુલ ઈલ્મ** છે.</u> સૂરા યાસીનમાં ઈમામ અલી (અ.) નો **<u>ઈમામે મુબીન – સંપૂર્ણ ઈલ્મ ધરાવનાર</u>** તરીકે સંદર્ભ આપવામાં આવ્યો છે. સૂરા રઅદ, આયત–૪૩માં **<u>ઈમામ અલી (અ.)નો ફરીથી એવા વ્યક્તિ તરીકે સંદર્ભ આપવામાં આવ્યો છે કે જેમની પાસે કિતાબનું સંપૂર્ણ ઈલ્મ છે. તે માનવજાતના અને અલ્લાહની દરેક મખ્લૂકના ઉસ્તાદ છે, સિવાય પયગમ્બરે પાક (સ.).</u>**

બીબી મરયમ (અ.) વિષે કુરઆન કહે છે કે :

● ‘‘(અને જ્યારે ફરિશ્તાઓએ કહ્યું : અય મરયમ! બેશક, અલ્લાહે તમને પસંદ કર્યાં છે અને **તમને પાકીઝા બનાવ્યાં** છે અને **દુનિયાની સ્ત્રીઓના મુકાબલામાં તમને બરગુઝીદા બનાવ્યાં.**)’’

(સૂરા આલે ઈમરાન, આયત–૪૨)

બીબી મરયમને અલ્લાહ (સુ.વ.ત.) દ્વારા **દુનિયાની સ્ત્રીઓમાં બરગુઝીદા કર્યાં છે અને પાકોપાકીઝા બનાવવામાં આવ્યાં છે.** જો કે, તેઓ કોઈ પયગમ્બર ન હતાં, છતાં તેઓ પયગમ્બરોની માફક ફરિશ્તાઓને જોઈ શકતાં હતાં અને તેમની સાથે વાતો કરી શકતાં હતાં.

● ‘‘(દરેક વખતે કે જ્યારે તે (ઝકરિયા (અ.) (તેણીની) ઓરડીમાં તેણીને મળવા માટે પ્રવેશતા તો **તેઓ તેણીને રોજીના પૂરવઠા સાથે જોતા હતા. તેઓ કહેતા : “અય મરયમ ! આ તમારી પાસે ક્યાંથી (આવે છે) ?”** તેઓ જવાબ આપતાં, **“અલ્લાહ પાસેથી :** કેમ કે અલ્લાહ જેને ચાહે છે, તેને વિપુલ પ્રમાણમાં રોજી આપે છે.)’’

પયગમ્બર ઝકરિયા (અ.) બીબી મરયમને તેમની ઓરડીમાં કે જ્યાં તે પૂરાયેલાં રહેતાં, રોજી પૂરી પાડવામાં આવેલાં જોતા. તેના વિષે પૂછતા તો તેઓ જવાબ આપતાં કે અલ્લાહ (સુ.વ.ત.) તેમને એક અલાયદી ઓરડીમાં રહેતાં હોવા છતાંય રોજી પૂરી પાડે છે. તેઓ એક પસંદ થયેલાં પાક બીબી હતાં અને અલ્લાહ (સુ.વ.ત.) તેમને રોજી તેમ જ તેણીની ઈચ્છાઓને પરિપૂર્ણ કરવામાં મદદ કરતો હતો.

બીબી ફાતેમા (અ.) **<u>સૈયદતુન્નિસાઈલ આલમીન – બન્ને જગતની સ્ત્રીઓનાં સરદાર છે.</u>** તેમના માટે અને તેમની ઓલાદ માટે કુરઆન કહે છે :

● ‘‘(અલ્લાહ તો બસ એ જ ઈચ્છે છે, અય અહલેબૈત ! કે તમારાથી નાપાકીને દૂર રાખે અને **<u>તમને પાક કરે કે જેવો પાક કરવાનો હક છે.</u>**)’’

(સૂરા અહ્ઝાબ, આયત–૩૩)

પયગમ્બર (સ.)ના કથન અનુસાર ઉપરની પાકીઝગીની આયતમાં તેમનો અને ફાતેમા (અ.)ના પરિવારજનોનો સમાવેશ થાય છે. **<u>કુરઆનના કહેવા પ્રમાણે તેઓ સૌથી વધારે પાક બીબી હતાં. તેઓ પાકીઝગીનો નમૂનો હતાં.</u>** તેમની પાકીઝગી અને મહાનતાના કેટલાક સંદર્ભોનો ઉલ્લેખ નીચે મુજબ કરવામાં આવ્યો છે :

● પયગમ્બર (સ.)એ ફરમાવ્યું, ‘‘ફાતેમા **<u>જન્નતની</u>**

**<u>સ્ત્રીઓનાં સરદાર</u>** છે.''

(સંદર્ભ : સહીહ બુખારી, જિલ્દ–૩, કિતાબુલ ફાઝિલ, ફાતેમાના સદગુણોનું પ્રકરણ, પેજ–૧૩૭૪, સનન અલ તિરમિઝી, જિલ્દ–૩, પેજ–૨૬૬, કન્ઝુલ ઉમ્માલ, જિલ્દ–૧૩, પેજ–૧૯૩ અને બીજાં.)

● અનસ બિન માલિકની રિવાયત અનુસાર, પયગમ્બરે પાક (સ.)એ ફરમાવ્યું, ''ફાતેમા **બધી જ સ્ત્રીઓમાં સર્વશ્રેષ્ઠ** છે.''

● તેમની ઘણી બધી ફઝીલતોમાંથી આપણા પ્યારા પયગમ્બર (સ.) દ્વારા રિવાયત કરવામાં આવેલ આ ફઝીલત ફાતેમા (અ.)ના ચાહકો અને અનુયાયીઓ માટે ખૂબ રાહતરૂપ છે. પયગમ્બરે પાક (સ.)એ ફરમાવ્યું છે : ખરેખર, અલ્લાહ (સુ.વ.ત.)એ મારી દીકરી ફાતેમા અને તેમની ઓલાદ અને એ લોકો કે જેઓ તેમને ચાહે છે, તેમને જહન્નમની આગથી નજાત આપી છે, અને તેથી જ તો તેમનું નામ ફાતેમા રાખ્યું છે.''

(સંદર્ભ : કન્ઝુલ ઉમ્માલ, જિલ્દ–૬, પેજ–૨૧૯)

● હઝરત હુઝૈફાની રિવાયત પ્રમાણે, પયગમ્બરે પાક (સ.)એ ફરમાવ્યું, ''એક એવો ફરિશ્તો છે કે જે આજની રાત પહેલાં કદી ધરતી પર નીચે આવ્યો નથી, તેણે તેના રબ પાસે મને સલામ કરવા માટે અને **<u>મને એ ખુશખબરી</u>** આપવા માટે રજા માગી કે **<u>ફાતેમા (અ.) જન્નતની સ્ત્રીઓનાં સરદાર છે</u>** અને તેમના સંતાનો – **હસન (અ.) અને હુસૈન (અ.) જન્નતના જવાનોના સરદાર છે.**''

(સંદર્ભ : તિરમિઝી અલ જામીઉસ્સહીહ, ૫:૬૬૦#૩૭૮૧), નસાઈ, સનનુલ કુબરા તરીકે (૫:૮૦,૯૫#૮૨૯૮, ૮૩૬૫), મસ્નદ અહમદ બિન હમ્બલ (૫:૩૯૧), હકીમ, અલ મુસ્તદ્રક (૩:૧૬૪#૪૭૨૧, ૪૭૨૨) અને અન્ય)

અલ્લાહ (સુ.વ.ત.)એ તેમની દુઆને સાંભળી અને બીબી મરયમ (અ.)ને તેમની ઓરડીમાં રોજી મોકલી કેમ કે **તેઓ એક પાક બીબી** અને **દુનિયાની સ્ત્રીઓ ઉપર પસંદ પામેલાં હતાં.** અલ્લાહ (સુ.વ.ત.)એ ફાતેમા (અ.)ની બધી જ તમન્નાઓને પરિપૂર્ણ કરી જ હોવી જોઈએ કેમ કે **<u>તેઓ પાકીઝગીનો નમૂનો હતાં</u>** અને **<u>જન્નતની સ્ત્રીઓનાં સરદાર હતાં.</u>**

રૌઝતુશ્શોહદામાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે એક વાર ઈમામ હસન (અ.) અને ઈમામ હુસૈન (અ.) તેમની મા ફાતેમા (અ.)ની પાસે ઈદના પ્રસંગ માટે નવાં કપડાંની માગણી કરવા આવ્યા. પાક બીબીએ પોતાના રબ સમક્ષ દુઆ માગી જેથી તેમના બાળકોની માગણી અલ્લાહ સર્વશકિતમાન દ્વારા પૂરી કરવામાં આવે. તેની દુઆની થોડીક જ મિનિટોમાં, તેમણે બારણા ઉપર ટકોરા પડતા સાંભળ્યા. મુલાકાતીએ કહ્યું કે **<u>હું પયગમ્બર પાક (સ.) અને તેમના ઘરાનાનો દરજી છું</u>** અને **<u>તેમનાં નાનાં બાળકો માટે ઈદનાં થોડાં નવાં કપડાં લાવ્યો છું.</u>** પાછળથી, પયગમ્બરે પાક (સ.)એ બીબી ફાતેમા (અ.)ને એ બાબતનું સમર્થન આપ્યું કે **<u>અહલેબૈત (અ.)ના દરજી મહાન ફરિશ્તા જિબ્રઈલ (અ.) હતા</u>** અને **<u>તે જે કપડાં લાવ્યા હતા તે જન્નતનાં હતાં,</u>** તેનું આવું કરવાનો હુકમ અલ્લાહ (સુ.વ.ત.)એ આપ્યો હતો.

→ તેથી જ્યારે જ્યારે આપણે બીબી મરયમની પાકીઝગીની, તેમના પસંદ થયેલા મોભાની અને અલ્લાહ (સુ.વ.ત.)ની કુર્બતની અને તેમના ફરિશ્તાઓને જોવાની અને ફરિશ્તાઓ સાથે વાતો કરવાની બાબત વાંચીએ, ત્યારે ત્યારે આપણે **બીબી ફાતેમા (અ.)ની પાકીઝગીની મહાનતા ઉપર, તેમના અનુપમ મોભા ઉપર, તેમની અલ્લાહ સાથેની કુર્બત પર ચિંતનમનન કરવું જોઈએ,** અને **તેમના કુટુંબનો એ ફરિશ્તાઓ સાથેના સંબંધ કે જેમને અલ્લાહ દ્વારા તેમના નોકર બનવા પર ચિંતનમનન કરવું જોઈએ.**

અલ્લાહ (સુ.વ.ત.)ને પોતાના પ્રતિનિધિને પૃથ્વી પર મોકલવાની ઈચ્છા હતી તેથી તેણે આદમ (અ.)નું સર્જન કર્યું.

● "(યાદ રાખો, જ્યારે અમે ફરિશ્તાઓને કહ્યું કે આદમ (અ.)ને સજ્દો કરો તો તેમણે બધાએ સજ્દો કર્યો સિવાય ઈબ્લીસે કે જેણે ઈન્કાર કર્યો અને લા'નતને પાત્ર થયો, **અને આ રીતે તે કાફિર બની ગયો.**) (સૂરા બકરા, આયત–૩૪)

ઈબ્લીસે આદમ (અ.)ને સજ્દો કરવાનો ઈન્કાર કર્યો. આ રીતે તેણે હઝરત આદમ (અ.) ની શ્રેષ્ઠતાનો સ્વીકાર ન કર્યો અને **આ ઈન્કારે તેને કાફિર બનાવી દીધો.** આ પ્રસંગ માનવજાતના સર્જનના ઘણા સમય પહેલાં બન્યો. કુરઆને આ પ્રસંગનો ઉલ્લેખ જુદા જુદા સૂરાઓમાં ઘણી વખત કર્યો છે. **ઈબ્લીસ, કાફિર બન્યા પછી પણ,** અલ્લાહ (સુ.વ.ત.)ની તેની મખ્લૂક ઉપરની સર્વોપરી સત્તામાં તો ઈમાન ધરાવતો જ રહ્યો. કુરઆનમાં આ હકીકતને પુરવાર કરતી ઘણી બધી આયતો આવેલી છે. **ચોક્કસપણે આ પ્રસંગમાં એક સંદેશ રહેલો છે કે જે આપણા માટે આજના સંદર્ભમાં મળતો આવે તેવો છે કે જેના કારણે કુરઆનમાં તેનું ઘણી બધી વાર પુનરાવર્તન કરવામાં આવ્યું છે.**

છેલ્લી હજ પૂર્ણ કર્યા પછી આપ (સ.)ની વળતી મુસાફરી વખતે નીચેની આયતો પયગમ્બરે પાક (સ.) પર ગદીરે ખુમમાં નાઝિલ થઈ હતી :

● "(અય રસૂલ ! પહોંચાડી દો એને કે જે તમારા પર તમારા રબ તરફથી નાઝિલ કરવામાં આવ્યું છે; અને જો **તમે એવું ન કર્યું તો તમે તેનો કોઈ સંદેશો પહોંચાડ્યો જ નથી, અને અલ્લાહ તમને (લોકોના શરથી)** સુરક્ષિત રાખશે, ખરેખર, **અલ્લાહ કાફિરોને હિદાયત કરશે નહીં.)**" (સૂરા માએદા, આયત–૬૭)

ઉપરની આયત મુજબ પયગમ્બરે પાક (સ.) ને અલ્લાહ (સુ.વ.ત.) દ્વારા **મૌલા અલી (અ.) ની વિલાયતના સંદેશાની જાહેરાત** કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો. પયગમ્બરે પાક (સ.)એ આશરે ૧.૨ લાખ હાજીઓના મજમાની સામે મિમ્બર પરથી **'મન કુન્તો મૌલા ફ હાઝા અલીય્યુન મૌલા'ની જાહેરાત કરી અને આ રીતે મૌલા અલી (અ.)ની વિલાયતની જાહેરાત કરી દીધી.**

(સંદર્ભ : દુર્રે મન્સૂર, જિલ્દ–૨, પેજ–૨૯૮, ઈજિપ્ત, તફસીરે ફતહુલ કાદિર, જિલ્દ–૨, પેજ–૬૦, ઈજિપ્ત, તફસીરે ફત્હુલ બયાન, જિલ્દ–૩, પેજ–૮૯, ઈજિપ્ત, તફસીરે મઝહરી, જિલ્દ–૩, પેજ–૩૫૩, દારુલ ઈશા'ત કરાંચી, સવાએકે મોહર્રકા, પેજ–૪૦ અને ૧૨૦, સનને તિરમિઝી, જિલ્દ–૨, પેજ–૨૯૮ અને બીજી ઘણી)

જેમ આદમ (અ.)ની સર્વોચ્ચતાનો સ્વીકાર

કરવાનો ઈન્કાર કરીને <u>**ઈબ્લીસ કાફિર બની ગયો**</u> તેવી જ રીતે સૂરા માએદાની ઉપર દર્શાવેલી આયતના અંતમાં અલ્લાહ (સુ.વ.ત.)એ એ બાબતને સ્પષ્ટ કરી છે કે <u>**જે લોકો 'મન કુન્તો મૌલાહો ફ હાઝા અલીય્યુન મૌલા'ની હાકલનો ઈન્કાર કરે છે, અને મૌલા અલી (અ.)ની ઈમામતનો સ્વીકાર કરવાની ના પાડે છે, તેમને કાફિર ગણવામાં આવશે, અને તેમની હિદાયત કરવામાં નહીં આવે.**</u>

આ સંદેશાનું મહત્ત્વ કેવું છે તે બાબત એ હકીકત ઉપરથી ધારી શકાય તેમ છે કે જો પયગમ્બરે પાક (સ.) દ્વારા તેને લોકો સુધી પહોંચાડવામાં ન આવ્યો હોત તો એવું માની લેવામાં આવત કે <u>**જાણે તેમણે અલ્લાહ (સુ.વ.ત.)નો કોઈ સંદેશો પહોંચાડ્યો જ નથી.**</u>

બન્ને પ્રસંગો – આદમ (અ.)ને સજ્દો અને ગદીરે ખુમનો પ્રસંગ – આ બન્નેની બાબતમાં આપણા વહાલા આઠમા ઈમામ રઝા (અ.)એ ફરમાવ્યું છે :

● "**ગદીરના દિવસે અમીરુલ મોમિનીન અલી (અ.)ની વિલાયતનો સ્વીકાર કરનારા ઈમાનદારોની સરખામણી આદમ (અ.)ની આગળ સજ્દો કરી રહેલા <u>ફરિશ્તાઓ જેવી</u> જ છે, અને એ કે જેણે વિલાયતનો ઈન્કાર કર્યો તેની સરખામણી <u>શયતાન (ઈબ્લીસ)ના જેવી</u> છે.**

(સંદર્ભ : ઈકબાલ અલ અમાલ સૈયદ ઈબ્ને તાઊસ, પેજ–૪૬૫, અવાલિમ, જિલ્દ–૧૫, પેજ–૨૨૪)

→ વળી, આ એ બાબતને પણ સમજાવે છે કે ફરિશ્તાઓનો આદમ (અ.)ની આગળ સજ્દો કરવાનો પ્રસંગ અને એવું કરવાનો ઈબ્લીસનો ઈન્કાર – આનો કુરઆનની જુદી જુદી આયતોમાં વારંવાર કેમ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. <u>**અલ્લાહ (સુ.વ.ત.)એ આ આયતો અને વારંવાર ઉલ્લેખ દ્વારા આપણા ઉપર સંદેશાઓ મોકલ્યા છે કે આપણે ઈમામ અલી (અ.) અને તેમના વંશમાંથી ઉતરી આવેલા બાકીના ૧૧ ઈમામોની ઈમામતના મહત્ત્વ ઉપર ચિંતનમનન કરીએ જ્યારે જ્યારે આપણે કુરઆનમાં આ પ્રસંગ વાંચવા પામીએ.**</u>

કુરઆને પાક અનુસાર માટીમાંથી બનાવેલી પક્ષીના જેવી આકૃતિમાં રૂહ ફૂંકીને તેને જીવતી કરવાનું ઈલ્મ ઈસા (અ.)ને આપવામાં આવ્યું હતું. તેઓ રકતપિત્તના રોગીઓને અને જન્મજાત આંધળાઓને સાજા કરી દેતા હતા, આ રીતે **તેમને મડદાને જીવતું કરવાનો અને જે લોકો જીવતા હતા તેમની જિંદગીઓમાંથી પીડાને દૂર કરવાનો અધિકાર આપવામાં આવ્યો હતો.** અને તેથી જ તો **તેમને 'મસીહા' કહેવાતા હતા.** જ્યારે તેમના દુશ્મનોએ તેમને મારી નાખવાનો નિર્ણય કર્યો તો અલ્લાહ (સુ.વ.ત.)એ તેમને બચાવી લીધા અને સલામતી તરફ ઉઠાવી લીધા.

● "(કે તેઓએ (બડાઈપૂર્વક) કહ્યું, "અલ્લાહના રસૂલ અને મરયમના પુત્ર ઈસાને અમે કતલ કરી દીધો," – **પરંતુ તેમણે ન તો તેને કતલ કર્યો હતો કે ન તો તેને શૂળીએ ચડાવ્યો હતો,** પરંતુ તેમને એવું લાગે એવું કરવામાં આવ્યું હતું અને **તેઓ આ બાબતમાં અલગ અલગ મતથી જુદા પડતા હતા અને પુષ્કળ શંકાઓથી ભરેલા હતા. કોઈ (ચોકકસ) ઈલ્મ વગર, પરંતુ માત્ર અંદાજને અનુસરવાનો હતો, ચોકકસપણે તેમણે તેને મારી નાખ્યો ન હતો,**

**ના, <u>અલ્લાહે તેને પોતાની તરફ ઉઠાવી લીધો હતો;</u>** અને અલ્લાહ શકિતશાળી અને હિકમતવાળો છે.)''

(સૂરા નિસા, આયત–૧૫૭, ૧૫૮)

ઉપરની આયત કહે છે કે એ લોકો કે જેમણે એવો વિચાર કર્યો કે તેમણે ઈસા (અ.)ને કતલ કરી નાખ્યા છે અને શૂળીએ ચઢાવી દીધા છે, તેઓ ભૂલાવામાં હતા કેમ કે ઈસા (અ.) તો જીવતા છે અને અલ્લાહે પોતે જ તેમને સલામત જગ્યાએ ઉઠાવી દીધા છે. એ લોકો કે **જેઓ આ બાબતમાં માનતા નથી, તેઓ પૂરેપૂરા શંકાશીલ છે અને તેમના ઈમાન વિષે આ આયતમાં પ્રશ્ન પૂછાઈ રહ્યો છે.**

બસ, એવી જ રીતે, આપણા વહાલા **<u>૧૨મા ઈમામ – ઈમામ મોહંમદ મેહદી (અ.) જીવતા છે અને ગૈબતમાં છે.</u>** તેમનો જન્મ ૧૫મી શાબાન, હિ.સ.૨૫૫માં સામરાહ, ઈરાકમાં થયો હતો. જ્યારે તેમના વાલિદ – ઈમામ હસન અસ્કરી (અ.) ને હિ.સ.૨૬૦માં શહીદ કરી દેવામાં આવ્યા ત્યારે તેઓ ઈમામ બન્યા હતા. તેઓ જ્યારે ગૈબતમાં ગયા ત્યારે ફક્ત પાંચ વર્ષની ઉંમરના હતા. તેમની ગૈબતને ગૈબતુસ્સુગરા અને ગૈબતુલકુબરા એમ બે ભાગમાં વહેંચવામાં આવી છે.

પોતાની ગૈબતમાંથી ફરીથી જાહેર થવા માટે તેઓ અલ્લાહ (સુ.વ.ત.)ના હુકમની રાહ જોઈ રહ્યા છે. આપણે, તેમના ચાહકો અને અનુયાયીઓ, તેમની ફરીથી ઝુહૂર ફરમાવવાની ઉત્કંઠાપૂર્વક રાહ જોઈ રહ્યા છીએ અને નમાઝમાં એના માટે દુઆ માગીએ છીએ.

બીજી એક સમાનતા ઈસા (અ.) અને ઈમામ મેહદી (અ.) વચ્ચે છે, તે તેમના વંશની છે. બન્ને જણ ઈબ્રાહીમ (અ.)ના વંશમાંથી છે – ઈસા (અ.) ઈસ્હાક (અ.)ના અને ઈમામ મેહદી (અ.), ઈસ્માઈલ (અ.)ના. ઈસા (અ.)નાં વાલેદા – બીબી મરયમ – એ જમાનાનાં સૌથી પાક બીબી હતાં અને **દુનિયાની સ્ત્રીઓમાં ઉચ્ચ સ્થાનથી પસંદ કરવામાં આવ્યાં હતાં.** ઈમામ મેહદી (અ.)નાં દાદીમા, બીબી ફાતેમા (અ.) પણ **<u>પાકીઝગીનો નમૂનો</u>** અને **<u>જન્નતની સ્ત્રીઓનાં સરદાર</u>** હતાં. ઈસા (અ.) ના દાદા ઈમરાન હતા અને ઈમામ મેહદી (અ.) ના દાદા પણ ઈમરાન (અબૂ તાલિબ) (અ.) હતા.

● પયગમ્બર (સ.)એ ફરમાવ્યું છે : ''**મેહદી** અમારા ખાનદાનમાંથી છે, **<u>ફાતેમા (અ.)ના દીકરાઓમાંથી છે.</u>**''

(સંદર્ભ : અલ સવાએકે મોહર્રકા, પેજ–૨૩૭)

● એહમદ ઈબ્ને હમ્બલે પોતાની મસ્નદમાં આપણા પ્યારા પયગમ્બર (સ.)ની એક હદીસ નોંધી છે કે જે કહે છે : ''**અલ્લાહ મારા પરિવારમાંથી મેહદી (અ.)ને ગૈબતમાંથી** ઝુહૂર ફરમાવશે અને એ પણ બિલકુલ કયામતની નજીકમાં પછી ભલે ને દુનિયાની જિંદગીનો એક જ દિવસ બાકી રહ્યો કેમ ન હોય, અને **<u>તે દુનિયામાં અદ્લ અને ઈન્સાફ ફેલાવશે અને અત્યાચાર અને જુલ્મને નાબૂદ કરી દેશે.</u>**'' (મસ્નદ અહમદ ઈબ્ને હમ્બલ, જિલ્દ–૧, સફા–૯૯)

● સનન ઈબ્ને માજામાં આપણા પ્યારા પયગમ્બર (સ.)ની એક હદીસનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે અનુસાર પયગમ્બર (સ.)એ ફરમાવ્યું છે કે ''મારી અહલેબૈતમાંથી એક જણ આવશે અને **<u>દુનિયાને અદ્લ અને ઈન્સાફથી ભરી દેશે જેવી</u>**

**<u>રીતે કે તે અનૈતિકતાથી ભરેલી હશે.</u>** તેથી જે કોઈ તે (જમાના)માં પહોંચે તો તેણે તેમના તરફ આવવું જોઈએ ભલે ને બરફ પર ઘસડાતા ઘસડાતા આવવું પડે, કેમ કે તેમનામાં જ **અલ્લાહ (સુ.વ.ત.)નો ખલીફા – ખલીફતુલ્લાહ** – અલ મેહદી (અ.) છે.''

(સંદર્ભ : સનન ઈબ્ને માજા, જિલ્દ–૨, હદીસ#૪૦૮૨, તારીખે તબરી – અલ સવાએકે મોહર્રકા – અઝ ઈબ્ને હજર, પ્રકરણ–૧૧, વિભાગ–૧, પેજ–૨૫૦–૨૫૧)

● ઈમામ મૂસા કાઝિમ (અ.)એ ફરમાવ્યું છે: **''કાએમ (અ.) એ છે કે જે અલ્લાહ (સુ.વ.ત.)ના દુશ્મનોથી ધરતીને પાક કરશે, અને તે ધરતીને અદ્લ અને ઈન્સાફથી ભરી દેશે. <u>તે મારા જાનશીનોમાં પાંચમો છે.</u>** (પોતાની) જિંદગીના ભયથી તે ગૈબતમાં ચાલ્યો જશે.'' (સંદર્ભ : કમાલુદ્દીન, જિલ્દ–૨, સફા–૩૬૧, કિફાયતુલ અસર, પેજ–૨૬૫–૨૬૬)

● ઈમામ ઝૈનુલ આબેદીન (અ.)એ પોતાની સુંદર હદીસમાં ગૈબતના મહત્ત્વને સમજાવ્યું છે. આપ (અ.)એ ફરમાવ્યું, ''અમારા કાએમની ગૈબતના જમાનામાં અમારી વિલાયત ઉપર જે કોઈ સાબિત કદમ રહે છે તો અલ્લાહ અઝઝ વ જલ્લ તેને <u>બદ્ર અને ઓહદના એક હજાર શહીદોનો સવાબ</u> અતા ફરમાવશે.'' (સંદર્ભ : રિવાયત કરી છે અમને અહમદ બિન ઝિયાદ બિન જાફર હમ્દાનીએ, રિવાયત કરી છે અમને અલી બિન ઈબ્રાહીમ બિન હાશિમે પોતાના વાલિદે, તેમને બસ્તાન બિન મુર્રાએ, તેમને અમ્ર બિન સાબિતે, કમાલુદ્દીન અને તમામુમ નિમા, સફા–૬)

ઈસા (અ.) મસીહ હતા કે જેઓ તેમના અનુયાયીઓ અને ચાહકોના દુ:ખ દર્દોને દૂર કરતા હતા, તો **ઈમામ મેહદી (અ.) પણ મસીહા તરીકે આ ધરતીને જોર અને જુલ્મથી બચાવવા માટે ઝુહૂર ફરમાવશે. <u>તેઓ, જેની વાટ જોવાઈ રહી છે તેવા, દુનિયાને બચાવનારા છે</u>** કે જે તેને અદ્લ, ઈન્સાફ અને અમનથી ભરી દેશે.

➞ તેથી કુરઆનમાં જ્યારે જ્યારે આપણે ઈસા (અ.), તેમની શિફા આપવાની શકિત, અને તેમને સલામત સ્થળે ઉઠાવી લેવાયા તેની વાત પઢીએ ત્યારે **આપણે ઈમામ મેહદી (અ.)ના જીવન અને તેમની ગૈબત ઉપર ચિંતનમનન કરવું જોઈએ.** જે રીતે આપણે ઈસા (અ.)ની **સલામતીની** બાબતમાં શંકા કરતા નથી, તેવી જ રીતે **<u>આપણે ઈમામ મેહદી (અ.)ની ગૈબત વિષે પણ શંકા કરવી ન જોઈએ.</u>** અને એવું **ઈમાન** રાખવું જોઈએ **કે તે વાટ જોવાઈ રહી છે તેવા, શિફા આપનારા અને આ દુનિયાને બચાવનારા છે. <u>આ બાબતમાં કોઈ પણ પ્રકારની શંકા સિરાતે મુસ્તકીમને ગુમાવી દેવાની દિશામાં નુકસાનકારક બનશે, જેવી રીતે કે જેમણે એવું વિચાર્યું છે કે ઈસા (અ.)ને કતલ કરવામાં આવ્યા છે, તેઓ ગુમરાહ થઈ ગયા હતા.</u>**

નીચેની આયતમાં કુરઆન યાદ કરે છે ઈબ્રાહીમ (અ.)ની પોતાના દીકરા ઈસ્માઈલ (અ.) ને કુરબાની માટે રજૂ કરવાની તૈયારીને, અલ્લાહના હુકમ પ્રમાણે :

● ''(ખૂબ જ ચોકકસપણે આ તો ખુલ્લી કસોટી હતી. **<u>અને અમે ઝિબ્હે અઝીમ (મહાન કુરબાની) માટે તેને નકકી કરીને મુક્તિ આપી.</u>** અને **પાછળ**

**આવનારી પેઢીઓ માટે અમે તેની યાદને બાકી રાખી.)''** (સૂરા સાફ્ફાત, આયત–૧૦૬ થી ૧૦૮)

જ્યારે ઈબ્રાહીમ (અ.) પોતાના દીકરા ઈસ્માઈલ (અ.)ની કુરબાની માટે તૈયાર થઈ ગયા તો અલ્લાહ (સુ.વ.ત.)એ તેમની તત્પરતાને સ્વીકારી લીધી અને ઈસ્માઈલની જગ્યાએ એક જાનવરને મૂકી દીધું. આ **ઈબ્રાહીમ (અ.)**ની કસોટી હતી કે **<u>જેને મુલત્વી રાખવામાં આવી, એક ઝિબ્હે અઝીમ (મહાન કુરબાની) માટે.</u>** કુરબાનીનું આ નિખાલસ કાર્ય અલ્લાહ (સુ.વ.ત.)ને એટલું બધું ગમી ગયું કે **તેણે (અલ્લાહ (સુ.વ.ત.)એ) ઈબ્રાહીમ (અ.) અને ઈસ્માઈલ (અ.)ના આ કાર્યની પ્રશંસામાં આગામી પેઢીઓમાં તેને યાદગાર બનાવી દીધી.** દર વર્ષે ૧૦મી ઝિલ્હજના દિવસે મુસલમાનો કુરબાની તરીકે એ જાનવરને ઝુબ્હ કરીને આ કાર્યની યાદને તાજી કરી છે. આ દિવસને યૌમુન્નહ્ર – કુરબાનીનો દિવસ અથવા ઈદુલ અઝહા – કુરબાનીની ઉજવણી કહેવામાં આવે છે. આ દિવસે મુસલમાનો પોતાની હજ પૂરી કરે છે.

ઈદુલ અઝહાના બરાબર એક મહિના પછી, ૧૦મી મોહર્રમના દિવસે, ઈમામ હુસૈન (અ.)ના ચાહકો અને અનુયાયીઓ કરબલાના મેદાનમાં તેમના ખાનદાને આપેલી કુરબાનીને યાદ કરે છે. તેઓ તેમના તરસ્યા અને ભૂખ્યા બાળકો કે જેમને નિર્દયતાપૂર્વક કતલ કરવામાં આવ્યાં હતાં, તેમની અને સાથે સાથે તેમના ભાઈઓ, ભત્રીજાઓ, સ્વજનો અને અન્ય મિત્રોની શહાદતની યાદ મનાવે છે. તે (ચાહકો)માંના ઘણા તો આશૂરા દરમિયાન ઝિયારતના હેતુથી કરબલામાં એકત્ર થાય છે.

મેઅરાજુન્નબુવતમાં પેજ નં.૩૫ ઉપર એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ઉપરની આયતમાં જેનો સંદર્ભ આપવામાં આવ્યો છે તે **<u>ઝિબ્હે અઝીમ – મહાન કુરબાની ઈમામ હુસૈન (અ.) અને તેમના ઘરાનાની કુરબાનીનો સંદર્ભ આપે છે.</u>** આ રીતે આપણે ઈમામ હુસૈન (અ.) અને તેમના પરિવારની મહાન કુરબાનીને એવી જ રીતે યાદ રાખવી જોઈએ કે જેવી રીતે આપણે દર વર્ષે ઈસ્માઈલ (અ.)ની કુરબાનીને યાદ રાખીએ છીએ.

અલ્લાહ (સુ.વ.ત.)ને ઈમામ હુસૈન (અ.)ની મહાન કુરબાનીનું નિખાલસ કાર્ય ગમે છે, અને તેણે પાછળ આવનારી પેઢીઓ માટે ઈમામ હુસૈન (અ.)ની શહાદતની પ્રશંસામાં તેમની યાદને તાજી રાખવાનું, અને જે લોકો તેમની કબ્ર મુબારકની ઝિયારત માટે જાય છે, તેમને સવાબ આપવાનું વચન આપ્યું છે. **<u>જો આપણે ઈમામ હુસૈન (અ.)ની મહાન કુરબાનીને યાદ ન રાખીએ તો ઈદુલ અઝહાને મનાવવાનો હેતુ પણ વણઉકલ્યો જ રહે છે.</u>**

ઈસ્માઈલ (અ.)ની કુરબાનીને યાદ રાખવી તે હજની સંપૂર્ણતા માટેનો આવશ્યક ભાગ છે, અને **<u>આશૂરા દરમિયાન ઈમામ હુસૈન (અ.)ના રોઝાની ઝિયારત માટે મુલાકાત લેવી, તે હજ્જે અઝીમ – મહાન હજ સિવાય બીજું કંઈ નથી.</u>**

● રફ્ફાહે ઈમામ સાદિક (અ.)થી એક હદીસ રિવાયત કરી છે : ''જ્યારે ઈમામ હુસૈન (અ.)નો ચાહક ઈમામ હુસૈન (અ.)ના હકને ઓળખે છે,

અને ઈમામ હુસૈન (અ.)ની ઝિયારત માટે પોતાનું ઘર એવી પરિસ્થિતિમાં છોડે છે કે (તેના દિલમાં) કોઈ અભિમાન કે અહંકાર ન હોય, તો એક હજાર ફરિશ્તા તેની જમણી બાજુએ અને એક હજાર ફરિશ્તા તેની ડાબી બાજુએ તેના સંગાથે જાય છે. અને **તેને એવો સવાબ આપવામાં આવશે જાણે કે તે ૧૦૦૦ હજ અને ૧૦૦૦ ઉમરા કોઈ નબી સાથે અથવા પયગમ્બરના વસી સાથે બજાવી લાવ્યો હોય.**''

(સંદર્ભ : બિહારુલ અન્વાર, જિલ્દ–૧૦૧, સફા–૯૧, હદીસ–૩૩)

● ઈમામ સાદિક (અ.) રિવાયત કરે છે : ''અલ્લાહે ઈમામ હુસૈન (અ.)ની કબ્ર મુબારક પાસે કેટલાક ફરિશ્તાઓને નિયુકત કર્યા છે. **જ્યારે ઈમામ હુસૈન (અ.)નો ચાહક, ઈમામ હુસૈન (અ.)ની ઝિયારતનો ઈરાદો કરે છે તો અલ્લાહ તેના બધા જ ગુના માફ કરી દે છે.** જ્યારે તે ઝિયારત માટે જવા એક ડગલું ભરે છે, તો તે તેના ગુના ભૂસી નાખે છે. **તેના નેક આમાલની સંખ્યામાં વધારો થાય છે અને તે જન્નતમાં જવા માટે લાયક બની જાય ત્યાં સુધી તેમાં વધારો થતો રહે છે.**

(સંદર્ભ : વસાએલુલ મોહિબ્બીન, પેજ–૨૮૦)

● ઈમામ સાદિક (અ.)એ ફરમાવ્યું છે : ''(ઝિયારત દરમિયાન) ઈમામ હુસૈન (અ.)ના ઝાઈરના શરીર પરના પ્રત્યેક પરસેવાના ટીપામાંથી **અલ્લાહ ૭૦,૦૦૦** ફરિશ્તા પેદા કરે છે કે જે ઈમામ હુસૈન (અ.)ના ઝાઈરનાં કયામતના દિવસ સુધી ગુણગાન ગાતો રહે છે અને તેની મગ્ફેરત માટે દુઆ માગે છે.''


(સંદર્ભ : મુસ્તદ્રક, જિલ્દ–૨, સફા–૨૦૪)

➞ તેથી જ તો જ્યારે જ્યારે આપણે કુરઆનમાં ઈબ્રાહીમ (અ.)ની પોતાના દીકરા ઈસ્માઈલ (અ.)ની કુરબાની આપવાની મરજી વિષે પઢીએ તો **આપણે, ચૂકયા વગર, આપણા વહાલા ઈમામ હુસૈન (અ.), તેમનાં સંતાનો, તેમના કુટુંબીજનો અને મિત્રોની કરબલાના મેદાનમાં આપેલી મહાન કુરબાની ઉપર ચિંતનમનન કરવું જોઈએ.** જ્યારે જ્યારે આપણે ઈદુલ અઝહાના દિવસે કોઈ જાનવરની કુરબાની કરીએ તો આપણે **ઈમામ હુસૈન (અ.)ની કુરબાનીને** યાદ કરવી જોઈએ **કેમ કે આ કુરબાનીમાં ઈદુલ અઝહાનો હેતુ છુપાયેલો છે.**

➞ આવી નોંધ સાથે મને આ લેખનું સમાપન કરવાનું ગમશે કે જો આપણે અહલેબૈત (અ.)ના જીવન ચરિત્રો પર ચિંતનમનન ન કરીએ તો કુરઆન પઢવાનું બેકાર થઈ જાય છે. કુરઆનમાં ઉલ્લેખ પામેલા પસંદ પામેલા પયગમ્બરોના કિસ્સા **અહલેબૈત (અ.)ના જીવનચરિત્રોની રોશનીમાં જ સમજાય છે. અલ્લાહ (સુ.વ.ત.)એ તેમને નમૂના તરીકે સરખાવવા માટે, અનુસરણ કરવા માટે પેદા કરેલ છે.** અહલેબૈત અને કુરઆન એકબીજાનાં પૂરક છે અને આપણને સંપૂર્ણ હિદાયત પૂરી પાડે છે. એ કારણે જ તો આપણા પ્યારા પયગમ્બર (સ.) એ ફરમાવ્યું છે કે : ''**અહલેબૈતની મોહબ્બત**માં **ઈસ્લામની બુનિયાદ** રહેલી છે.'' (સંદર્ભ : કન્ઝુલ ઉમ્માલમાંથી મુન્તખબ, પેજ–૯૪) અને એટલે જ તો આપ (સ.)એ હદીસે સકલૈનમાં કુરઆનની સાથે અહલેબૈતનો સંદર્ભ આપી દીધો છે.

# ગડમથલ

**૨૮૭** **સંપાદન :** જાફરી આવાઝ (કાર્યાલય)




## આડી ચાવીઓ

(૧) ઈસ્લામમાં મનાઈ કરેલી બાબત (૩)
(૩) આગમન, આવવાની ક્રિયા (૩)
(૫) કેવળ, અલ્લાહ કરે, કદાચ (૨)
(૭) મરજી, ઈચ્છા (૨)
(૯) રસ્તો બતાવનાર, માર્ગદર્શક (૪)
(૧૩) ગણતરી, આવક જાવકની નોંધ (૩)
(૧૪) દીવો, દીપક (૩)
(૧૫) સહાયતા, સહાય (૩)
(૧૮) સહન કરવું તે, સહનશકિત (૪)
(૧૯) હરોળ, લાઈન (૨)
(૨૧) પ્રહાર, ફટકો મારવાની ક્રિયા (૪)
(૨૩) ખુદા ખાતર, ખુદા વાસ્તે (૩)
(૨૪) સકંજામાં રાખવું, પકડી રાખવું (૨)
(૨૬) ખરાબ, સારું ન હોય તેવું (૨)
(૨૭) અધ્યક્ષ, ઉપરી, નેતા (૪)
(૨૯) એક પયગમ્બરનું નામ (૨)
(૩૦) અધિકારી, ઓફિસર (૪)
(૩૧) આવશ્યક, લાઝિમ (૩)
(૩૩) છિદ્ર, કાણું, બાકોરું (૩)
(૩૪) ઘેન, મસ્તી (૨)

## ઊભી ચાવીઓ

(૧) તુચ્છ, પામર, નિર્માલ્ય (૩)
(૨) ચણેલી કબર (૩)
(૩) ઓલાદ, સંતાનો (૨)
(૪) દરવાજો, દ્વાર (૨)
(૬) યુવાની, યૌવન (૩)
(૮) ઝોહદ, તકવો કરનાર (૩)
(૧૦) નાચીઝ, હકીર, તુચ્છ (૨)
(૧૧) રુચિ, અભિરુચિ, ઈચ્છા (૪)
(૧૨) મદદ, સહાય (૪)
(૧૬) રણ, જંગલ (૨)
(૧૭) યજમાન, જમવાની દા'વત આપનાર (૪)
(૧૯) અવાજ (૨)
(૨૦) ભૂલી જવું તે (૪)
(૨૨) રણમેદાન, રણપ્રદેશ (૨)
(૨૩) પોતે, જાતે (૨)
(૨૫) અદ્રષ્ય, ગાયબ (૪)
(૨૭) મુસાફરી, પ્રવાસ (૩)
(૨૮) કોઈ ફળમાંથી બનાવેલ પ્રવાહી (૨)
(૨૯) મીઠું, મધુર (૩)
(૩૧) સોનું, સુવર્ણ (૨)
(૩૨) અહીં, અહીંયાં (૧)



સંગ્રહ કરી આપીશુ
આપના જીવનના
સુંદર સફરની કિંમતી ક્ષણોને...
ડીજીટલ ફોટોગ્રાફી, એચ.ડી. વિડીયોગ્રાફી,
લગ્ન પ્રસંગ, ફેમિલી ઈવેન્ટ્સ, કોર્પોરેટ, કર્મશિયલ,
હોટલ ફોટોગ્રાફી, ટેબલ ટોપ, વિડીયો એડીટીંગ,
આલ્બમ ડિઝાઈન અને દરેક પ્રકારના પ્રસંગો....
અલ-મુસ્વવીર સ્ટુડિયો
EM Studio
EL-MUSAVVIR®
STUDIO
સંપર્ક
કિફાયતઅલી યાસીનભાઈ પટેલ : ૯૮૩૩૧૮૮૬૨૭
અહેસાનઅલી મોહંમદઅલી સાલેહ : ૯૬૧૯૮૫૦૮૨૯
(મુંબઈવાળા)
વેબસાઈટ : www.el-musavvirstudio.com
ઈ-મેલ : info@el-musavvirstudio.com
f : www.facebook.com/elmusavvirstudio
૪૦૧, અલીયાબાદ એવેન્યુ, હૈદરીબાગની બાજુમાં, મકરબા રોડ, જોહાપુરા, અમદાવાદ-૩૮૦ ૦૫૫.

# ભાઈચારો

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે કે :

"ત્રણ વસ્તુઓ દરેક જમાનામાં પસંદગીપાત્ર રહી છે :

(૧) દીની ભાઈ કે જે ફી સબીલિલ્લાહ (અલ્લાહ ખાતર) મોહબ્બત કરતો હોય.

(૨) નેક પત્ની કે જે દીની કાર્યોમાં સ્નેહ અને સહકાર અને મોહબ્બત કરે.

(૩) હિદાયત પામેલો પુત્ર (કે જે આખેરતના ભાથામાં વધારો કરતો હોય.

જેણે પણ આ ત્રણેયને મેળવી લીધાં, તેણે દુનિયા અને આખેરતની ભલાઈ મેળવી લીધી, હા, એવા ભાઈચારાથી બચો કે જે લોભલાલચ, અથવા તારા ડર, અથવા તારા માલની લાલચ, અથવા ખાવાપીવાના હેતુથી તારી સાથે મોહબ્બત કરતો હોય.

મુત્તકી (પરહેઝગાર) લોકોને તારો ભાઈ બનાવ, ભલે ને તે જમીનના અંધકારોના દરિયામાં હોય, અને ભલે ને તારી આખી ઉંમર તેમની શોધમાં પસાર થઈ જાય. અલ્લાહની જમીન આવા લોકોથી ખાલી નથી. અલ્લાહે એવા લોકોને નબીઓ પછી સૌથી અફઝલ ગણ્યા છે. અલ્લાહ જ્યારે પોતાના બંદાઓ ઉપર ખૂબ જ મોટું ઈનામ આપે છે તો આવા લોકોની દોસ્તીની તોફીક અતા ફરમાવે છે. આનાથી વધીને કોઈ ઈનામ નથી."

અલ્લાહ તઆલા ફરમાવે છે :

"એ દિવસે મુત્તકી સિવાય દોસ્ત એકબીજાના દુશ્મન હશે."

(પારા–૨૫, સૂરા ઝુખરુફ, આયત–૬૭)

અને હું એવું સમજું છું કે આવા લોકોની દોસ્તીની ઈચ્છા કરનારો આ જમાનામાં શક્ય છે કે દોસ્ત વગરનો રહી જાય. શું તું જોતો નથી કે અંબિયાએ જ્યારે પણ દીનની દા'વતની શરૂઆત કરી છે, તો અલ્લાહે પહેલાં તો તેને સાચો દોસ્ત અને અમીન ભાઈ અતા ફરમાવ્યો છે, તેથી આવી જ રીતે અલ્લાહ તઆલા જેના પર પોતાનો ફઝલ કરે છે તો તેને પોતાના અવલિયા, અવસિયા, ઈમાનદાર અને અંબિયાની સોબત અતા ફરમાવે છે.

તેથી આના ઉપરથી તો સાબિત થઈ ગયું કે બન્ને દુનિયાઓમાં અલ્લાહની માઅરેફત પછી ફી સબીલિલ્લાહ (અલ્લાહ ખાતર) દોસ્તી અને ભાઈચારાથી વધીને જલીલુલ કદ્ર (મહા પ્રતિષ્ઠિત), પાકો પાકીઝા ઈનામ બીજું કોઈ નથી.

**ભાઈનું સન્માન અને મહાનતા :**

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું,

"દીની ભાઈઓનો આપસમાં મુસાફોહ, હકીકતમાં તેમની સાથે અલ્લાહની મોહબ્બતનો તોહફો છે. જ્યારે ઈમાનદાર ભાઈઓ મુસાફોહ કરે છે તો તેમના ગુના ખરી પડે છે, એટલે સુધી કે એકબીજાને અલવિદા કરે છે તો એવા થઈ જાય છે કે જાણે તેમની માતાઓએ આજે જ જણ્યા હોય (ગુનાઓથી પાક થઈ જાય છે). બન્ને એકબીજાથી જેટલા પ્રમાણમાં પ્યાર અને ઈજ્જત વધારે છે,

એટલા પ્રમાણમાં તેમના સવાબમાં વધારો થઈ જાય છે. બન્ને ઉપર વાજિબ છે એકબીજાને દીનના મસઅલા બતાવે અને નવી જાણકારી એકત્ર કરે કે જે અલ્લાહ તરફથી આવશ્યક છે. વળી, એકબીજાને દીનની મજબૂતી, અલ્લાહની રજામંદી અને સંતોષને પસંદ કરવાનું માર્ગદર્શન આપે. અલ્લાહની રહેમતની ખુશખબરી આપે, અલ્લાહના અઝાબથી ડરાવે, પોતાના ભાઈઓને હિદાયત પર હોવાની મુબારકબાદી આપે, એક બીજાને ઉપદેશ અને નસીહત આપે, અલ્લાહની ફરમાબરદારી તરફ એક બીજાનું માર્ગદર્શન કરે અને સારી તોફીક માટે અલ્લાહ તઆલા પાસે મદદ માગે.''

હઝરત ઈસા (અ.)ને પૂછવામાં આવ્યું કે આપે કેવી રીતે સવાર પસાર કરી ? તો તેમણે ફરમાવ્યું,

''હું મારી પસંદગી અનુસાર નફો મેળવી શકતો નથી, અને નુકસાનને દફે કરી શકતો નથી. અલ્લાહનો હુકમ બજાવી લાવવો અને મનાઈ કરેલી બાબતોથી રોકવું મારા પર ફરજ છે. તેથી હું મારા કરતાં વધારે મોહતાજ બીજા કોઈને જોતો નથી.''

ઓવેસ કરની (રઝી.અ.)ને પૂછવામાં આવ્યું કે આપે સવાર કેવી રીતે વીતાવી ? તો તેમણે ફરમાવ્યું,

''એવા માણસની સવાર કેવી હોય કે જે પોતાની રાતને જાણતો ન હોય અને રાત પડે છે તો સવારને ન જાણતો હોય ?''

અબૂઝરે ફરમાવ્યું,

''મેં અલ્લાહના શુક્રની સાથે સવાર પસાર કરી અને નફસની પણ ફરિયાદ કરું છું.''

નબીએ પાક (સ.)એ ફરમાવ્યું,

''જેણે સવાર (પસાર) કરી અને ગૈરુલ્લાહનો ઈરાદો કર્યો, તેની સવાર નુકસાન કરનારાઓની અને જાલિમોની સવાર છે.''



# ઈસ્લામ

## દીન, ઈતિહાસ અને સંસ્કૃતિ

લેખક : ડૉ. સૈયદ હુસૈન નસ્ર

અંગ્રેજીમાંથી અનુવાદ : મો.વલીમોહંમદ હાજી અને મો.નઝરહુસૈન ખાણશીયા (ઈલોલ તલાવ)

### પ્રકરણ – ૨ ઈસ્લામ : દીન તરીકે

**ઈસ્લામી માન્યતા મુજબ માનવજીવનમાં દીનની ભૂમિકા :**

અરબી ભાષામાં 'religion' (ધર્મ) માટે સૌથી અનુરૂપ શબ્દ 'અલ્-દીન' છે. 'religion' શબ્દ, લેટિન મૂળના 'religare' શબ્દ પરથી છે, જેનો અર્થ થાય છે 'જોડવું,' એટલા માટે તેનો સૂચિત અર્થ છે, આપણને અલ્લાહ સાથે જોડનાર. કેટલાક અરબી વ્યાકરણશાસ્ત્રીઓ અને કુરઆનના તફસીરકારોના મત મુજબ 'અલ્-દીન' શબ્દ 'અલ્-દૈન' માંથી આવ્યો છે, જેનો અર્થ થાય છે 'કર્ઝ.' તેથી અલ્-દીનનો અર્થ છે, આપણું કર્ઝ અલ્લાહને પાછું આપવું, અને આપણું સમગ્ર જીવન તેમાં પસાર કરી દેવું, કારણ કે આપણે ફક્ત વ્યક્તિગત નેઅમતો માટે જ અલ્લાહના કર્ઝદાર નથી, પરંતુ આપણું અસ્તિત્વ પોતે જ એક એવી ભેટ છે કે જેના માટે આપણે તેના ઋણી છીએ. સમજદાર મુસલમાન માટે સૌથી સ્પષ્ટ અને સંપૂર્ણપણે શંકા વગરની હકીકત એ છે કે આપણે પોતે કંઈ જ નથી, પરંતુ અલ્લાહ જ સર્વસ્વ છે, તથા આપણે પોતે કશાયની માલિકી ધરાવતા નથી, પરંતુ કુરઆનની નીચેની આયત મુજબ બધાનો માલિક અલ્લાહ છે : "અલ્લાહ ગની (તવંગર) છે, અને તમે મોહતાજ (ફકીર) છો." (સૂરા-૪૭, આયત-૩૮). આપણે આપણી અસલી ફિતરતમાં જ અલ્લાહના મોહતાજ છીએ; એટલે કે આપણે આર્થિક, સામાજિક, ભૌતિક કે શારીરિક રીતે જ અલ્લાહના મોહતાજ નથી, પરંતુ આપણા વાસ્તવિક વજૂદ માટે પણ તેના મોહતાજ છીએ. તેથી જ તો આપણે પોતે અને આપણી પાસે જે કાંઈ છે, તે બધું અલ્લાહનું જ છે, જેના માટે આપણે તેના કર્ઝદાર છીએ, અને તેની આ નેઅમતો માટે આપણે તેનો શુક્ર (આભાર) માનવો જ જોઈએ. ધર્મ અથવા દીન આ 'કર્ઝ'ની વાસ્તવિકતાની ભાવનાથી જુદો નથી, તેથી તો દીન સમગ્ર જીવનને આવરી લે છે, અને તે જીવનથી જુદો પણ નથી.

ઈસ્લામી દ્રષ્ટિકોણમાં દીનને જીવનના કોઈ ભાગ તરીકે અથવા તો કોઈ ખાસ પ્રકારની પ્રવૃત્તિ તરીકે જોવામાં આવતો નથી, જેવી કે કળા, ચિંતન, વેપાર, સામાજિક વાર્તાલાપ અથવા રાજકારણ, વગેરે. પરંતુ, તે તો એવું માળખું અને વિશ્વદ્રષ્ટિ છે કે જેના દાયરામાં આવી અને બીજી બધી જ માનવ પ્રવૃત્તિઓ, પ્રયત્નો, વિચારો અને સર્જનો થાય છે, અથવા તો થવાં જોઈએ. દીન તો જીવનરૂપી વૃક્ષનો વાસ્તવિક જીવનરસ (સત્વ) છે, તેમ જ એવું સંપૂર્ણ પર્યાવરણ પણ છે કે જેમાં આ વૃક્ષ વિકાસ પામે છે. ઘણી વાર કહેવામાં આવે છે કે ઈસ્લામ ફક્ત ધર્મ નથી, અહીં 'ધર્મ' શબ્દ તેના

આધુનિક અર્થમાં છે કે જેને આજની ધર્મનિરપેક્ષ (secular)[1] દુનિયામાં ફરીથી વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે, એવી દુનિયા કે જેમાં મોટા ભાગના લોકોની રોજિંદી ક્રિયાઓમાં ધાર્મિક જીવન ખૂબ ઓછો ભાગ રોકે છે. બલ્કે, ઈસ્લામ દીન તરીકે જીવન જીવવાનો સંપૂર્ણ તરીકો છે, એટલે તો ઈસ્લામ એવા કોઈ પણ ક્ષેત્રને માન્યતા જ આપતો નથી કે જે દીનના દાયરામાં ન હોય, અને એવી કોઈ પણ વાસ્તવિકતાને પણ સ્વીકારતો નથી કે જેને દીની અને દુન્યવી અથવા ધર્મનિરપેક્ષ એવા બે ભાગમાં વહેંચવામાં આવી હોય, અથવા તો આધ્યાત્મિક અને ભૌતિક એવા બે ભાગમાં વિભાજિત કરવામાં આવી હોય. 'secular' (ધર્મનિરપેક્ષ) અને 'profane' (દુન્યવી, અધાર્મિક, અપવિત્ર) જેવા શબ્દોનો અત્યારે જે અર્થ સમજવામાં આવે છે, એ જ અર્થમાં તેમનું ઈસ્લામી ભાષાઓના મૂળ સ્વરૂપોમાં ભાષાંતર કરવું શક્ય જ નથી. અત્યારે તેમના માટે આ ભાષાઓમાં જે શબ્દો વપરાય છે, તે તાજેતરમાં જ બનાવાયેલા શબ્દો છે કે જેમને સામાન્ય રીતે 'દુનિયાદારી'ની વિચારધારામાંથી ઉપજાવી કાઢવામાં આવ્યા છે કે જે દુનિયાદારી 'secular' અને 'profane' જેવી નથી. કુરઆન ઘણી વાર આ દુનિયાદારીનો ઉલ્લેખ કરે છે કે જે બીજી દુનિયા (અલ્-દુન્યા અને અલ્-આખેરત)ની કાયમી વાસ્તવિકતા સાથે સંપૂર્ણપણે વિરોધાભાસી છે, તેમ છતાં આ વર્ગીકરણને દીની અને દુન્યવી અથવા ધર્મનિરપેક્ષ જેવા વિભાજન જેવું ન જ સમજવું જોઈએ. કોઈ વ્યક્તિ સંપૂર્ણ દીની માહોલમાં દુન્યવી (સાંસારિક) હોઈ શકે છે કે જેમાં 'દુનિયાદારી'નું પોતાનું ધાર્મિક મહત્ત્વ છે, પરંતુ એ વ્યક્તિ આવા માહોલમાં ત્યાં સુધી ધર્મનિરપેક્ષ બની શકતી નથી, જ્યાં સુધી તે એવો દાવો ન કરે કે જીવનનાં કેટલાક ક્ષેત્રો દીન અને અલ્લાહથી સ્વતંત્ર છે. ઈસ્લામ એ બાબત ઉપર ભાર મૂકે છે કે દીનથી કોઈ પણ ક્ષેત્ર આઝાદ નથી, અને પરંપરાના અધિકારક્ષેત્રની બહાર કોઈ વસ્તુ કાયદેસર રીતે અસ્તિત્વ ધરાવી શકતી નથી, અહીં પરંપરાનો અર્થ દીન છે અને તે દીનના ઉસૂલોનો અમલ છે કે જે કોઈ ખાસ કોમના જમાનામાં અને તેના દુન્યવી ઈતિહાસમાં જોવા મળે છે. વધુમાં, ઈસ્લામ આ બધી સર્વગ્રાહી લાક્ષણિકતાઓનો દાવો ફક્ત પોતાના માટે જ કરતો નથી, પરંતુ સાચા દીન માટે પણ કરે છે.

એટલા માટે દીન સમગ્ર જીવનમાં સમાયેલો હોવો જોઈએ. દરેક ઈન્સાની નિય્યત અને અમલ છેવટે તો અલ્લાહ સાથે જ સંબંધિત હોવા જોઈએ કે જે પોતે આ બધાનો સ્ત્રોત છે. ઈન્સાની દુનિયા સહિત સમગ્ર કાઈનાતનો નિઝામ, અને એ બધી ખાસિયતો કે જે આ કાઈનાતમાં જોવા મળે છે, તે બન્ને અલ્લાહ તરફથી જ છે, તેથી જ તો તે અલ્લાહની કુદરત અને મરજીથી અલગ નથી, કે ન તો તેના વિવિધ નામો (અસ્માઉલ હુસ્ના)થી અને તેની સિફતોને જાહેર કરતી સ્પષ્ટ નિશાનીઓથી અલગ છે. દીન એટલા માટે જ છે કે તે ગાફિલ ઈન્સાનને આ રૂહાની હકીકત યાદ અપાવે, અને વધુ વ્યવહારિક સ્તરે સ્પષ્ટ હિદાયત પૂરી પાડે કે જેથી પુરુષો અને સ્ત્રીઓ અલ્લાહની મરજી મુજબ જીવન જીવી શકે, અને તેનો સર્વોચ્ચ મકસદ એ છે કે તેઓ અલ્લાહની વહેદાનિયતનું

[1] Secular : એવી વ્યક્તિ અથવા એવો સમાજ કે જે ધાર્મિક અને રૂહાની બાબતોને બદલે ભૌતિકતા સાથે જોડાયેલ છે, અને ધર્મના નિયમોને પોતાના માટે બંધનકર્તા માનતો નથી.

ઈલ્મ પ્રાપ્ત કરે તથા કઈ રીતે બધી જ વિવિધતાઓ છેવટે તો તે એકલાની જ સાથે સંબંધિત છે, તે અંગેનું ઈલ્મ પ્રાપ્ત કરી શકે, અથવા વધુ સાચી રીતે કહીએ તો ફરીથી પ્રાપ્ત કરી શકે. દરેક અમલ કે જે ઈન્સાન બજાવી લાવે, તથા દરેક વિચાર કે જે તેઓ તેમના દિમાગમાં વિચારે, અને દરેક વસ્તુ કે જે તેઓ બનાવે, તે બધું અલ્લાહથી જ સંબંધિત હોવું જોઈએ, અગર જો તેઓ વસ્તુઓની સાચી પ્રકૃતિ સાથે અને તેમની પોતાની જાત સાથે વફાદાર રહેવા માગતા હોય. ફક્ત દીન જ એવી હકીકત છે કે જે ઈન્સાની આલમ (તેના બધાં જ પાસાંઓ સહિત) અને અલ્લાહ વચ્ચે રહેલા સંબંધનો અહેસાસ કરાવી શકે છે. તેથી જ તો દીન માનવ જીવનમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે, ઈસ્લામી દ્રષ્ટિકોણ મુજબ એમ પણ કહી શકાય કે તેના સૌથી સાર્વત્રિક અને આવશ્યક અર્થમાં દીન પોતે જ જીવન છે. (ક્રમશ:)


## અલમદાર ટૂર
## (સિધ્ધપુર)

**હજ, ઉમરા અને ઝિયારત માટે**

ફેબ્રુઆરી – ૨૦૧૭માં ઉમરા ઝિયારત અને આગામી મોહર્રમમાં જવા ઈચ્છતા મોમિન ભાઈબહેનોએ નીચેના નંબર્સ પર સંપર્ક કરવા વિનંતી.

**::::: આયોજક :::::**

**રસૂલભાઈ (ખડીયાસણા) ૦૯૭૨૬૯ ૨૬૪૯૯**

**હસનભાઈ (કાકોશી) ૦૯૭૨૪૮ ૨૨૩૩૦**



## “ રઝા ટુર્સ ”



**અસ્સલામુન અલયકુમ**

**સલામ બાદ દરેક મોમીન ભાઈ-બહેનોને જણાવવાનું કે અમારૂ ગ્રૂપ તા. ૨૯-૯-૨૦૧૬ના રોજ ઈરાક-ઈરાન મોહર્રમ માટે રવાના થશે.**

**ઈન્શાઅલ્લાહ**

**મક્કા-મદિના ફકત ઉમરાહ અને મક્કા-મદિના તેમજ ઈરાક-ઈરાનની ઝીયારત માટે જે મોમીન ભાઈ-બહેનોએ જવાની ઈચ્છા હોય તેમણે અમારો સંપર્ક કરવો.**

**આયોજક :-**
- **અલીરજા નુરજીભાઈ કટલી(બાદરપુર)**
  **મો. ૦૯૯૨૪૫ ૫૪૬૫૪, ૯૦૫૪૨૮૬૬૨૧**
- **મહેદીઅલી ઈબ્રાહીમભાઈ પટેલ(સહાયક)(પીરોજપુરા)**
  **મો. ૦૯૮૧૯૩૦૦૪૨૯**

ASHISH
Bakery

SATISFACTION BEYOND EXPECTATION

# આશિષ બેકરી

રહેમુવાલા વે બ્રીજની પાસે, સીનીયર કોમ્પલેક્ષની સામે, દાણીલીમડા રોડ, અમદાવાદ.
ફોન નં : મો.: 8460066440, 9427838102

બ્રાન્ચ : દુકાન નં-૩, એહસાન પાર્ક, ગાંધી હોલની સામે, જુહાપુરા-સરખેજ મેઈન રોડ, અમદાવાદ.
મો.: 9428833429, 9925342429

- પફ
- બર્ગર
- કુકીઝ
- કેક
- ટોસ્ટ
- ખારી
- ક્રીમરોલ
- બ્રેડ
- બન
- પાવ
- નાન
- પીઝા રોટી

**અમારી નવીનતમ અને મોનોપોલી સ્પેશ્યાલીટી**
**◆ પીચ બટર, ડ્રાય કેક, કુકીઝ ◆**

**મોહર્રમના ન્યાઝના ઓર્ડર લેવામાં આવશે.**

**ડિસ્ટ્રીબ્યુટરની નિમણુક કરવાની છે.**

**નોધ : વધુ માહિતી માટે ઉપરના નંબરો પર સંપર્ક કરવો.**

**દરેક પ્રસંગના ઓર્ડર ઉપર પૂરતુ ધ્યાન આપવામાં આવશે.**

## મક્તૂલનામા

● સત ગુરૂ પીર મશાયખ વાચા ●

### બયાન નં.૭૩

**તબ દારૂલ અમ્મારા, ચલ શેહઝાદે આએ,**
**અને ગુલામ તો તીસ, એ સાથે રે લાએ.**

(ત્યાર પછી ઈમામ હુસૈન (અ.) ત્રીસ ગુલામોને લઈને દારુલ ઈમારા નામની જગ્યા ઉપર આવ્યા.)

**સો ગુલામકુ ડેવડી પર, લે ને બીઠાએ,**
**અને શેહઝાદે અંદર, સીધા રે સુણાએ.**

(ઈમામ હુસૈન (અ.)એ ગુલામોને ચોકી પર બેસવાનો હુકમ કર્યો અને આપ દરબારમાં ગયા.)

**તબ મરવાન સાથ, બેઠા વલીદ દેખાયા,**
**વે શેહઝાદેકુ દેખતે, બજા તાઝીમ રે લાયા.**

(ત્યારે મરવાનને વલીદની સાથે બેઠેલો જોયો. ઈમામ હુસૈન (અ.)ને જોઈને વલીદ તા'ઝીમ બજાવી લાવ્યો.)

**તબ શેહઝાદે આપસકી, ઠામ બેઠે રે સહી,**
**કયું મુઝે બોલાયા, બાત વલીદકુ કહી.**

(ત્યારે ઈમામ હુસૈન (અ.) પોતાની જગ્યાએ બેસી ગયા, અને વલીદને કહેવા લાગ્યા કે મને શા માટે બોલાવ્યો છે ?)

**તબ વલીદને સારા, વે કીયા રે બયાના,**
**અને બૈત કેરા સુખન, બીચ માંહી આના.**

(ત્યારે વલીદે તમામ હકીકતની વાત કરી, અને બૈઅતની વાત વચ્ચે કહી.)

**તબ શેહઝાદેને સુનકર, બાત મનમાં રાખી,**
**સો સોચ કેરી બાત, ના ખોલને દાખી.**

(ત્યારે ઈમામ હુસૈન (અ.)એ વાત સાંભળીને મનમાં રાખી, અને પોતાનો જે વિચાર હતો તે રજૂ ન કર્યો.)

**કહ્યા છુપી બૈત કરૂં, એ મુનાસીબ નાંહાં,**
**જયું કોઈ રે ના બુઝે, છુપી ઘરકે માંહાં.**

(જે કોઈ ન જાણે એવા છૂપા ઘરમાં બેસીને હું છુપી બૈઅત કરું તે યોગ્ય નથી.)

**ઉસ કાજે જબ સુબ્હકા, હોવે રે દંના,**
**અને બાત એ જાહેર, હોવે સબુકે મંના.**

(એટલા માટે જ્યારે સુબ્હનું અજવાળું થશે, અને આ વાત તમામની આગળ જાહેર થશે.)

**અને મોમિનુ કેરા, હોવે રે મેળાવા,**
**તબ મસલત કેરા, હોતા હે ચાવા.**

(અને મોમિનોનો મેળાવડો થશે તે સમયે બધાની સાથે મંત્રણા કરીને મારા દિલમાં જે ઈચ્છા હશે તે પ્રમાણે કરીશ.)

**કે મસલત દેખીએ, તબ કેસી હે દેખાતી,**
**વેસા કામ તબ કરૂંગા, કહી શેહઝાદેને બાતી.**

(તે સમયે બધાના વિચારો કેવા જાણવા મળે છે ત્યારે તે(બૈઅત)નું કામ કરીશ, તેવી વાત ઈમામ હુસૈન (અ.)એ કહી.)

**તબ વલીદકુ જુવાબ એ ખુશ બોત આયા,**
**એ સુન સુન મોમિનો, મન એતના લાયા.**

(ત્યારે વલીદને ઈમામ હુસૈન (અ.)નો જવાબ ઘણો પસંદ આવ્યો. આ સાંભળીને મોમિનો, મનમાં વિચાર કરો.)

**રે તુહી**

**હુવે દુરીજન કેરડે,**
**ચાકર હાકિમ જાન રે, ચાકર હાકિમ જાન;**
**જે ચાવે સોહી કરે,**
**આપ વે રેહમાન રે, આપ વે રેહમાન.**

નોકરો અને સરદારો દુશ્મનોના થઈ ગયા. અલ્લાહ રહમાનુર્રહીમ જે ઈચ્છે છે તે કરવાવાળો છે.

**બયાન નં.૭૪**

**જબ શેહઝાદેને જુવાબ, વલીદકુ દીતા,**
**તબ વલીદને જુવાબ, પસંદ રે કીતા.**

(જ્યારે ઈમામ હુસૈન (અ.)એ વલીદને જવાબ આપ્યો, ત્યારે વલીદને તે જવાબ ઘણો પસંદ પડ્યો.)

**ફીર વલીદને કહ્યા, તમે સિધારો ડેરે,**
**અને સુબાંકુ કદમ, તમે ધરીઓ સવેરે.**

(પછી વલીદે કહ્યું કે તમે તમારા ઘેર જાઓ, અને જ્યારે સવાર પડે ત્યારે તમે તશરીફ લાવજો.)

**ના હુઈ મતલબ, તબ મરવાન કેરી,**
**ઉસ કાજે રે બોલા, હે ગાભરા સવેરી.**

(મરવાનનો જે મતલબ હતો તે પૂરો ન થયો, એટલા માટે તે ગભરાઈને જલ્દીથી કહેવા લાગ્યો.)

**કહ્યા અમીર હુસેનસુ, ના મરૂવ્વત કરની,**
**કે ઉઝરકી બાત, ના કાનું માંહી સુણાની.**

(મરવાન વલીદને કહેવા લાગ્યો કે તું હુસૈન (અ.)ની શરમ ન ભર, અને તેમનું બહાનું પણ ન સાંભળ.)

**ડેરે ગએ પીછે હુસેન, હાથ આવે રે નાંહાં,**
**ઉસ કાજે હુસયનકુ, કર ભાગસી માંહાં.**

(ઘેર ગયા પછી હુસૈન (અ.) તારા હાથમાં આવશે નહીં તે કારણે તું હુસૈન (અ.)ને નજરકેદ કરી લે.)

**કે બૈત એ કબુલે, યઝીદ હો કેરી,**
**અને નહીં તો જુદા કર, સર તનથી સવેરી.**

(કે જો એ યઝીદની બૈઅત કબૂલ કરે તો બરાબર છે, નહીંતર તેમનું સર તનથી અલગ કરી દે.)

**એ મરવાને વલીદકુ, જબ કહી રે બાતી,**
**તબ ગુસ્સે માંહી આઈ, શેહઝાદેકી જાતી.**

(જ્યારે આ વાત મરવાને વલીદને કહી, ત્યારે ઈમામ હુસૈન (અ.) ગુસ્સામાં આવી ગયા.)

**તબ શેહઝાદે હુસેનને, નજર ફીરાઈ,**
**સો ગુસ્સેકી નજર, મરવાનકુ દેખાઈ.**

(ત્યારે ઈમામ હુસૈન (અ.)એ ગુસ્સામાં પોતાની નજર મરવાનને દેખાડી.)

**એ સુન સુન બાતી, પાક કરો આપ ઝાતી,**
**અને નેહસુ કહો, દન ઓર રાતી.**

(આ વાતો સાંભળી સાંભળીને તમારી જાતને પાક કરો અને મોહબ્બતથી રાતદિવસ કહ્યા કરો કે અલ્લાહ જ બાકી રહેવાવાળો છે.)

**રે તુહી**

**મરવાન દાવેસુ બોલીયા,**
**શેહઝાદેને સુનીયા કાન રે, શહેઝાદેને સુનીયા કાન;**
**નજર ફીરાઈ રીસસુ,**
**મરવાનકુ તબ જાન રે, મરવાનકુ તબ જાન.**

મરવાન જે દાવાથી બોલ્યો તે ઈમામ હુસૈન (અ.)એ સાભળ્યું, ત્યારે ગુસ્સામાં ઈમામ હુસૈન (અ.)એ તેના તરફ નજર કરી.

અઝ : અબુલ કલમ મુનીર ઝૈદી



હઝરત અબ્બાસ નામદાર (અ.)ના ત્રીજા ભાઈ અને ઉમ્મુલ બનીનના સૌથી નાના ફરઝંદનું આ જ નામ છે. નામોમાં કોઈ અઝમત કે ઝિલ્લત નથી હોતી. તેનું માધ્યમ કામ છે. કેટલાક લોકો અબ્દુર્રહમાનના નામને બૂરું સમજે છે, જો કે રહેમાનનો બંદો હોવું કોઈ આસાન કામ નથી. એ વાત જુદી છે કે અબ્દુર્રહમાન ઈબ્ને મુલ્જમે મલઊનના જેવું એક કામ કરીને તે નામને બદનામ કરી દીધું. હવે એક, ઉસ્માન ઈબ્ને અલી (અ.)ના નામના જેવું જ નામ છે કે જે પોતાના વ્યક્તિગત ગુણોના કારણે સંપૂર્ણ સૂરજની માફક પ્રકાશિત છે, અને જે જગ્યાએ તેમનો ઝિક્ર આવી જાય દિલ એમની તરફ ઝુકવા લાગે છે. જે વખતે તેઓ પેદા થયા તો જનાબે અમીર (અ.) પોતાના એક રિશ્તેદાર ભાઈ ઉસ્માન બિન મઝઊનના નામ ઉપરથી તેમનું નામ ઉસ્માન રાખ્યું અને દુનિયાને એ બાબત બતાવી દીધી કે જે નામ અમે રાખી દઈએ છીએ, તે રાખવામાં આવેલા નામથી વ્યક્તિને હંમેશાં નેકી, ઈજ્જત અને અઝમતની સાથે યાદ રાખવાનું માધ્યમ સાબિત થઈ જતું હોય છે, અને કોઈ જીભ તા'રીફ સિવાય તેનો ઝિક્ર કરતી નથી.

**પરવાનગી માટેની કાર્યવાહી :**

પોતાના બે ભાઈઓના ખૂનને અને માનવંતાં માના દૂધને કરબલાની જમીન ઉપર વહેતું જોઈને ઉસ્માન ઈબ્ને અલી (અ.)ની આંખોમાં દુનિયા અંધકારમય થઈ ગઈ. આ બાજુ પોતાના ભાઈ અને ઈમામની ખિદમત કરવાનો જોશ નસોમાં ખૂન બનીને દોડવા લાગ્યો. હઝરત અબ્બાસ (અ.) ને ગંજે શહીદાથી પાછા આવતા જોઈને રસ્તાની વચ્ચે કદમોમાં પડી ગયા અને હાથ બાંધીને અરજ કરી,

"અય શાહે દોઆલમના અલમદાર ! હવે તમારા આખરી ગુલામને પણ તમારા આકાના ફરતાં ફેરવીને મરવાની અને જીવ કુરબાન કરવાની પરવાનગી અપાવો. જ્યાં આપના બે જાંબાઝ આપના કદમોના કારણે શહાદતનો ગૌરવવંતો જામો શરીર પર ધારણ કરીને જતા રહ્યા, ત્યાં મને પણ એકાદ પોશાક અતા થઈ જાય, કેમ કે હું પણ આપનો જ ખાદિમ છું."

શાહના અલમદારે ફરમાવ્યું, "મને શા માટે શરમિંદો કરો છો ? એ બન્ને પણ મારા શાહઝાદાઓ હતા, અને તમે પણ મારી મહાનતાનો તાજ છો, એટલા માટે કે અલી મુર્તઝા (અ.)ના લાલ છો. હા, પરવાનગીની સિફારિશ કરવાનો મસઅલો બેશક મારી સાથે સંબંધિત છે, અને તેમાં તમને ઉતાવળ કેમ ન હોય, કેમ કે બાબે ખૈબરના વિજેતા પાસેથી શુજાઅતનાં જૌહર વારસામાં મેળવ્યાં છે."

**ઈમામની (અ.)ની હુઝૂરમાં :**

બન્ને ભાઈ મસ્તક ઝુકાવીને અને આગળ પગલાં ભરીને ઈમામ (અ.)ની ખિદમતમાં પહોંચી ગયા. હઝરત (અ.) પોતે પણ મોહબ્બતના જોશમાં થોડાં ડગલાં આગળ વધ્યા અને પોતે જ પહેલ કરીને ફરમાવ્યું,

'બસ, કંઈ કહેવાની જરૂર નથી. પોતાના સૂકાયેલા હોઠોને હલાવીને વધારે ન સૂકવી દો. જ્યારે કોઈને પણ રોકી શક્યો નથી તો તમને શા માટે રોકીશ ? હા, હા, જાઓ, અને કૌસર પર તરસને બુઝાવો.'' આટલું સાંભળતાંની સાથે જ ભાઈઓના ગમમાં પીળો પડી ગયેલો ચહેરો, પરવાનગીની ખુશીની હવાથી ગુલાબનું ફૂલ બની ગયો. ઝુકીને સલામ કરી અને એટલી ઝડપથી દુશ્મન ફોજ તરફ ઘોડાને ઉડાડતા ઉડાડતા પહોંચી ગયા, કે ''ઝોંકા થા હવાકા કે સનસે નિકલ ગયા'' અને તેમના મુકાબલામાં પહોંચીને આવી રીતે બોલવા લાગ્યા,

**સંબોધન :**

''હું ઉસ્માન છું અને શરાફત અને શુજાઅતનાં બેવડાં, બેવડાં જૌહર મારી ઝાતમાં ધરાવું છું, અલ્લાહના આખરી રસૂલ (સ.) અમારા પ્રતિષ્ઠિત કાકા હતા અને મને જમાનાના ઈમામ હુસૈન (અ.) જેવા આકાની ગુલામીનો શરફ પ્રાપ્ત થયો છે કે જે અમારા રસૂલ (સ.), અલી (અ.), હસન (અ.) પછી બાળકો, જવાનો અને વૃધ્ધોના સરદાર છે. અમારામાંથી કોઈની પણ તલવાર ચમકી તો માત્ર તેની ચમકે હક અને બાતિલના ચહેરાઓને અલગ અલગ કરીને રોશન અને બેનકાબ કરી દીધા, અને હકવાળા લોકો માટે અમારી તલવારો ઊંચી થવી જ એ કાર્યને કાપનારી દલીલ છે કે જેની વિરૂધ્ધ તે મ્યાનમાંથી બહાર નીકળી તે ટોળું ઈમાનના દાયરામાંથી બહાર હતું, અથવા બહાર થઈ ગયું છે અને તમારી કુફ્રાને નેઅમત જાહેર છે કે અલ્લાહની મૌજૂદા હુજ્જત અને આયતના વિરુધ્ધમાં પાંખો જમાવીને ઊભેલા છો, પરંતુ એ તમારા મહેમાન પણ છે. મહેમાન પણ વણબોલાયેલા નથી, તમારા બોલાવેલા આવ્યા છે. અરબની મહેમાનનવાઝી કે જે આ વર્ષની બીજી મોહર્રમના પહેલાં પહેલાં દુનિયામાં મશહૂર હતી, તે તમારા હાથે બદનામ થતી થતી આજે તો બદનામીના કલંકોથી તેનો દામન કાળો થઈ ગયો. અલ્લાહ અને રસૂલ (સ.) પર કદાચ તમારું ઈમાન હોય, પરંતુ આજે તો તેનો છાંટોય તમારામાં મોજૂદ નથી. જીભની નસીહત આજે તમારા ઉપર કારગર (સાબિત) ન થઈ તો હુજ્જત ખતમ કરીને અમારે તલવાર ઉઠાવવી પડી. જ્યારે તમે પોતાના કુફ્ર પર જામેલા છો તો શું અમે ઈમાનની રાહમાં પાછા હટી જઈશું ? સારું, હોંશિયાર થઈ જાઓ અને લશ્કરની જમણી પાંખને સંભાળી લો, કેમ કે ડાબી બાજુવાળા લોકોનાં મોઢાં તો એ બાજુ જ છે."

**જંગ :**

આટલું કહીને એટલો બધો જોરદાર હુમલો કર્યો કે સવારો માટે ઘોડાઓ પર બેસી રહેવાનું અશક્ય બની ગયું અને પાયદળવાળા અલગ અલગ થઈને રહી ગયા, એટલે સુધી કે આવી નાસભાગની પરિસ્થિતિમાં ખોલી બિન યઝીદ અલ અસ્બહીએ કે જે થોડે દૂર હતો, તેણે એક તીર એવી રીતે ફેંક્યું કે ઉસ્માનના મુબારક કપાળમાં ઘૂસી ગયું અને તેના સદમાથી ૨૧ વર્ષીય મુજાહિદ પોતાની અંતિમ ક્ષણોને પૂરી કરવા માટે ગરમ જમીન પર

પડી જઈને તરફડવા લાગ્યો. કેટલીક રિવાયતોમાં એવું પણ વર્ણન કરવામાં આવ્યું છે કે બની અબાન બિન દારમ કબીલામાંથી એક મલઊને દોડીને આ ઘાયલ થયેલાનું સર તનથી જુદું કરી લીધું. જો કે, જાલિમ અને જાહિલ કોમની બદનસીબી અને કઠોર દિલીથી તો આ કાર્ય કયાસ કરવા યોગ્ય નથી, પરંતુ તે હકીકતથી એ બાબત સાબિત છે કે ઈમામ હુસૈન (અ.)ની જિંદગીમાં કોઈ શહીદનું સર કાપી લેવાની હિંમત શિયાળ જેવી સિફતવાળા લોકોથી થઈ શકી નહીં, કેમ કે ખુદ ઈમામ (અ.) અથવા હઝરત અબ્બાસ (અ.) તરત જ અદરિકનીના અવાજો સાંભળીને લબ્બૈક કહેતા હતા. અને પછી બીજો સર તો કેવી રીતે ઉતારી શકે ? પરંતુ હા, જ્યારે જમાનાના ઈમામ હુસૈન (અ.)નું સર શરીરથી અલગ કરી દેવામાં આવ્યું તો બની હાશિમના દરેક શહીદના સર પર વબાલ આવી પડી અને ઈમામની તકલીદ લાઝિમ થઈ ગઈ.

હવે, ઉસ્માને પણ ઈમામ સિવાય પોતાના સગા ભાઈ અને અલમદારે લશ્કરને અવાજ આપ્યો. તેથી જનાબે અબ્બાસ ખોફનાક શેરની માફક ઝપટ્યા અને ભાઈની લાશ પર પહોંચીને ઉસ્માનના નિર્જીવ શરીરને ખાક અને ખૂનમાં રગદોળાયેલું જોયું.

આ નિરાશા ઉપજાવે તેવું મંઝર હતું કે ભાઈ છેલ્લી વાત પણ ભાઈને કહી ન શક્યો, એટલે સુધી કે મઝલૂમે કરબલા પણ તશરીફ લાવ્યા. હઝરત અબ્બાસ (અ.)ને આવી નિરાશાને લીધે વ્યાકુળ જોઈને ફરમાવ્યું,

"ભાઈ અબ્બાસ ! તમારા અને મારા પહેલાં બાબા અલી મુર્તઝા (અ.) અહીં પહોંચી ગયા હતા. એટલા માટે તો હવે ઉસ્માનને આપણી શું પરવા હોય એમની જ સાથે તેઓ જન્નતના રિઝવાનના રોઝાની સૈર કરવા માટે તશરીફ લઈ ગયા. હવે રૂહ ત્યાં કૌસરના જામથી સયરાબ થઈ રહી છે અને આપણા સંતોષ ખાતર શરીરને અહીં છોડીને ગયા. ચાલો, ગંજે શહીદામાં લઈ ચાલો, કેમ કે બે શેરોનાં પડખાં પોતાના શેરને શોધી રહ્યાં છે."

બન્ને ભાઈઓએ જવાનની લાશ ઘોડા ઉપર મૂકી. ફઝીલતવાળા કલમાની સાથે શુક્રનો કલમો જીભ ઉપર છે, કેમ કે કડીયલની લાશને સહારો આપવાવાળા બાવડાની શક્તિની મદદ સાથે છે, પરંતુ દિલનું ખૂન ખેંચાઈ ખેંચાઈને આંખોના ડોળાઓ સુધી આવે છે, પરંતુ ઈમામ (અ.) ફરી કોઈ સમય માટે તેને દિલની અમાનત બનાવી દે છે.


**બેસ્ટ ઈલેક્ટ્રીકલ**

::::::::: **ઓર્થોરાઈઝ ડીલર** :::::::::

વાયર કેબલ : જેનશન, પોલિકેબ, ફિનોલેક્સ, દર્શન, આર આર, રૂબિકોન
એમ.સી.બી. : ઈન્ડો એશિયન, એલ એન્ડ ટી, બિનટેક્સ, એચ.પી.એલ.
મોટર પમ્પ : હિતેશ, કિલોસ્કર, કોમ્પટ્રન, સર્જન
લાઈટીંગ : કોમ્પટ્રન, હેવલ્સ, ફિલિપ્સ, ઓસરામ, હેનોલેક્સ
ઈલેકટ્રીક એસેસરીઝ : હાઈફાઈ, ઓલવીન, પોઈન્ડર, વન્ડર, એન્કર

ઈલેક્ટ્રીકને લગતો તમામ માલ સામાન મળશે

૯૯૯૮૧૮૫૭૦૭ મહેદીહુસૈન મોમિન
૯૯૭૯૨૬૦૫૯૭ બાકરઅલી મોમિન

૧૩, ધનરાજ કોમ્પલેક્ષ, અંબિકા પેટ્રોલ પંપની સામે, પ્રકાશ ઓટોની બાજુમાં, ઉજાલા સર્કલ, સરખેજ, અમદાવાદ.

# જાફરી પંચાંગ

**ચાંદ દેખાય તે પ્રમાણે અમલ કરવો.**

| અંગ્રેજી તારીખ | ઈસ્લામી તારીખ | વાર | તા. ૧૬, માહે સપ્ટેમ્બર–૨૦૧૬ થી તા. ૧૫, માહે ઓક્ટોબર–૨૦૧૬ મુ.તા. ૧૩, માહે ઝિલ્હજ–૧૪૩૭ થી મુ.તા. ૧૩, માહે મોહર્રમ–૧૪૩૮ |
|---|---|---|---|
| સપ્ટેમ્બર | માહે ઝિલ્હજ | | |
| 18 | ૧૫ | રવિ | **વિલાદત : હઝરત ઈમામ અલી નકી (અ.)** |
| 19 | ૧૬ | સોમ | વફાત : જનાબે ઝૈનબ બિન્તે અલી (અ.) |
| 20 | ૧૭ | મંગળ | **ઉર્સ : પીર સૈયદ કાસમઅલી બાવા (રહે.), ધોળકા** |
| 21 | ૧૮ | બુધ | ઈદે ગદીર |
| 24 | ૨૧ | શનિ | **વિલાદત : પીર સૈયદ અલી સલામુદ્દીન (રહે.)** |
| 26 | ૨૩ | સોમ | શહાદત : તિફ્લાને મુસ્લિમ બિન અકીલ (અ.) |
| 27 | ૨૪ | મંગળ | **ઈદે મુબાહેલા * હઝરત અલી (અ.)એ હાલતે રુકૂઅમાં સાઈલને વીંટી આપી.** |
| ઓક્ટો.-2 | ૨૯ | રવિ | ગાંધી જયંતિ |
| 3 | માહે મોહર્રમ-૧ | સોમ | માહે અઝા શરૂ * હિજરી સન-૧૪૩૮નો પ્રારંભ * વીંછુડો બેસે ૦:૪૩ |
| 4 | ૨ | મંગળ | ઈમામ હુસૈન (અ.)નું કરબલામાં આગમન * વીંછુડો |
| 5 | ૩ | બુધ | હઝરત યૂસુફ (અ.)ને કૂવામાંથી બહાર કાઢવામાં આવ્યા * વીંછુડો ઉતરે ૧૩:૨૬ |
| 6 | ૪ | ગુરુ | હઝરત મૂસા (અ.)એ નીલ નદી પાર કરી. |
| 8 | ૬ | શનિ | **વિલાદત : પીર સૈયદ એહમદહુસૈન બાવા (રહે.)** |
| 9 | ૭ | રવિ | હઝરત અબ્બાસ અલમદારના અલમ મુબારક * ઈ.હુસૈન (અ.)ના ખૈમાઓમાં પાણી બંધ કરી દેવામાં આવ્યું. |
| 10 | ૮ | સોમ | જનાબે કાસિમ ઈબ્ને હસન મુજતબા (અ.)ના નિશાન મુબારક |
| 11 | ૯ | મંગળ | શબે આશૂરા * કતલની રાત * **દશેરા** |
| 12 | ૧૦ | બુધ | ઈમામ હુસૈન (અ.)ની શહાદત * યૌમે આશૂરા * શામે ગરીબાં * **તાજિયા** |
| 13 | ૧૧ | ગુરુ | અહલેહરમને કેદી બનાવ્યાં. * વફાત : પીર સૈયદ અલી ખાલિદ (રહે.) |
| 14 | ૧૨ | શુક્ર | ઝિયારત : ઈમામ હુસૈન (અ.) |
| 15 | ૧૩ | શનિ | વફાત : અલ્હાજ પીર સૈયદ મહેરહુસૈન બાવા (રહે.) |

## શું તમે આ જાફરી આવાઝ વાંચ્યું ?

## લ્યો ત્યારે, આપો આના જવાબ.

**સંપાદક : મોલ્વી કમ્બરઅલી દાવડા (કાટવાડ)**

(૧) રસૂલલ્લાહ (સ.) જંગે ખૈબરના વિજય પછી દુશ્મનોને કઈ કઈ સજાઓ કરી શકતા હતા ? (૨) માણસમાં કયા ત્રણ ગુણો હોય તો તે દુનિયા અને આખેરત બચાવી શકે છે ? (૩) બુધ્ધિશાળીઓ માટે શામાં અલ્લાહની કુદરતની નિશાનીઓ જોવા મળે છે ? (૪) સૌથી સાર્વત્રિક અને આવશ્યક અર્થમાં દીન શું છે ? (૫) વલીઅહદ પીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન જાફરી (મદ્દે.)ની શાયરીમાં કોને પધારવાનું કહેવામાં આવ્યું છે ? (૬) કુરઆન અને હદીસોના આધારે કયા કયા કારણોથી રોજીમાં વધારો થાય છે ? (૭) અલ્લાહે માનવજાતની રચના શા માટે કરી છે ? (૮) અલ્લાહની ઈબાદતોમાં કેન્દ્રસ્થાને શું છે ? (૯) સૌથી સહેલી અને શરીર માટે હલકી ઈબાદત કઈ છે ?

# રોજીમાં વધારો થવાના સબબ ભાગ-૪

**સંકલન : મોલ્વી ખાદિમહુસૈન (મોલીપુરવાળા)**

આપણી નજર રોજીમાં સતત વધારો થવાનાં ત્રણ કારણો તરફ ગઈ કે જેમાં આપણને કુરઆન અને હદીસ દ્વારા હિદાયત થઈ કે જો આપણે આપણી રોજીમાં વધારો કરવા ચાહતા હોઈએ તો આવાં કાર્યો વડે વધારો કરી શકીએ છીએ, જેમાનાં ત્રણ એ હતાં કે,

- ઈસ્તિગ્ફાર કરવાથી રોજીમાં વધારો થાય છે.
- નેઅમતોમાં શુક્રગુઝારી કરવાથી રોજીમાં વધારો થાય છે.
- ઈમાન અને તકવો ઈખ્તિયાર કરવાથી રોજીમાં વધારો થાય છે.

વધુ એક નજર કુરઆન અને હદીસ પર કરી લઈએ કે જે આપણને માર્ગદર્શન આપશે કે અન્ય કયાં કારણો છે કે જે આપણા માટે રોજીમાં વધારો થવા માટે કારણરૂપ છે.

1. આસમાનના નાઝિલ થયેલા હુકમોને અનુસરવાથી રોજીમાં વધારો થાય છે.

સૂરા માએદા, સૂરા-૫, આયત-૬૬ :

وَلَوْ أَنَّهُمْ أَقَامُوا التَّوْرَاةَ وَالْإِنجِيلَ وَمَا أُنزِلَ إِلَيْهِم مِّن رَّبِّهِمْ لَأَكَلُوا مِن فَوْقِهِمْ وَمِن تَحْتِ أَرْجُلِهِم ... ﴿٦٦﴾

*(અને જો તેઓ તૌરાત અને ઈન્જીલને, અને જે પણ કંઈ તેમના પરવરદિગાર તરફથી તેમની તરફ નાઝિલ કરવામાં આવ્યું, તેને કાયમ રાખતા તો તેઓ આસમાનથી અને જમીનથી રોજી ખાતા.)*

આ આયતમાં અલ્લાહ કહે છે કે તે લોકોને હું આસમાન અને જમીનથી રોજીમાં માલામાલ કરી દેતો, કયા લોકોને ? એ લોકોને કે જેઓ આસમાનથી નાઝિલ થયેલી બાબતોનું અનુસરણ કરનારા છે. એટલે કે અલ્લાહની વહી પર લબ્બૈક કહેનારા છે.

2. કર્ઝે હસના આપવાથી રોજીમાં વધારો થાય છે.

સૂરા બકરા, સૂરા-૨, આયત-૨૪૫ :

مَّن ذَا الَّذِي يُقْرِضُ اللَّهَ قَرْضًا حَسَنًا فَيُضَاعِفَهُ لَهُ أَضْعَافًا كَثِيرَةً .. ﴿٢٤٥﴾

*(કોણ છે કે જે અલ્લાહને કર્ઝ આપે કર્ઝે હસ્નાનું, કે જેથી તે (અલ્લાહ) વધારી દે તેના માટે ઘણો બધો વધારો ?)*

આ આયત બતાવે છે કે જે પણ કર્ઝ અલ્લાહને આપવામાં આવે છે, તેને અલ્લાહ અનેકગણું કરીને પાછું આપે છે. એટલે કે તેની રોજીમાં અનેક ઘણો વધારો થઈ જાય છે.

3. ઝકાત આપવાથી રોજીમાં વધારો થાય છે.

اَلْإِمَامُ عَلِيٌّ عَلَيْهِ السَّلَامُ: اَلزَّكَاةُ تَزِيدُ فِي الرِّزْقِ

*(ઈમામ અલી (અ.)એ ફરમાવ્યું, "ઝકાત આપવાથી તમારી રોજીમાં વધારો થાય છે.")*

4. બીજાઓને ખવવડાવાથી રોજીમાં વધારો થાય છે.

رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَآلِهِ: اَلرِّزْقُ أَسْرَعُ إِلَى مَنْ يُطْعِمُ الطَّعَامَ مِنَ

السّكِّيْنِ فِي السَّنَامِ

*(રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું, "જે બીજાઓને ખવડાવે છે તેમની પાસે ચપ્પુ ગોશ્તમાં જેટલું ઝડપથી ઉતરી શકે એના કરતાં વધારે ઝડપથી રોજી આવે છે.")*

અહીં બતાવવામાં આવ્યું છે કે ઝડપથી રોજીને પોતાની તરફ બોલાવવા માટે બીજાઓને ખવડાવવામાં ધ્યાન આપવામાં આવે તો તેની તરફ રોજી ઝડપથી આવે છે.

5. હંમેશાં તહારતની હાલતમાં રહેવાથી રોજીમાં વધારો થાય છે.

رَسُوْلُ اللهِ ﷺ لَمَّا قِيْلَ لَهُ: أُحِبُّ أَنْ يُّوَسَّعَ عَلَيَّ فِي الرِّزْقِ؟ قَالَ دُمْ عَلَى الطَّهَارَةِ يُوَسَّعْ عَلَيْكَ فِي الرِّزْقِ

*(રસૂલલ્લાહ (સ.)થી પૂછવામાં આવ્યું કે હું ઈચ્છું છું કે મારી રોજીમાં વધારો કેવી રીતે કરી શકાય ? આપ (સ.)એ તેના જવાબમાં ફરમાવ્યું, "હંમેશાં તહારતની હાલતમાં રહો તો તમારી રોજીમાં પુષ્કળ વધારો થશે.")*

6. સદકા આપવાથી રોજીમાં વધારો થાય છે.

رَسُوْلُ اللهِ ﷺ اَكْثِرُوْا مِنَ الصَّدَقَةِ تُرْزَقُوْا

*(રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું, "વધારે સદકા આપીને તમારી રોજીમાં વધારો કરો.")*

اَلْإِمَامُ عَلِيٌّ عليه السلام اِسْتَنْزِلُوا الرِّزْقَ بِالصَّدَقَةِ

*(ઈમામ અલી (અ.)એ ફરમાવ્યું, "સદકો આપીને રોજી મેળવવાની વ્યવસ્થા કરો.")*

7. પોતાના (ઈમાની) ભાઈ સાથે હમદર્દી રાખવાથી રોજીમાં વધારો થાય છે.

اَلْإِمَامُ عَلِيٌّ عليه السلام مُوَاسَاةُ الْأَخِ فِي اللهِ عَزَّوَجَلَّ تَزِيْدُ فِي الرِّزْقِ

*(ઈમામ અલી (અ.)એ ફરમાવ્યું, "પોતાના (ઈમાની) ભાઈ સાથે અલ્લાહ અઝઝ વ જલ્લ ખાતર હમદર્દી કરવાથી રોજીમાં વધારો થાય છે.")*

8. અમાનતદારી (ઈમાનદારી)પૂર્વક કાર્ય કરવાથી રોજીમાં વધારો થાય છે.

اَلْإِمَامُ عَلِيٌّ عليه السلام اِسْتِعْمَالُ الْأَمَانَةِ يَزِيْدُ فِي الرِّزْقِ

*(ઈમામ અલી (અ.)એ ફરમાવ્યું. "અમાનતદારી (ઈમાનદારી) પૂર્વક કાર્ય કરવાથી રોજીમાં વધારો થાય છે.")*

9. નિય્યતની ચોખ્ખાઈથી રોજીમાં વધારો થાય છે.

اَلْإِمَامُ عَلِيٌّ عليه السلام مَنْ حَسُنَتْ نِيَّتُهُ زِيْدَ فِيْ رِزْقِهِ

*(ઈમામ અલી (અ.)એ ફરમાવ્યું, "જે પોતાની નિય્યતમાં પ્રમાણિક હોય છે, તેની રોજીમાં વધારો થાય છે.")*

10. ઈમાની ભાઈ માટે છૂપી રીતે દુઆ કરવાથી રોજીમાં વધારો થાય છે.

اَلْإِمَامُ الْبَاقِرُ عليه السلام عَلَيْكَ بِالدُّعَاءِ لِإِخْوَانِكَ بِظَهْرِ الْغَيْبِ فَإِنَّهُ يَهِيْلُ الرِّزْقَ

*(ઈમામ બાકિર (અ.)એ ફરમાવ્યું, "તમારે તમારા ઈમાની ભાઈ માટે છૂપી રીતે દુઆ કરવી જોઈએ તો તમારા ઉપર રોજીની વર્ષા થશે.")*

11. પરિવાર સાથે નેકીથી વર્તવાથી રોજીમાં વધારો થાય છે.

اَلْإِمَامُ الصَّادِقُ عليه السلام مَنْ حَسَّنَ بِرَّهُ أَهْلَ بَيْتِهِ زِيْدَ فِيْ رِزْقِهِ

*(ઈમામ સાદિક (અ.)એ ફરમાવ્યું, "જે કોઈ*

*પોતાના પરિવાર સાથે નેકીથી વર્તે છે, તો તેની રોજીમાં વધારો થાય છે.")*

12. નેકી કરવાથી રોજીમાં વધારો થાય છે.

اَلْإِمَامُ عَلِيٌّ عَلَيْهِ السَّلَامُ إِنَّ الْبِرَّ يَزِيْدُ فِي الرِّزْقِ

*(ઈમામ અલી (અ.) ફરમાવે છે, "નેકી રોજીમાં વધારો જ કરે છે.")*

13. હુસ્ને ખુલ્ક (સુંદર ચારિત્ર્ય)થી રોજીમાં વધારો થાય છે.

اَلْإِمَامُ عَلِيٌّ عَلَيْهِ السَّلَامُ حُسْنُ الْخُلُقِ يَزِيْدُ فِي الرِّزْقِ

*(ઈમામ અલી (અ.)એ ફરમાવ્યું, "હુસ્ને ખુલ્ક (સુંદર ચારિત્ર્ય) રોજીમાં વધારો કરે છે.")*

**હવે, થોડી નજર એ તરફ પણ કરી લઈએ કે કેટલાંક કારણો એવાં પણ છે કે જેમનાથી રોજીમાં ઘટાડો થાય છે.**

1. મુસલમાન ભાઈને તેના હકથી વંચિત રાખવાથી રોજીમાં ઘટાડો થાય છે.

رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَآلِهِ مَنْ حَبَسَ عَنْ أَخِيْهِ الْمُسْلِمِ شَيْئًا مِّنْ حَقٍّ حَرَّمَ اللّٰهُ عَلَيْهِ بَرَكَةَ الرِّزْقِ إِلَّا أَنْ يَّتُوْبَ

*(રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું, "જે કોઈ પોતાના મુસલમાન ભાઈને તેના કોઈ હકથી વંચિત રાખે છે, તો અલ્લાહ તેના પર તેની રોજીની બરકત હરામ કરે છે ત્યાં સુધી કે જ્યાં સુધી તે તોબા ન કરી લે.")*

2. જ્યારે બંદો કોઈ ગુના આચરે છે ત્યારે રોજીમાં ઘટાડો થાય છે.

اَلْإِمَامُ الْبَاقِرُ عَلَيْهِ السَّلَامُ إِنَّ الْعَبْدَ لَيُذْنِبُ الذَّنْبَ فَيُزْوَى عَنْهُ الرِّزْقُ

*(ઈમામ બાકિર (અ.)એ ફરમાવ્યું, "ખરેખર જ્યારે બંદો કોઈ ગુના આચરે છે તો તેની રોજી તેને છેતરીને જતી રહે છે.")*

3. નાજાઈઝ તરીકાઓથી ધનદોલત મેળવવાથી રોજીમાં ઘટાડો થાય છે.

اَلْإِمَامُ الصَّادِقُ عَلَيْهِ السَّلَامُ كَثْرَةُ السُّحْتِ يَمْحَقُ الرِّزْقَ

*(ઈમામ સાદિક (અ.)એ ફરમાવ્યું, "નાજાઈઝ તરીકાઓથી ધનદોલત પ્રાપ્ત કરવાથી રોજીમાં કાપ આવી જાય છે.")*

4. મુસલમાન ભાઈ સાથે છેતરપિંડી કરવાથી રોજીમાં ઘટાડો થાય છે.

رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَآلِهِ مَنْ غَشَّ أَخَاهُ الْمُسْلِمَ نَزَعَ اللّٰهُ عَنْهُ بَرَكَةَ رِزْقِهِ، وَأَفْسَدَ عَلَيْهِ مَعِيْشَتَهُ، وَوَكَّلَهُ إِلَى نَفْسِهِ.

*(રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું, "જે પોતાના મુસલમાન ભાઈ સાથે છેતરપિંડી કરે છે, તો અલ્લાહ તેની રોજીમાંથી બરકત ખેંચી લે છે, અને તેના જીવનને વેરવિખેર કરી દે છે, અને તેને તેની ઝાતના હવાલે કરી દે છે.")*

આ રીતે જો જોવામાં આવે તો અનેક આયતો અને હદીસોમાં રોજીમાં વધારો થવાના અને ઘટાડો થવાનાં ઘણાં કારણો જોવા મળી શકે એમ છે, જો કે, આપણે તો અહીં ખૂબ જ મર્યાદિત આયતો અને હદીસોને જાણી છે આ સિવાય અન્ય ઘણી બધી આયતો અને હદીસો હશે કે જે અહીં આપણી સામે આવી નથી.

આપણે એમ કહી શકીએ કે આ બધી કૂંચીઓ છે, આપણી રોજીમાં વધારો કરવાની અને ઘટાડો થવાથી બચવાની, માટે આપણે આજીવન તેને યાદ રાખવી જોઈએ અને તેનાથી લાભ ઉઠાવવો

જોઈએ. આ વાતો માત્ર આપણી દુનિયાને જ આબાદ નથી કરતી, પરંતુ આપણી આખેરતને પણ આબાદ કરે છે.

અલ્લાહથી દુઆ માગીએ કે તે આપણને આ સિધ્ધાંતોમાં મક્કમ રાખે.

- આપણાથી થતી ભૂલોથી બચાવે.
- દુનિયાની સાથે સાથે આપણી આખેરતને પણ કામયાબ બનાવે.
- તેની અપરંપાર રોજી વડે આપણને નવાજે.
- જીવનમાં મોહતાજી, મુશ્કેલીઓથી બચાવે.
- આ રોજીને તેની ઈબાદત અને ઈતાઅતમાં મદદરૂપ બનાવે.
- હલાલ અને હરામની આપણને સમજ આપે.
- હંમેશાં હલાલ ખવડાવે અને હરામથી બચાવે, આમીન, યા રબ્બલ આલમીન !


# અમીન ટૂર્સ

**હજ - ઉમરા - ઝિયારત**

- ૨૦૧૬માં હજ તથા મોહર્રમ માસમાં ઈરાન, ઈરાક
- ૨૦૧૬માં ફેબ્રૂઆરી તથા એપ્રિલમાં ઉમરા ઝિયારતમાં જવા ઈચ્છનાર મોમિન ભાઈબહેનો માટે નોંધણી ચાલુ છે.

**આયોજક**

હાજી ગુલામમોહંમદ રસૂલભાઈ ધરખડ (બાદરપુર)

મો - ૯૯૭૯૦ ૨૮૫૩૦

મો - ૯૭૨૪૧ ૨૯૬૯૪

આપના સાથ અને સહકારથી અમારું નવીન સાહસ

FIESTA SWEETS

Sweets
Namkeen
Chocolates
Juice

મોબા. : ૯૮૯૮૫૯૦૫૨૪

ફોન : ૦૨૭૬૬ ૨૨૦૪૨૯

અમારે ત્યાં કેસર પેડા, થાબડી પેડા, મોહનથાળ, કાલા જામ, ગુલાબ જામુન, માવા ખાજા, બુંદી, મોતીચૂર, કાજુ કતરી, માવા બરફી, મલાઈ બરફી, ડ્રાયફ્રૂટ હલવો, સુગર ફ્રી અંજીર કતરી, ડ્રાયફ્રૂટ રોલ, અંજીર હલવો, કાજુ મલાઈ, પાટણના પ્રખ્યાત દેવડા, મુંબઈનો હલવો, બેકરી આઈટમ, ફરસાણ, ચોકલેટ, બિસ્કીટ, ફ્રેશ ફ્રુટ જ્યુસ, આઈસ્ક્રીમ, શ્રીખંડ, કેક તથા દરેક પ્રકારનું ડ્રાયફ્રુટ રીટેલ તથા હોલસેલ ભાવથી મળશે.

ન્યાઝના ઓર્ડર ઉપર ખાસ ધ્યાન રાખવામાં આવશે.

ફીયેસ્ટા સ્વીટ્સ, ૫-૬, દેવદર્શન કોમ્પલેક્ષ, રાજમહેલ રોડ, પાલિકા બજારની સામે, પાટણ-૩૮૪૨૬૫

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

મૌલાના ઓબયદુલ્લાહ અમૃતસરી દ્વારા સંપાદિત 'અર્જહુલ મતાલિબ'નો અનુવાદ

## જનાબે અમીર (અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### ઔલાદે સાલેહ

**જનાબ અમીર (અ.)ની બધા સહાબીઓના પહેલાં આંહઝરત (સ.)ની સાથે નમાઝ પઢવી.**

(૧) ઈબ્ને અબ્બાસ (રઝી.અ.) કહે છે કે જનાબે અલી (અ.)માં ચાર એવી બાબતો છે કે તેમના સિવાય બીજા કોઈનામાં નથી. તેઓ દરેક અરબી અને અજમીથી પહેલાં આંહઝરત (સ.)ની સાથે નમાઝમાં જોડાયા અને એવા માણસ છે કે આંહઝરત (સ.)ના દરેક જંગમાં તેમનો અલમ આપ (અ.)ની પાસે રહ્યો, તેમણે સખ્તીના દિવસોમાં આંહઝરત (સ.)ની સાથે રહીને સબ્ર કરી, અને આપ (અ.)એ આંહઝરત (સ.)ને ગુસ્લ આપ્યું અને કબરમાં ઉતાર્યા.

(૨) અનસ (રઝી.અ.) કહે છે કે જનાબે પયગમ્બર (સ.) સોમવારના દિવસે મબઊસ થયા અને મંગળવારના દિવસે જનાબે અમીર (અ.)એ આંહઝરત (સ.)ની સાથે નમાઝ અદા કરી.

(૩) અબૂ રાફેઅથી રિવાયત છે કે જનાબે રિસાલત મઆબ (સ.) ફરમાવતા હતા કે જનાબે ઉમ્મુલ મોમિનીન ખદીજતુલ કુબરા (રઝી.અ.)એ સોમવારના દિવસે નમાઝ પઢી અને હઝરત અલી (અ.)એ, લોકોમાંથી કોઈ વ્યક્તિ અમારી સાથે નમાઝમાં શામેલ થાય એ પહેલાં, મંગળવારના દિવસે નમાઝ પઢી.

(૪) અબૂ રાફેઅ (રઝી.અ.)થી રિવાયત છે કે આંહઝરત (સ.) ઈર્શાદ ફરમાવતા હતા કે સોમવારની સવારે મને નબુવ્વત આપવામાં આવી અને ખદીજા (રઝી.અ.)એ એ જ દિવસના પાછલા સમયમાં નમાઝ પઢી અને હઝરત અલી (અ.)એ મંગળવારના દિવસે નમાઝ પઢી, અલી (અ.)એ સાત વર્ષ અને ઘણા મહિના સુધી છુપા રહીને નમાઝ પઢી, એના પહેલાં કે કોઈ અમારી સાથે નમાઝ અદા કરે.

(૫) જનાબે અમીર (અ.)થી મન્કૂલ છે કે આંહઝરત (સ.)એ ફરમાવ્યું છે કે મારા પર સોમવારે નબુવ્વત નાઝિલ થઈ અને મંગળવારના દિવસે અલી (અ.)એ મારી પાછળ નમાઝ પઢી.

(૬) હુબા અરબીથી રિવાયત છે કે મેં જનાબે અમીર (અ.)ને એવું ફરમાવતા સાંભળ્યા છે કે હું તે પહેલો માણસ છું કે જે ઈસ્લામ લાવ્યો અને આંહઝરત (સ.)ની સાથે પહેલી નમાઝ અદા કરી.

(૭) ઝૈદ બિન અરકમ (રઝી.અ.)થી રિવાયત છે કે જનાબે અમીર (અ.)એ સૌથી પહેલાં આંહઝરત (સ.)ની સાથે નમાઝ પઢી.

(૮) અબાદ બિન અબ્દુલ્લાહ (સ.)થી રિવાયત છે કે જનાબે અમીર (અ.) ફરમાવતા હતા કે હું અલ્લાહનો બંદો અને તેના રસૂલનો ભાઈ અને સિદ્દીકે અકબર છું. મારા સિવાય એ વાતને કોઈ નથી કહી શકતું, સિવાય જૂઠ કહેવાવાળો. મેં સૌના કરતાં સાત વર્ષ પહેલાં નમાઝ પઢી.

(૯) ઈબ્ને અબ્બાસ અને જાબિર (રઝી.અ.) થી રિવાયત છે કે રસૂલલ્લાહ (સ.) ફરમાવતા હતા કે સાત વર્ષ સુધી ફરિશ્તાઓ મારા ઉપર અને અલી (અ.) ઉપર દુરૂદ પઢતા હતા અને તે એ કારણે હતું કે અલી (અ.) મારી સાથે નમાઝ પઢ્યા કરતા હતા, અને અમારા બન્નેના સિવાય બીજો કોઈ અમારી સાથે નમાઝ પઢવાવાળો ન હતો.

(૧૦) જનાબે અમીર (અ.)થી મરવી છે કે આપ (અ.) ફરમાવતા હતા કે મેં અલ્લાહની બંદગી, આ ઉમ્મતમાંથી કોઈ અલ્લાહની બંદગી કરે તેના, સાત વર્ષ પહેલાં કરી.

(૧૧) મુજાહિદ (રહે.અ.) ઈબ્ને અબ્બાસ (રઝી.અ.)થી રિવાયત કરે છે કે આ આયતે કરીમા (وَ اَقِيْمُوا الصَّلٰوةَ وَ اٰتُوا الزَّكٰوةَ وَ ارْكَعُوْا مَعَ الرّٰكِعِيْنَ) (સૂરા બકરા, આયત-૪૩) "અને તમે નમાઝ કાયમ કરો, અને ઝકાત આપો, અને રુકૂઅ કરનારાઓની સાથે રુકૂઅ કરો." જનાબે રસૂલે ખુદા (સ.) અને અલી (અ.)ની શાનમાં નાઝિલ થઈ છે, કારણ કે તે બન્ને સાહેબોએ પહેલાં નમાઝ પઢી છે.

(૧૨) અફીફ કિન્દી (રઝી.અ.) કહે છે કે એક પ્રસંગે જાહેલિયતના દિવસોમાં હું એક વખત મક્કા ગયો અને જઈને હઝરત અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલિબની પાસે રોકાયો. જ્યારે સૂર્ય ઊંચાઈએ પહોંચ્યો અને હું કા'બાની તરફ જોઈ રહ્યો હતો. એવામાં એક જવાને આગળ વધી આસમાન તરફ નજર ઉઠાવીને જોયું અને કિબ્લાની તરફ વધ્યો અને તેની તરફ મોઢું કરીને ઊભો થઈ ગયો પછી થોડી વારમાં એક છોકરો આવ્યો અને આ જવાનની જમણી બાજુ ઊભો થઈ ગયો. પછી એક ખાતૂન આવ્યાં કે જે આ બન્નેની પાછળ ઊભાં થઈ ગયાં. પછી તે જવાને રુકૂઅ કર્યું તો તે છોકરા અને ખાતૂને પણ તેની સાથે રુકૂઅ કર્યું, પછી તે જવાને રુકૂઅથી માથું ઊંચું કર્યું તો તે બન્નેએ પણ રુકૂઅમાંથી માથું ઊંચું કર્યું. પછી તેણે સજ્દો કર્યો તો તે બન્નેએ પણ સજ્દો કર્યો, મેં અબ્બાસને પૂછ્યું કે આ એક અનોખી વાત છે, અબ્બાસ કહેવા લાગ્યા કે તું જાણે છે કે આ જવાન કોણ છે ? મેં કહ્યું ના. અબ્બાસ કહેવા લાગ્યા, આ મોહંમદ (સ.) બિન અબ્દિલ્લાહ છે કે જે મારા ભાઈનો દીકરો છે, અને તને એ પણ ખબર થાય કે તે છોકરો અલી બિન અબી તાલિબ મારો ભત્રીજો છે, અને શું તું જાણે છે કે તે ખાતૂન કોણ છે ? મેં કહ્યું ના, તો અબ્બાસ કહેવા લાગ્યા, એ ખદીજા બિન્તે ખોવિલદ છે કે જે મારા ભત્રીજાનાં પત્ની છે. આ જવાને મને જણાવ્યું છે કે મારો પરવરદિગાર આસમાન અને જમીનનો પરવરદિગાર છે. તે જ તેમનો દીન છે અને આખી જમીન ઉપર તે ત્રણ વ્યક્તિઓ સિવાય કોઈ બીજો આ દીન ઉપર નથી. અલ્લામા જરીર તબરીએ આ શબ્દોને સ્પષ્ટતા આપીને કહ્યું કે જ્યારે અફીફ (રઝી.અ.) ઈસ્લામ લાવ્યા ત્યાર પછી તેમના દિલમાં ઈસ્લામનો ઘણો જ પ્રભાવ પડ્યો તો તે કહ્યા કરતા હતા કે કાશ !

હું પણ એ ત્રણની સાથે ચોથો હોત. અને અહમદ બિન હમ્બલે આ હદીસમાં અફીફ (રઝી.) તરફથી આ શબ્દો વધારીને રિવાયત કરી છે કે તે કહ્યા કરતા હતા કે તે દિવસે અલ્લાહ તઆલા મને ઈસ્લામ નસીબ કરત તો હું જનાબે અલી (અ.) પછી બીજા દરજ્જા પર હોત.

(૧૩) અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદથી રિવાયત છે કે જે પહેલી વાત હું રસૂલલ્લાહ (સ.) પાસેથી શીખ્યો છું તે આ છે કે એક વખત હું કામ માટે મારા બાળકો સાથે મક્કામાં ગયો. પછી અમે અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલિબની પાસે ગયા. તેઓ કા'બાની અંદર બેઠેલા હતા, અમે પણ તેમની પાસે બેસી ગયા, એટલામાં 'બાબે સફા'થી એક લાલ અને એક સફેદ રંગવાળા માણસ આવ્યા અને તેમના વાળ વાંકળિયા હતા કે જે કાનની બુટ્ટી સુધી હતા, તેમનું નાક ઊંચુ હતું, તેમના દાંત ઘણા જ સફેદ હતા, તેમની આંખો મોટી મોટી અને અત્યંત કાળી હતી, તેમની દાઢી ઘણી જ ઘટ્ટ હતી અને તેમના વાળની લકીર ખૂબ જ પાતળી હતી, હાથો પર ઘટ્ટી પડેલી હતી. તે ખૂબ જ સુંદર હતા. તેમની સાથે એક છોકરો અને એક બીબી હતાં જેમણે પોતાનું મોઢું છુપાવેલું હતું. આ જવાને આગળ વધીને હજરે અસ્વદનો બોસો લીધો અને તે છોકરોએ અને બીબીએ પણ બોસો લીધો, પછી તેમણે સાત વખત બૈતુલ્લાહના ફરતાં તવાફ કર્યો અને તેમની સાથે તે છોકરોએ અને બીબીએ પણ તવાફ કર્યો. મેં અબ્બાસથી પૂછ્યું કે અબુલ ફઝલ ! મેં તો તમારામાં આવો તરીકો ક્યારેય જોયો નથી, કદાચ કોઈ નવી વાત પેદા થઈ છે કે શું ? તેઓ કહેવા લાગ્યા કે આ મારા ભાઈના પુત્ર મોહંમદ બિન અબ્દિલ્લાહ (સ.) બિન અબ્દિલ મુત્તલિબ છે અને તે છોકરો અલી બિન અબીતાલિબ (અ.) છે અને તે બીબી ખદીજા બિન્તે ખોવિલદ, તે જવાનની પત્ની છે. અલ્લાહની કસમ, તે ત્રણ વ્યક્તિઓ સિવાય કોઈ બીજો આખી જમીન પર આ દીન ઉપર નથી.

MEHER LIBRARY &
JAFARI SEMINARY

**ગામ જમાઅતની લાઈબ્રેરી માટે તેમ જ વ્યકતિગત કિતાબો વસાવવા માટે**

શીઆ જાફરી મશાયખી મોમિન જમાઅતના ગામોની લાઈબ્રેરી માટે તેમ જ વ્યક્તિગત કિતાબો વસાવવા માટે મેહેર લાઈબ્રેરી દ્વારા માન્ય કરેલી અરબી, ઉર્દૂ અને ગુજરાતી કિતાબો જેવી કે કલર કોડેડ કુરઆન શરીફ, ૩૦ પારાની પેટી, તફસીરોની કિતાબો, હદીસોની કિતાબો, દુઆઓ અને ઝિયારતની કિતાબો, ગુજરાતી, ઉર્દૂ, અરબીની ડિક્ષનરી, ૪ થી ૧૪ વર્ષના બાળકો અને બાળકીઓ માટેની દીનિયાતો, ઉર્દૂ-અરબી શીખવા માટેની કિતાબો તથા જાફરીબાગ દ્વારા પ્રકાશિત અન્ય કિતાબો, કુરઆનની રહલ, વગેરે જેમણે વસાવવી હોય તેમણે મેહેર લાઈબ્રેરીનો સંપર્ક કરવો.

સંપર્ક : 02767 280 222 / 02767 280 333

નોંધ : જે કિતાબો મેહેર લાઈબ્રેરીમાં ઉપલબ્ધ નહીં હોય તેવી કિતાબો પણ મંગાવી આપવામાં આવશે.

## ખુશ ખબર... ખુશ ખબર... ખુશ ખબર...

**આપના સાથ અને સહકારથી અમારૂં નવિન સાહસ**

# he Honest ENTERPRISE

## નામે શો-રૂમ ચાલુ કરેલ છે.

**દરેક જાતની એલ.ઈ.ડી. લાઈટ, પેનલ લાઈટ, ટોર્ચ, મોબાઈલ એસસરીઝ, રમકડાં, બેલ્ટ, પાકીટ, પરફ્યુમ, ચશ્મા, કીચન, કટલરી-હોજીયરી તેમજ પાન-ગલ્લા, સ્ટોર્સને લગતી દરેક આઈટમ હોલસેલ ભાવથી મળશે.**









સ્થળ રોયલ કોમ્પલેક્ષ, હાઈવે રોડ છાપી, પટેલ હોટલની બાજુમાં, નવજીવન ઓટો પાર્ટસની પાછળ, છાપી-૩૮૫૨૧૦ જી.બ.કાં. (ઉ.ગુજરાત)

**અકબરઅલી એન. અઘારીયા મો. ૯૮૯૮૫ ૧૦૫૪૫**

Ref : Wayfaring (My search for Truth)

લેખન : અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.)

- **Truth and Information** (હકીકત અને માહિતી)

  False information is Truth presented in a wrong manner and therefore, is still not outside the domain of Truth. In fact, Truth is the All-Encompassing superset while information, whether true or False, is its subset.

  ખોટી માહિતી, ખોટી રીતે રજૂ કરવામાં આવેલી હકીકત હોય છે, અને તેથી તે હજુ સત્યના ક્ષેત્રની બહાર નથી હોતી. વાસ્તવમાં, હકીકત, બધાને ઘેરી લેતો હોય તેવો વિશિષ્ટ પ્રકારનો ઘટક છે, જ્યારે માહિતી, ભલે ને તે સાચી હોય કે ખોટી હોય, તે ગૌણ ઘટક છે.

- **Truth and Information** (હકીકત અને માહિતી)

  Truth, at times resides in the most unlikely corners of information. Needless to say that not all information is Truth but all information still needs to be sifted through in order to find yet undiscovered Truth.

  હકીકત, હંમેશાં માહિતીના સૌથી અસંભવિત ખૂણાઓમાં વસતી હોય છે. કહેવાની જરૂર નથી કે કંઈ બધી જ માહિતી હકીકત નથી હોતી, પરંતુ બધી જ માહિતીને હજુય ન શોધાયેલી હકીકતને શોધવાના હેતુથી હજુય ચારણીમાં ચાળવાની જરૂર છે.

- **Knowledge about Self** (પોતાની ઝાત વિષેનું ઈલ્મ)

  Studying your own self will limit your knowledge to your own experience and will not be a science as such. However, such a knowledge will surely make you all the wiser than the scientist who acquires knowledge by reading books and observing experiences of others rather than himself.

  પોતાની ઝાત વિષે અભ્યાસ કરવાની બાબત તમારા જ્ઞાનને તમારા પોતાના અનુભવ પૂરતું મર્યાદિત બનાવી દેશે અને તે વૈજ્ઞાનિક રીતે મેળવેલું જ્ઞાન નહીં બની શકે. જો કે, આવું જ્ઞાન તમને ચોક્કસપણે કોઈ એવા વૈજ્ઞાનિક કરતાં વધારે સમજદાર બનાવી દેશે કે જે પુસ્તકો વાંચીને અને પોતાના કરતાં બીજાઓના અનુભવોનું અવલોકન કરીને પ્રાપ્ત કરે છે.

- **Closeness to God** (અલ્લાહ તઆલાની કુર્બત)

  God is closer to you than your closest of friends. Interact with Him. It's more satisfying and fruitful than any other interaction.

  અલ્લાહ તઆલા તમારા સૌથી જિગરી દોસ્ત કરતાંય તમારી વધારે નજીક છે. તેની સાથે પરસ્પર અસર પેદા કરો. બીજી કોઈ પણ પરસ્પરની અસર કરતાં તે વધારે સંતોષ આપે તેવી અને ફળદાયી બાબત છે.

- **Education** (કેળવણી)

  If you think that uneducated people are worse than beasts or anything of that sort, your education has taught wrong lessons to you.

  જો તમે એવું વિચારતા હો કે કેળવણી ન પામેલા લોકો જાનવરો કરતાં અથવા તો એવા પ્રકારની કોઈ પણ વસ્તુ કરતાં વધારે ખરાબ છે, તો તમારી કેળવણીએ તમને ખોટા સબક શીખવ્યા છે.

- **Wisdom** (ડહાપણ / સમજણ)

  Wisdom is the art of observing Reality and presenting it accurately in words without letting your ego skew your description.

  વાસ્તવિકતાનું નિરીક્ષણ કરવાનું અને તમારા અહમને આડકતરી રીતે તમારા વર્ણનોમાં ઘૂસવા દીધા વગર તેને ચોકસાઈપૂર્વક શબ્દોમાં રજૂ કરવાની કળાનું નામ જ ડહાપણ છે.

- **Freedom and its Limits** (આઝાદી અને તેની મર્યાદાઓ)

  You will never know the limits of your freedom unless you explore your freedom, just the way you can never know how spacious a room is without entering it. However, there is a difference between exploring freedom and transgressing it, just the way there is a difference between walking around in a room and breaking through its walls.

  જો તમે તમારી આઝાદીની તલસ્પર્શી સમીક્ષા નહીં કરો તો તમે તમારી આઝાદીની મર્યાદાઓને કદી પણ જાણી શકશો નહીં, બરાબર એવી જ રીતે કે જેવી રીતે કોઈ ઓરડામાં પ્રવેશ કર્યા વગર તમે તે કેટલો વિશાળ છે તે કદી જાણી શકતા નથી. જો કે, આઝાદીની તલસ્પર્શી સમીક્ષા કરવી અને મર્યાદાનો ભંગ કરવો તે બન્ને વચ્ચે તફાવત છે, બરાબર એવી જ રીતે કે જેવી રીતે ઓરડાના ફરતે ફરવું અને તેની દીવાલો તોડી નાખીને અંદર ઘૂસવામાં તફાવત છે.

# કુરઆને મજીદના
# સૂરાઓનો પરિચય

**સૂરા નં.૧૦૯** **સૂરા કાફેરૂન**

આ સૂરામાં ૬ આયતો છે અને આ સૂરો મકકી સૂરો છે.

**કહી દે, અય બધા કાફિરો ! (૧)**

**હું ઈબાદત નથી કરતો જેની તમે ઈબાદત કરો છો, (૨)**

**અને નથી તમે ઈબાદત કરનારા જેની હું ઈબાદત કરું છું, (૩)**

**અને નથી હું ઈબાદત કરનારો જેની તમે ઈબાદત કરી, (૪)**

**અને નથી તમે ઈબાદત કરનારા જેની હું ઈબાદત કરું છું. (૫)**

**તમારા માટે તમારો દીન અને મારા માટે મારો દીન. (૬)**


કુરેશના કાફિરો ઉમય્યા બિન ખલફ, વલીદ ઈબ્ને મુગૈરા, વગેરે આંહઝરત (સ.)નો વિરોધ કરતા હતા. તેમણે આપ (સ.)થી એવી ઈચ્છા વ્યકત કરી કે જેની તમે ઈબાદત કરો છો તેની ઈબાદત અમે કરીએ, અને અમે જેની ઈબાદત કરીએ છીએ તેની ઈબાદત તમે પણ કરો. આમ કરવાથી જો અમે સાચા હોઈએ તો તમને ફાયદો પહોંચશે, અને જો તમે સાચા હો તો અમને ફાયદો પહોંચશે. તો તેના જવાબમાં અલ્લાહ તઆલાએ આ સૂરો નાઝિલ ફરમાવ્યો. અલ્લાહ પોતાના ઈલ્મથી જાણતો હતો કે આ લોકો ઈમાન નહીં લાવે અને કુફ્રની હાલતમાં જ મરશે, તેથી અલ્લાહે પોતાના હબીબને ફરમાવ્યું કે તેમને કહો કે અય કાફિરો ! જેની તમે ઈબાદત કરો છો તેની ઈબાદત હું નહીં કરું, અને હું જેની ઈબાદત કરું છું તેની ઈબાદત તમે નથી કરવાના. તમે તમારી જિંદગીમાં કદી પણ મારા રબની ઈબાદત નથી કરી અને કદી પણ કરવાના નથી.

ઉપરની આયતોમાં એક જ ઉચ્ચાર વારંવાર કરવામાં આવેલ છે તો એ એક વાત પર જોર આપવા માટે કરવામાં આવેલ છે. અબૂ શાકિર દેશાનીએ અબૂ જાફર અહવલને સવાલ કર્યો કે જો તે હિકમતવાળો હોય તો એક જ વાત વારંવાર કહે ખરો ? અબૂ જાફર આનો જવાબ આપી શકયા નહીં, તેથી તેઓ ઈમામ જાફર સાદિક (અ.)ની પાસે આવ્યા અને પૂછ્યું તો આપે જવાબ આપતાં ફરમાવ્યું કે આ સૂરામાં એક જ શબ્દ વારંવાર આવવાનું કારણ એ છે કે કુરેશીઓએ હઝરત રસૂલલ્લાહ (સ.)ને કહ્યું હતું કે આપ એક વર્ષ સુધી અમારા મા'બૂદની ઈબાદત કરો અને એક વર્ષ અમે તમારા મા'બૂદની ઈબાદત કરીએ, તેથી અલ્લાહે એવો જ જવાબ આપ્યો કે જેવો તેમનો સવાલ હતો.

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું કે હું તમને હિદાયતની રાહ બતાવવા આવ્યો છું, પણ જ્યારે તમે મારી વાતને માન્ય રાખતા નથી તો તમારા માટે

તમારો દીન છે, એટલે કે તમે જે દીન પર છો તેને છોડવાના નથી અને હંમેશાં શિર્ક કર્યા કરશો, અને મારા માટે મારો દીન છે જે અલ્લાહની તોહીદ છે જેને હું કદી પણ છોડવાનો નથી. આ આયતનો એ અર્થ નથી થતો કે તેમને કુફ્ર કરવાની છૂટ આપવામાં આવી છે, તેમ જ જિહાદની મનાઈ હોય એમ પણ નથી. કેટલાક કહે છે કે આ આયતમાં જે દીન આવ્યો છે, તેનો અર્થ હિસાબ અને બદલાનો છે, તેથી આ આયતનો અર્થ એમ થશે કે તમારા આ'માલનો બદલો તમારા માટે છે, અને મારા આ'માલનો બદલો મારા માટે છે.

જ્યારે આ સૂરો નાઝિલ થયો ત્યારે આંહઝરત (સ.)એ કાફિરોની સામે તિલાવત કરી તો તેઓ આંહઝરત (સ.)ને પોતાના મતમાં ભેળવવાથી નિરાશ થઈ ગયા, અને હઝરતને અને સહાબીઓને તકલીફ પહોંચાડવા લાગ્યા.








હઝરત અલી(અ.)ના ખુત્બાઓ, બોધવચનો, પત્રો, જવાબપત્રો, આદેશો, હુજ્જતો, દુઆઓ અને વસિયતોનો સંગ્રહ

# نهج الاسرار
# નહજુલ અસરાર

સંપાદક : મોલ્વી સૈયદ ગુલામહુસૈન રઝા

અનુવાદ : મો.કાસમભાઈ વિજાપુરા

### (૧) કુમૈલ ઈબ્ને ઝિયાદને નસીહત

(ગતાંકનું ચાલુ)

અય કુમૈલ ! શરીરની તંદુરસ્તીની નિર્ભયતા થોડા ખોરાકમાં અને થોડા પાણીમાં (રહેલી) છે.

અય કુમૈલ ! ઝકાતની અદાયગી મોમિનોની સાથે આશ્વાસન અને નિકટના લોકોની સાથે સિલે રહમ, માલમાં બરકતનું કારણ હોય છે.

અય કુમૈલ ! મોમિન સાથેની નિકટતાને વધાર, જેવું કે તે તારી સાથે કરે, અને મિસ્કીનને સદકો આપ.

અય કુમૈલ ! સાઈલને કદી રદ ન કર, જો કદાચ અડધી દ્રાક્ષ અથવા ખજૂરનો એક ટુકડો પણ આપી શકતો હોય તો એ આપવાથી રોકાઈ ન જા.

અય કુમૈલ ! સદકો અલ્લાહની પાસે તેના વળતરને વધારે છે.

અય કુમૈલ ! મોમિનનો સર્વશ્રેષ્ઠ શણગાર તવાઝોઅથી, તેની ખૂબસૂરતી, પાકદામની, અને તેની શ્રેષ્ઠતા, મહેરબાનીથી છે, અને તેની ઈજ્જત તેની વાતચીતથી જાહેર થાય છે.

અય કુમૈલ ! દેખાવ કરવાથી બચ. જ્યારે તું મૂર્ખાઓ ઉપર મોટાઈ બતાવવા ઈચ્છીશ તો ભાઈચારાને તોડી નાખીશ.

અય કુમૈલ ! જ્યારે તું અલ્લાહ ખાતર જંગ કરે તો કોઈનાથી સંબોધન ન કર, પરંતુ જે આકિલ (બુધ્ધિશાળી) નજરે પડે. આ એક જરૂરી બાબત છે.

અય કુમૈલ ! એ દરેક બાબતમાં મૂર્ખ છે, જેમ કે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે કે જાણી લો કે તે લોકો બેવકૂફ છે, પરંતુ તેઓ જાણતા નથી.

અય કુમૈલ ! દરેક સફમાં એક દિલેર હોય છે કે જે કોમથી બુલંદ હોય, તારે નાલાયક સાથે મુનાઝરો કરવાથી રોકાઈ જવું જોઈએ. અને જ્યારે તપાસને સાંભળી લે તો સહન કરી લે અને એ લોકોની સાથે થઈ જા કે જેમની અલ્લાહે તા'રીફ કરી હોય અને જ્યારે જાહિલ તેની સાથે વાત કરે છે તો તે કહે છે કે બસ, સલામ થાય.

અય કુમૈલ ! દરેક પરિસ્થિતિમાં સાચું બોલ, મુત્તકીનનો બોજો ઉઠાવ, ફાસિકોથી દૂર થઈ જા, મુનાફિકોથી કિનારો પકડી લે, ખરાબ દાનતવાળાની સાથે રહેવાનું ઈખ્તિયાર ન કર.

અય કુમૈલ ! મેળમેળાપ અને જાત મહેનત ખાતર જાલિમોના દરવાજા ન ખટખટાવતો અને તારે એમની મહેફિલો અને જલ્સાઓમાં હાજરી આપવાથી બચવું જોઈએ, કેમ કે તેનાથી અલ્લાહ તારા પર કોપાયમાન થશે.

અય કુમૈલ ! જ્યારે તું કોઈ હાજતથી તેમની

પાસે મજબૂર થઈને જાય તો અલ્લાહના ઝિક્રની રોશનાઈ કર, તેના ઉપર વિશ્વાસ કર અને તેમના શરથી અલ્લાહની પનાહ માગ, તેમનાથી રોકાઈ જા અને તેમના કાર્યોને દિલથી ન માન અને બુલંદ અવાજથી અલ્લાહની અઝમતને બયાન કર જેથી તે સાંભળે. પછી તે તને હેબતમાં નાખશે અને તું તેમના શરથી સુરક્ષિત રહીશ.

અય કુમૈલ ! અલ્લાહના બંદાઓમાં સૌથી વધારે પ્રિયપાત્ર એ છે કે જો તેને અને તેના અવલિયાને માન્યા પછી સહનશીલતાથી કામ લે, પાકદામન રહે અને સબ્ર ઈખ્તિયાર કરે.

અય કુમૈલ ! અગર કોઈ તારા રહસ્યથી વાકેફ ન હોય તો એમાં કોઈ વાંધો નથી. અય કુમૈલ ! તારી મોહતાજીને અને તારી બેકરારીને લોકો જોવા ન પામે. સવાબની ઉમ્મીદમાં ઈજ્જતની સાથે સબ્ર કર અને તેને ગુપ્ત રાખ.

અય કુમૈલ ! અગર તારો ભાઈ તારા રહસ્યથી વાકેફ થઈ જાય તો કોઈ વાંધો નથી.

અય કુમૈલ ! તારા ભાઈઓમાં ભાઈ એ છે કે જે દુઃખ અને તકલીફમાં સાથ ન છોડે, અને કોઈ ગુનામાં સપડાવાથી ખામોશ ન રહે, અને તને દગો ન દે જ્યારે કે તું તેનાથી સવાલ કરે. અને તારા કાર્યોને, હુકમોને ન છોડે એટલે સુધી કે તને માલૂમ થઈ જાય. અગર તે માલદાર હોય તો તું તેની સુધારણા કરે.

અય કુમૈલ ! મોમિન મોમિનનો આઈનો હોય છે, કેમ કે તે સહન કરે છે, તેની મોહતાજીને રોકે છે અને તેની હાલતને સહન કરી લે છે.

અય કુમૈલ ! મોમિન એકબીજાના ભાઈ ભાઈ છે. કોઈ વસ્તુ ભાઈ અને ભાઈ વચ્ચે પ્રભાવિત કરી શકતી નથી.

અય કુમૈલ ! અગર તું તારા ભાઈની સાથે મોહબ્બત ન કરે તો તું તેનો ભાઈ નથી. અય કુમૈલ ! મોમિન એ છે કે જે અમારા કોલ પ્રમાણે કરે છે, જેમણે અમારી સાથેના અહદને તોડ્યો, તેણે અમારી સાથે કોતાહી (કમી) કરી, અને જેણે અમારી સાથે કોતાહી કરી તે અમારી સાથે સંબંધિત ન થયો, અને જે અમારી સાથે નથી તે જહન્નમના નીચલા સ્થળે હશે.

અય કુમૈલ ! દરેક નીકળનારો કંઈને કંઈ કહેતો જ રહેતો હોય છે. અગર કોઈએ અમારા અમ્ર (કાર્ય) માં અમારી વિરુધ્ધ કંઈ કહ્યું તો તેને છૂપું રાખ, અગર તેં તેને જાહેર કર્યું તો તેને જાહેર કરવામાં તારા માટે તોબા નથી અને જ્યારે તોબા નહીં હોય, તને અલ્લાહની તરફ તોબા વગર જ પાછા ફરવું પડશે.

અય કુમૈલ ! આલે મોહંમદ (સ.)ના રહસ્યોને ઊઘાડાં કરવામાં અલ્લાહની તરફ તોબા વગર જ પાછા ફરવું પડશે.

અય કુમૈલ ! એ કે જે કંઈ તારા માટે ખુલ્લા મનથી કહે છે તું તેમને તાલીમ આપ સિવાય કોઈ મોમિનની માફક, બીજા કોઈને ન આપતો.

અય કુમૈલ ! અમારી હદીસો કાફિરોને ન શિખડાવતો, કેમ કે તે તેમાં વધારો કરી દેશે, તેથી તેની શરૂઆતમાં આ દિવસથી કે જે દિવસે તેમના ઉપર અઝાબ નાઝિલ થશે.

અય કુમૈલ ! તમને તમારા ભૂતકાળથી કંઈ ઉપાય નથી, અને જો તમે તેના પર વર્ચસ્વ જમાવી દો તો અમારા માટે તેનો કોઈ ઉપાય નથી.

અય કુમૈલ ! અલ્લાહ તમારા માટે દુનિયાની

અને આખેરતની નેકીઓ એકઠી કરી દેશે.

અય કુમૈલ ! તમને તમારા દુશ્મનોથી ફાયદો પ્રાપ્ત થઈ રહ્યો હોય તો, તમે તેમની ખુશીઓથી ખુશ થાઓ છો અને પીઓ છો જે તેઓ પીએ છે, અને ખાઓ છો એ, જે તે ખાય છે. અને તમે જાઓ છો ત્યાં, કે જ્યાં તેઓ જાય છે અને ઘણીવાર તમે તે નેઅમતો ઉપર વર્ચસ્વ જમાવી દો છો. ખુદાની કસમ, તેમનામાંથી કેટલાકને ખરાબ માલૂમ પડે છે, પરંતુ અલ્લાહ તમારો મદદગાર છે અને તેમને અપમાનિત કરવાવાળો છે. અને જ્યારે આવું થશે, ત્યારે અલ્લાહની કસમ, એ દિવસો તમારા હશે અને તમારા એ સાથીઓની પડતી થશે અને તેમને ખાવા માટે કંઈ નહીં મળે. અલ્લાહ તમારી સાથે છે અને તે તમારી જગ્યાએ પહોંચી નહીં શકે. અને તમારા દરવાજાઓને નહીં ખખડાવે અને તમારી નેઅમતોને નહીં મેળવે. તેઓ અપમાનિત થઈને રૂસ્વા થઈ જશે. તેઓ જ્યાં પણ રોકાશે, પકડાઈ જશે અને કતલ કરી દેવામાં આવશે.

અય કુમૈલ ! અલ્લાહ તઆલા અને મોમિનોનો તેના પર અને તેની સઘળી નેઅમતો પર શુક્ર અદા કરો.

અય કુમૈલ ! દરેક સખત મુશ્કેલી અને તકલીફમાં وَلَا حَوْلَ وَلَا قُوَّةَ إِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ આ તારા માટે સહેલું બનાવશે અને દરેક નેઅમત પર اَلْحَمْدُ لِلّٰهِ કહો, કેમ કે તેનાથી નેઅમતોમાં વધારો થશે, અને જ્યારે તારી રોજીમાં કમી થઈ જાય તો ઈસ્તિગ્ફાર કર, તો ખુદાવંદ રોજીમાં વધારો કરશે.

અય કુમૈલ ! જ્યારે શયતાન તારા દિલમાં વસવસો પેદા કરે તો કહે કે હું અલ્લાહથી પનાહ માગું છું કે જે ગુમરાહ શયતાનથી ખૂબ જ વધારે તાકાતવાન છે, અને પનાહ માગું છું મોહંમદ (સ.)થી દરેક બૂરાઈઓ માટે કે જે નકકી થઈ ચૂકી છે, અને હું પનાહ માગું છું અલ્લાહથી તમામ મનુષ્યો અને જિન્નાતના શરથી કે જે કાફી હોય ઈબ્લીસ અને શયતાનોથી બચાવવા કે જે એની સાથે હોય, અગર તે બધા જ ઈબ્લીસના જેવા જ કેમ ન હોય.

અય કુમૈલ ! તેમનું કામ દગો આપવાનું, નિફાક પેદા કરવાનું, બૂરાઈઓને મનપસંદ કરી દેખાડવાનું, વસવસાઓ પેદા કરવાનું, અને વિચારોને વિખેરી નાખવાનું છે. તે લોકો દરેક વ્યકિત પર ઈબાદત અને ગુનામાં તેમના મૂલ્ય અને કદર પ્રમાણે અને તેના કારણે વર્ચસ્વની સાથે કાબૂ મેળવી લેશે. (ક્રમશઃ)


એન. જી. કડીવાલા 9879097530



અનમોલ
ગાર્લિક સપ્લાયર્સ

છોલેલું લસણ
હાઈજેનિક (આધુનિક) રીતે મશીનમાં તૈયાર થયેલ

હોલસેલ ભાવથી હાજર સ્ટોકમાં મળશે.
8735873530

હોટલ – રેસ્ટોરન્ટ – કેટરર્સ – કેન્ટીન તેમજ પાર્ટી માટે ઓર્ડર લેવામાં આવે છે.

નોંધ : સામાજિક કે ધાર્મિક પ્રસંગોના જમણવારમાં વપરાતા છોલેલા લસણ માટે એડવાન્સમાં ઓર્ડર લેવામાં આવશે.

લસણ ફોલવાની ઝંઝટમાંથી મુક્તિ એટલે... અનમોલ ગાર્લિક

ઠે. નેશનલ સ્કૂલની સામે, સરખેજ રોડ, અમદાવાદ.

દર રવીવારે રજા રહેશે.

દીનમોહંમદ એ. સુણસરા
કમાલપુર (પાલનપુરવાળા)
મો. ૯૮૭૯૫૮૯૬૫૪

રહેમાનઅલી ડી. સુણસરા
મો. ૯૯૨૫૯૪૬૧૫૨

# નવજીવન સીલાઈ મશીન
# સેલ્સ & સર્વિસ




આપણી શીયા જાફરી મશાયખી મોમીન જમાત ના ભાઈઓ તથા બહેનોને જણાવતા આનંદ થાય છે. કે અમોએ વડનગર શહેરમાં બસ સ્ટેન્ડની સામે સીલાઈ મશીનની નવીન દુકાન ચાલુ કરેલ છે.

**દરેક કંપનીના નવા તેમજ જુના ઓટોઓઈલ તેમજ સાદા સીલાઈ મશીન લે-વેચ કરનાર.**

## સંતોષ કારક રીપેરીંગ કામ કરી આપવામાં આવશે.

(૬ મહીનાની વોરંટી સાથે)

★ નવા સિલાઈ મશીન મોટર ઓઈલ સોય બોબીન ડબ્બી વગેરે હાજર સ્ટોકમાં મળશે.
★ કોઈપણ સીલાઈ મશીનની ૨ વર્ષની અને મોટરની ૬ મહીનાની વોરંટી રહેશે
★ કોઈપણ જાતનું સીલાઈ મશીન ખરીદતા પહેલા અવશ્ય મુલાકાત લેશો અથવા ઉપરના નંબર પર સંપર્ક કરશો.

દુકાનઃ ભાગ્યોદય કોમ્પ્લેક્ષ,
બસ સ્ટેશનની સામે,વડનગર.

રહેઠાણઃકમાલપુર(કાણોદર)
દીનમહંમદ એ. સુણસરા

## યમનમાં આપેલા કાનૂની ફેંસલા

(ગતાંકનું ચાલુ)

(આ વિષે શેખ મુફીદ કહે છે)

અલ્લાહ તમને ચિંતન કરવાની સમજ આપે. જે સલાહ હઝરત અલી (અ.)એ આપી તે સર્વશ્રેષ્ઠ ફેંસલો સાબિત થયો, જ્યારે કે ત્યાં ભેગા થયેલા લોકો એક બીજાના અભિપ્રાયોમાં મતભેદ કરી રહ્યા હતા. અલ્લાહ તઆલાએ અમીરુલ મોમિનીન (અ.)ના ફેંસલાને કામયાબી આપી, અઘરામાં અઘરા કિસ્સાઓમાં આપ (અ.)એ મોટા મોટા મસઅલાઓને ઉકેલી દીધા, લોકો કપરા સમયમાં આપ (અ.)ની પાસે મદદ માગતા હતા, દીની મામલાઓમાં કોઈ મસઅલો આવતો તો આપના સિવાય બીજા કોઈનામાં એટલી આવડત ન હતી કે તેનો ઉકેલ લાવી શકે, એટલા માટે રસૂલલ્લાહ (સ.)ના બધા જ સહાબીઓ આપની પાસે મદદ માગવા આવતા હતા, કારણ કે આપ (અ.)ની પાસે ઈલ્મના ખજાના હતા, જે બાબમાં આપના મોઅજિઝાઓ બયાન કરવામાં આવ્યા છે, તેમાં એ વાતો ઉપર રોશની નાખવામાં આવી છે.

હઝરત ઉસ્માનની ખિલાફતના સમયમાં જે ફેંસલાઓ અમીરુલ મોમિનીન (અ.)એ આપ્યા હતા તેનો ઉલ્લેખ ટૂંકમાં કરવામાં આવ્યો છે :

**ઉસ્માન બિન અફ્ફાનની હુકૂમત દરમિયાન અમીરુલ મોમિનીન (અ.)ના ફેંસલા :**

(જે બાબતો નીચે આપવામાં આવી છે તે શીઆ અને ગેરશીઆ બન્ને ઈતિહાસવેત્તાઓએ લખી છે.)

(૧) એક ઘરડા માણસે એક સ્ત્રી સાથે લગ્ન કર્યા. તે સ્ત્રી હામેલા થઈ ગઈ, પરંતુ તે ઘરડા માણસે એવો દાવો કર્યો કે તેણે તે સ્ત્રી સાથે સહશયન નથી કર્યું અને હામેલા સ્ત્રી પર આરોપ નાખ્યો. આ મુકદ્દમાને હઝરત ઉસ્માનની સામે રજૂ કરવામાં આવ્યો, પરંતુ તેઓ ફેંસલો આપવાથી અસમર્થ થઈ ગયા. તેમણે તે સ્ત્રીને પૂછ્યું :

"શું તારા ઘરડા પતિએ કૌમાર્ય અવસ્થા દરમિયાન તારી સાથે એવો વહેવાર કર્યો હતો કે જેના લીધે તારું કૌમાર્ય ખતમ થઈ ગયું ?"

તે સ્ત્રીએ જવાબ આપ્યો : "ના."

ઉસ્માને હુકમ જારી કર્યો કે આને શરઈ સજા આપવામાં આવે.

ત્યારે અમીરુલ મોમિનીન (અ.)એ હસ્તક્ષેપ કર્યો અને કહ્યું, "સ્ત્રીને બે છિદ્રો હોય છે, એકમાંથી હૈઝની નાપાકી આવે છે અને બીજામાંથી પેશાબ આવે છે. એ વાત શક્ય છે કે આ ઘરડો માણસ આ સ્ત્રીની એકદમ નજીક રહ્યો હોય અને એનું વીર્ય

બહાર નીકળી ગયું હોય, પરંતુ કોઈ રીતે વીર્યનાં બિંદુઓ સ્ત્રીના હૈઝવાળા ભાગમાં દાખલ થઈ ગયાં હોય. આ જ કારણે આ સ્ત્રી હામેલા થઈ ગઈ. આનું હમલ આ ઘરડા માણસના કારણે છે.''

આપ (અ.)એ તે ઘરડા માણસને પૂછ્યું તો તેણે જવાબ આપ્યો કે,

''હું આ સ્ત્રીને છાતીએ લગાવીને મોહબ્બત કરી લેતો હતો અને સહશયન કર્યા વગર મારું વીર્ય બહાર આવી જતું હતું, મેં આના કૌમાર્યને ક્યારેય ખતમ નથી કર્યું.''

અમીરુલ મોમિનીન (અ.)એ કહ્યું કે આ જ વ્યક્તિના કારણે આ સ્ત્રી હામેલા થઈ છે. આના પેટમાં જે બાળક છે તે આ વ્યક્તિનું છે. મારો વિચાર છે કે આ વ્યક્તિને સજા આપવામાં આવે કે એણે ખોટો આક્ષેપ મૂક્યો છે.

ઉસ્માને અમીરુલ મોમિનીન (અ.)ના ફેંસલા માટે શરણાગતી સ્વીકારી લીધી.

(૨) એક બનાવ આવો પણ બયાન કરવામાં આવે છે કે એક વ્યક્તિની પાસે એક કનીઝ હતી અને તે બન્નેના સહવાસથી એક બાળકનો જન્મ થયો. ત્યાર બાદ તે વ્યક્તિએ તેની કનીઝને તેનાથી અલગ કરી દીધી અને તેના એક ગુલામની સાથે તેની શાદી કરી દીધી. પાછળથી તે માણસ (માલિક) મરી ગયો. જો કે, જે માલિક હતો તેના બાળકની માતા તે કનીઝ હતી તે જ આધાર પર તે કનીઝ આઝાદ થઈ ગઈ અને બાળકને પિતાના વારસામાંથી ભાગ મળ્યો. થોડાક સમય પછી તે બાળક પણ મરી ગયું, બાળકને વારસામાં તેના બાપ તરફથી જે સંપત્તિ મળી હતી તેની હકદાર તે સ્ત્રી (કનીઝ) થઈ ગઈ. તે વ્યક્તિ (માલિક)ની સંપત્તિમાં ગુલામ પણ શામેલ હતો અને તેમાંથી એક ગુલામ સ્ત્રીનો પતિ હતો. તે સ્ત્રી અને તેનો પતિ (ગુલામ) બન્ને હઝરત ઉસ્માન પાસે ગયાં અને પોતાના મતભેદોનું વર્ણન કરવા લાગ્યાં,

ગુલામે કહ્યું, ''આ મારી પત્ની છે, અને હું હવે તેને આઝાદ નહીં કરું.''

ઉસ્માને કહ્યું, ''આ ઘણો જ ગુંચવણભર્યો મામલો છે.''

એ પ્રસંગે અમીરુલ મોમિનીન (અ.) ઉપસ્થિત હતા. તેમણે કહ્યું, ''આ સ્ત્રીને પૂછવામાં આવે કે શું વારસો મળ્યા પછી આ સ્ત્રીએ તેના ગુલામ પતિ સાથે સહશયન કર્યું છે ?''

તે સ્ત્રીએ જવાબ આપ્યો કે, ''ના.''

આપ (અ.)એ ફરમાવ્યું, ''જો આ ગુલામ પતિએ તારી સાથે સહશયન કર્યું હોત તો હું તેને સજા આપત. જાઓ, હવે આ તારો પતિ નથી, પણ તારો ગુલામ છે, તેના પતિ હોવાના અધિકારો ખતમ થઈ ગયા છે. જો તું ચાહે તો તેને પોતાના તાબામાં રાખી શકે છે અથવા તો આઝાદ કરી શકે છે. આ તારા અધિકારો છે.''

(૩) એક મુકદ્દમો આવો પણ હતો કે ઉસ્માનની હુકૂમત દરમિયાન એક કનીઝ કે જે રકમ ચૂકવીને પોતાની આઝાદી મેળવવા માગતી હતી, તેને લાવવામાં આવી, પરંતુ તેના પર આરોપ હતો કે તે નિર્લજ્જ છે અને ઝિના કરવાના ગુનામાં શામેલ છે. આઝાદી મેળવવા માટેની રકમ તેણે ચારમાંથી ત્રણ ભાગની ચૂકવી દીધી હતી અને એક જ ભાગની ચૂકવણી બાકી હતી. આનો મુકદ્દમો

સાંભળીને હઝરત ઉસ્માને અમીરુલ મોમિનીન (અ.)ને રજૂઆત કરી કે "આ સ્ત્રીને તે શરઈ સજા આપવામાં આવે કે જે આઝાદ સ્ત્રીઓ માટે નક્કી કરવામાં આવી છે, અથવા તે સજા આપવામાં આવે કે જે ગુલામ (કનીઝ) માટે નક્કી કરવામાં આવી છે ?"

હઝરત ઉસ્માને આ જ સવાલ ઝૈદ બિન સાબિતથી પણ કર્યો તો જવાબ મળ્યો કે આ સ્ત્રીને એ જ સજા આપવામાં આવે કે જે ગુલામ કનીઝને આપવામાં આવે છે.

આ સાંભળીને અમીરુલ મોમિનીન (અ.)એ કહ્યું, "એવી સજા તેને કઈ રીતે આપી શકાય કે જે કનીઝ માટે શરઈ સજા છે ? કારણ કે આ સ્ત્રીએ આઝાદી માટે ત્રીજા ભાગની રકમ આપી દીધી છે. આ સ્ત્રીની સજા તો એ જ છે કે જે આઝાદ સ્ત્રીને આપવામાં આવે છે. અને તેને એટલા જ કોરડા મારવામાં આવે કે જેટલા આઝાદ સ્ત્રી માટે નક્કી કરેલા છે, કારણ કે આ કનીઝીની હદોથી લગભગ નીકળી જઈને આઝાદી મેળવવાની વધારે હકદાર બની ગઈ છે."

ઝૈદે જાણકારી મેળવવા પૂછ્યું કે, "તો આને પણ એ જ વારસો મળવો જોઈએ ને કે જે એક આઝાદ સ્ત્રી માટે નક્કી છે ?"

અમીરુલ મોમિનીન (અ.) જવાબ આપ્યો, "હા, શરીઅત આવો જ હુકમ કરે છે."

આ સાંભળીને ઝૈદ ચૂપ થઈ ગયા, પરંતુ ઉસ્માને અમીરુલ મોમિનીન (અ.)ના અભિપ્રાય સાથે સહમત ન થયા અને ઉસ્માને તે જ ફેંસલો આપ્યો કે જે ઝૈદે સંભળાવ્યો હતો. તેમના આવા ફેંસલાને લોકોએ પસંદ ન કર્યો.

આવાં તો ઘણાં જ દૃષ્ટાંતો છે કે જેને લખવામાં આવે તો આ કિતાબ ઘણી મોટી થઈ જાય.



મહેદીહસન એન. થરાદરા મો. ૯૭૨૬૪ ૮૦૪૯૪
હસનઅબ્બાસ જી. થરાદરા મો. ૭૩૫૯૩ ૫૪૨૭૩
આબિદઅલી એમ. નાંદોલીયા મો. ૮૧૪૦૨ ૭૩૫૩૧

અબાબીલ ટ્રેડર્સ

પ્લાયવુડ એન્ડ હાર્ડવેર

ટાઈલ્સ, કલર, ઈલેક્ટ્રીક, પાઈપ

એસ્ટ્રલ પાઈપ અને ડુલક્ષ કલરના ઓથોરાઈઝડ ડીલર

મકતબા જાફરીયા પાસે, કાકોશી રોડ, સિધ્ધપુર.

# ઈસ્લામ વિષેની સમજણ

## શ્રેણી ૨: અલ્લાહની ઈબાદત

લેખક : ડૉ. ક્રિસ હ્યુવર

### પ્રકરણ ૧: ઈબાદતના ત્રણ પ્રકાર

અલ્લાહે માનવજાતની રચના શા માટે કરી છે? તેના જવાબમાં કુરઆન કહે છે કે અલ્લાહે માનવજાતની રચના માત્ર તેની ઈબાદત માટે કરી છે (સૂરા-૫૧, આયત-૫૬). આ આયત બે બાબતો તરફ ધ્યાન દોરે છે; પહેલી એ કે આપણે માત્ર અલ્લાહની જ ઈબાદત કરવી જોઈએ અને બીજા કોઈની નહીં, અને બીજી બાબત એ કે અલ્લાહની ઈબાદત કરીને માનવજાત પોતાના અસ્તિત્વની સૌથી મોટી ફરજ બજાવે છે.

દરેક વ્યક્તિએ માત્ર અલ્લાહની જ ઈબાદત કરવી જોઈએ. આ બાબત ઈમાનના મુખ્ય નિવેદન એટલે કે શહાદતના કલેમામાં પણ સ્પષ્ટ થઈ ચૂકી છે કે, "હું ગવાહી આપું છું કે અલ્લાહ સિવાય કોઈ ખુદા નથી, અને મોહંમદ (સ.) અલ્લાહના પયગમ્બર છે." અલ્લાહ સિવાય કોઈ ઈબાદતને લાયક નથી, અને ન તો કોઈ અલ્લાહની ઝાતમાં ઉમેરો કરી શકે છે, ન કોઈ અલ્લાહની ઝાતમાં શરીક થઈ શકે છે. તેથી આ બાબત બુતો, વિવિધ પ્રકારના અથવા સ્થાનિક દેવતાઓ, અર્ધ દેવીઓ અને એવી વસ્તુઓ કે જેમને આપણા પૂર્વજો પૂજતા હતા, તેમની પૂજા કરવાની શક્યતાને નકારી કાઢે છે. વળી, તે આધુનિક બુતો જેવા કે પૈસો, સત્તા, વિચારધારા, જાતિય સર્વોચ્ચતા અથવા લશ્કરી તાકાતની શક્યતાને પણ નકારી કાઢે છે. આ એક જ વખત બનેલી જાહેરાત નથી. મુસલમાનોએ એ પણ વિચારવાની જરૂર છે કે શું આપણાં કાર્યો કુર્બતન ઈલલ્લાહ છે ખરાં? શું આપણાં નાણાકીય અથવા રાજકીય કાર્યો કુર્બતન ઈલલ્લાહ હોય છે? શું હું મારા પારિવારિક સંબંધોમાં કુર્બતન ઈલલ્લાહ પ્રમાણે વર્તુ છું કે કામકાજનાં કોઈ બીજાં મૂલ્યો છે?

ઈસ્લામી વિચારધારામાં ઈબાદત એક વિશાળ શબ્દ છે. આપણાં કાર્યો, શબ્દો, વિચારો અને ભાવનાઓ વડે આપણે અલ્લાહની ફરમાબરદારી, કુર્બત અને મોહબ્બત હાંસિલ કરી શકીએ. બીજા શબ્દોમાં, અલ્લાહની ઈબાદત કરવી એટલે સમગ્ર માનવજીવનને તેની વિશિષ્ટ બાજુઓ અને કાર્યો સહિત વહીના ઈકરારની સાથે અલ્લાહની સર્વોપરિતા હેઠળ લાવવું તે છે. આની સાથે બે અગત્યની નેકીઓ; તકવો અને સબ્ર જોડાયેલી છે. આખું જીવન આપણી બધી જ ધાર્મિક ક્રિયાઓ તકવાના તાલીમી મેદાનમાં છે કે જેનું આપણે અલ્લાહ પ્રત્યેની સભાનતા એવું ભાષાંતર કરી શકીએ કે મારું જીવન, શબ્દો, કાર્યો અને વિચારોના દરેક ક્ષેત્રમાં હું સજાગ છું કે હું અલ્લાહની મખ્લૂક છું અને એ કે અલ્લાહે મને ઉચ્ચ દરજ્જો આપ્યો છે તેની ખિદમત કરવાનો, તેનાથી મોહબ્બત કરવાનો, તેનું આજ્ઞાપાલન કરવાનો અને તેની ઈબાદત કરવાનો, અને હું અલ્લાહને હિસાબ આપવા બંધાયેલો છું, અને ભલે ને હું અલ્લાહને

ન જોઈ શકું, પણ અલ્લાહ તો મને સતત જોઈ રહ્યો છે.

રસીકરણ (vaccination) માટેનો આધુનિક અરબી શબ્દ અને તકવા બન્ને એક જ મૂળમાંથી બનેલા છે. આપણે જોઈ શકીએ છીએ કે તેના અર્થનો એક ભાગ હિફાઝત વિષેનો છે. જો આપણે હંમેશાં અલ્લાહ વિષે સભાન રહી શક્યા હોત તો આપણે ગુનાઓથી બચી શક્યા હોત. આ રીતે શયતાન માટે તેમાં પ્રવેશવાનો કોઈ રસ્તો નહીં રહે. હંમેશાં અલ્લાહની બાબત સતત સજાગ રહેવું એ 'એહસાન' છે - "એવી રીતે જીવવું કે જાણે તમે અલ્લાહને જોઈ રહ્યા છો, કારણ કે તમે અલ્લાહને નથી જોઈ શકતા છતાં એ અલ્લાહ તો તમને જોઈ રહ્યો છે." આ માનવજીવનનું ધ્યેય છે, પણ જરૂરી નથી કે આ રસ્તો આસાન હોય, તેથી સંઘર્ષ માટે સબ્ર અને મહેનતની જરૂર છે.

માનવજાતને અલ્લાહની ઈબાદત માટે પેદા કરી હોય તો આપણે કહી શકીએ કે સંપૂર્ણ માનવ બનવા માટે જરૂર છે કે માણસ અલ્લાહની ઈબાદત કરે. આપણે જોઈ ગયા તેમ, ઈબાદતના કારણે સ્વભાવમાં સેવાભાવ અને ફરમાબરદારી આવે છે અને તે મોહબ્બતથી પ્રેરિત હોય છે.

**અલ્લાહની ઈબાદતમાં નમાઝ કેન્દ્ર સ્થાને**

નમાઝ અલ્લાહની ઈબાદતોમાં કેન્દ્રસ્થાને છે, અને મુસલમાનો માટે દરરોજ પાંચ વખતની વાજિબ નમાઝ પઢવાનો હુકમ છે. આખા દિવસની અલ્લાહની ઈબાદતમાં નમાઝ એક મુખ્ય આધાર બને છે. આખા દિવસ દરમિયાન સમયસર નમાઝ પઢીને એક મુસલમાન સમયાંતરે અલ્લાહની બારગાહમાં રજૂ થાય છે જેથી કદી પણ થોડા કલાક પસાર ન થયા હોય ત્યાં તો પાછો મુસલમાન અલ્લાહની બંદગી તરફ વળી જાય છે. આ વિષે આપણે વધુ ચર્ચા આગામી લેખમાં કરીશું, પરંતુ  આ નમાઝ જ એક એવી છે કે જેનાથી આપણે બધા TVની તસ્વીરોથી પરિચિત છીએ કે જ્યાં નમાઝમાં મુસલમાનો સફોમાં ગોઠવાઈ જઈને ઊભા રહે છે. અલ્લાહની જનાબમાં કયામ, રુકૂઅ, કઉદ અને સજ્દો કરે છે. નમાઝની પરાકાષ્ટા સજ્દો છે કે જેમાં મુસલમાન પુરુષો અને સ્ત્રીઓ પોતાનાં કપાળ અને હાથ જમીન ઉપર મૂકીને અલ્લાહ સમક્ષ સંપૂર્ણ વિનમ્રતા અને આત્મસમર્પણ દાખવે છે. ઈબાદતની પરાકાષ્ઠા તરીકે આપણે જોઈ શકીએ છીએ કે એક ક્ષણમાં માનવી અલ્લાહની ઈબાદતમાં સંપૂર્ણ રીતે તલ્લીન થઈ જાય છે. અલ્લાહની બાબતમાં માણસની આ છેવટની વ્યવસ્થા છે કે જેમાં દિલ, મન અને શરીર સંપૂર્ણ રીતે સમર્પિત થઈ જાય છે.

અલ્લાહ અને માણસ વિષેના સંબંધ વિષે નમાઝમાં મુસલમાનોની ક્રિયાઓ આપણને ઘણી બધી બાબતો જણાવે છે :

- અલ્લાહ રહીમ છે અને હંમેશાં માફ કરવા તૈયાર હોય છે, એવા લોકોને કે જેઓ પોતાના ગુનાઓની કબૂલાત કરે છે, અને અલ્લાહથી ઈસ્તિગ્ફાર કરે છે. નમાઝની તૈયારી દરેક માણસને પોતાના જીવન વિષે મનન કરીને પોતાના ગુનાઓને યાદ કરીને અલ્લાહ સમક્ષ માફી માગવા માટેની એક તક આપે છે.
- અલ્લાહ દરેક માણસ માટે વ્યક્તિગત રીતે તથા

સામૂહિક રીતે ચિંતિત છે. નમાઝને એકલા અદા કરી શકાય છે, પણ જમાઅત સાથે નમાઝ પઢવી ઉત્તમ છે કે જેમાં દરેક વ્યક્તિ કોમ (ઉમ્મત) પ્રત્યેની પોતાની જવાબદારીથી સજાગ હોય છે.

- માનવજાતે જીવન કઈ રીતે વિતાવવું તે વિષે અલ્લાહે હિદાયત કરી છે, ખાસ કરીને કુરઆનમાં. કુરઆનના સૂરાઓની તિલાવત દરેક નમાઝમાં થતી હોય છે, જેથી નમાઝીઓને અલ્લાહની હિદાયતનો એહસાસ થાય.
- અલ્લાહ દરેક માણસની નજીક છે અને આપણને પણ એ નિકટતા અને ચિંતાથી વાકેફ કરાવવા માગે છે. નમાઝની ભૂમિકા એક માધ્યમની છે કે જેમાં આપણે અલ્લાહ પ્રત્યેની અકીદત અને અલ્લાહથી માફીનો અનુભવ કરી શકીએ છીએ. નમાઝ જાણે કે માફીની એક નદી છે કે જેમાં નમાઝીઓ ડૂબકી મારીને અલ્લાહની હાજરીનો અનુભવ કરે છે.
- અલ્લાહે હઝરત મોહંમદ (સ.)ને પોતાના છેલ્લા પયગમ્બર તરીકે અને ઈલાહી પદ્ધતિ પ્રમાણે જીવન જીવવા માટેના સંપૂર્ણ ઉદાહરણ તરીકે મોકલ્યા. દરેક નમાઝમાં હઝરત મોહંમદ (સ.) અને અહલેબૈત (અ.) માટે અલ્લાહની નેઅમત માટે દુઆ શામેલ હોય છે. આ બાબત દરેક મોમિનને હઝરત મોહંમદ (સ.) અને અહલેબૈત (અ.)ની શુક્રગુઝારીની યાદ અપાવે છે, જેની નકલ એવા બધા લોકોએ કરવી જોઈએ કે જેઓ અલ્લાહની ઈબાદત, ઈતાઅત, ખિદમત અને મોહબ્બત કરતા હોય.
- અલ્લાહનો કોઈ પ્રિયપાત્ર નથી, પરંતુ અલ્લાહે માનવજાત માટે પયગમ્બરોનો સિલસિલો મોકલ્યો છે કે જે આપણને ઈલાહી જીવનની દા'વત આપે છે. આ બાબત મુસલમાનોને ઈબ્રાહીમ (અ.) અને તેમની આલ ઉપર અલ્લાહની નેઅમત માટેની દુઆમાં, યાદ અપાવે છે.
- અલ્લાહ બધી જગ્યાએ હંમેશાં હાજર હોય છે. આ બાબતની સ્વીકૃતિ તરીકે આપણે આપણું માથું અને હાથ કે જે માણસના ઉત્તમ અવયવો છે, તેમના દ્વારા આપણે વિચારીએ છીએ અને અમલ કરીએ છીએ, તેમને આપણે ખાકસારી, સમર્પણ, મોહબ્બત અને આભાર વ્યક્ત કરતાં કરતાં જમીન પર મૂકવા જોઈએ.

નમાઝ બધી ઈબાદતોમાં એક ઉચ્ચ સ્થાન ધરાવતી ઈબાદત પદ્ધતિ છે કે જેને દરેક મુસલમાને દિવસમાં પાંચ વખત સંપૂર્ણ સ્મરણ અને એકાગ્રતાની સાથે પઢવાની હોય છે, પણ વાજિબ નમાઝોની વચ્ચે સમયાંતર હોવાથી માણસ ગાફેલ થઈ શકે છે, તેથી મુસલમાનો આ સમયે અલ્લાહ સાથે સંબંધ બાંધવા અન્ય માધ્યમો શોધીને તકવાની ભાવનાને બઢતી આપી શકે છે. ઈબાદતનાં આવાં અન્ય માધ્યમો છે, દુઆ અને ઝિક્ર. (ક્રમશ:)

## ગડમથલ નં.૨૮૭નો ઉકેલ

**<u>આડી ચાવીઓ :</u>** (૧) હરામ (૩) આમદ (૫) કાશ (૭) રઝા (૯) રહેબર (૧૩) હિસાબ (૧૪) ચરાગ (૧૫) ઈમદાદ (૧૮)બરદાશ્ત (૧૯) સફ (૨૧) ઝરબત (૨૩) ખુદારા (૨૪) બાન (૨૬) બદ (૨૭) સરદાર (૨૯) શીશ (૩૦) અફસર (૩૧) ઝરૂરી (૩૩) દરાર (૩૪) નશા

**ઊભી ચાવીઓ :** (૧) હકીર (૨) મકબરા (૩) આલ (૪) દર (૬) શબાબ (૮) ઝાહિદ (૧૦) હેચ (૧૧) રગબત (૧૨) ઈમદાદ (૧૬) દશ્ત (૧૭) મેઝબાન (૧૯) સદા (૨૦) ફરામોશ (૨૨) રન (૨૩) ખુદ (૨૫) નદારદ (૨૭) સફર (૨૮) રસ (૨૯) શીરીન (૩૧) ઝર (૩૨) યાં

# ઇબાદાત

## માહે ઝિલ્હજના આમાલ

**માહે ઝિલ્હજની અઢારમી (ઈદે ગદીર)ના આ'માલ :**

(1) આ દિવસે રોઝો રાખવો જે ૬૦ વર્ષના ગુનાઓનો કફ્ફારો છે.

(2) ગુસ્લ કરવું.

(3) આ દિવસે જ્યાં હોય ત્યાંથી પોતાની જાતને અમીરુલ મોમિનીન (અ.)ના રોઝા પર પહોંચાડવી અને ઝિયારત પઢવી.

(4) બે રકાત નમાઝ પઢવી અને શુક્રના સજ્દામાં ૧૦૦ વખત شُكْراً شُكْراً પઢવું.

(5) દુઆએ નુદબા પઢવી.

(6) જ્યારે બિરાદરે મોમિનથી મુલાકાત કરે તો તેને ઈદે ગદીરની આવી રીતે મુબારકબાદી આપવી :

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ جَعَلَنَا مِنَ الْمُتَمَسِّکِیْنَ بِوِلَایَةِ اَمِیْرِ الْمُؤْمِنِیْنَ وَ الْاَئِمَّةِ عَلَیْهِمُ السَّلَامُ

**માહે ઝિલ્હજની ચોવીસમી તારીખના આ'માલ :**

(1) ગુસ્લ કરવું.

(2) રોઝો રાખવો.

(3) બે રકાત નમાઝ પઢવી જે ઈદે ગદીરની જેમ જ છે.

**માહે ઝિલ્હજનો છેલ્લો દિવસ :**

આ ઈસ્લામી વર્ષનો છેલ્લો દિવસ છે કે જેમાં બે રકાત નમાઝ પઢવી. બન્ને રકાતમાં સૂરા હમ્દ પછી દસ વખત સૂરા તૌહીદ અને દસ વખત આયતુલ કુરસી પઢવી, અને નમાઝ પછી આ મુજબ દુઆ પઢવી :

اَللّٰهُمَّ مَا عَمِلْتُ فِیْ هٰذِهِ السَّنَةِ مِنْ عَمَلٍ نَهَیْتَنِیْ عَنْهُ وَلَمْ تَرْضَهُ وَنَسِیْتُهُ وَلَمْ تَنْسَهُ
وَدَعَوْتَنِیْٓ اِلَی التَّوْبَةِ بَعْدَ اجْتِرَآئِیْ عَلَیْكَ اَللّٰهُمَّ فَاِنِّیْٓ اَسْتَغْفِرُكَ مِنْهُ فَاغْفِرْلِیْ وَمَا عَمِلْتُ مِنْ
عَمَلٍ یُقَرِّبُنِیْٓ اِلَیْكَ فَاقْبَلْهُ مِنِّیْ وَلَا تَقْطَعْ رَجَآئِیْ مِنْكَ یَا کَرِیْمُ

## માહે મોહર્રમુલ હરામના આ'માલ

જાહેર છે કે માહે મોહર્રમ અહલેબૈત (અ.) અને તેમના ચાહવાવાળાઓ માટે દુઃખ અને રુદનનો મહિનો છે.

ઈમામ અલી રઝા (અ.)થી રિવાયત છે કે, "જ્યારે માહે મોહર્રમ આવતો હતો ત્યારે કોઈ પણ માણસ મારા વાલિદે બુઝુર્ગવાર ઈમામ મૂસા કાઝિમ (અ.)ને હસતાં જોતો ન હતો, આપના ઉપર દુઃખ અને ગમ છવાઈ જતો, અને જ્યારે દસમી મોહર્રમનો દિવસ આવતો ત્યારે આહોઝારી કરતા અને ફરમાવતા કે આ એ દિવસ છે કે જેમાં

ઈમામ હુસૈન (અ.)ને શહીદ કરવામાં આવ્યા.”

**પહેલી મોહર્રમની રાતના આ’માલ :**

હઝરત ઈમામ હુસૈન (અ.)નો ઝિક્ર કરી લીધા પછી પહેલી મોહર્રમની રાતના આ’માલ આ પ્રમાણે બજાવી લાવવા :

(1) ૧૦૦ રકાત નમાઝ પઢવી.

દરેક રકાતમાં સૂરા હમ્દ પછી સૂરા ઈખ્લાસ (કુલ્હોવલ્લાહનો સૂરો) પઢે. (બન્ને સૂરા એક એક વાર પઢવા.)

(2) બે રકાત નમાઝ પઢવી.

પહેલી રકાતમાં સૂરા હમ્દ પછી સૂરા અન્આમ પઢવો.

બીજી રકાતમાં સૂરા હમ્દ પછી સૂરા યાસીન પઢવો.

(3) બે રકાત નમાઝ પઢવી.

આ બન્ને રકાતમાં સૂરા હમ્દ પછી ૧૧ વખત સૂરા ઈખ્લાસ (કુલ્હોવલ્લાહનો સૂરો) પઢવો.

(4) રસૂલલ્લાહ (સ.)એ આ રાત્રે બે રકાત નમાઝ પઢવાનું અને દિવસે રોઝો રાખવાનું સૂચન કર્યું છે.

નોંધ : ઉપરના આ’માલમાંથી જેટલી હદે શકય હોય તેટલી હદે બજાવી લાવવા જોઈએ.

**પહેલી મોહર્રમના દિવસના આ’માલ :**

હઝરત ઈમામ રઝા (અ.)થી મન્કૂલ છે કે રસૂલલ્લા (સ.) મોહર્રમની પહેલી તારીખે બે રકાત નમાઝ પઢતા હતા, અને જયારે નમાઝથી ફારિગ થતા તો પોતાના હાથોને આસમાનની તરફ ઊંચા કરીને આ દુઆ પઢતા હતા :

اَللّٰهُمَّ اَنْتَ الْاِلٰهُ الْقَدِيْمُ وَهٰذِهٖ سَنَةٌ جَدِيْدَةٌ فَاَسْاَلُكَ فِيْهَا الْعِصْمَةَ مِنَ الشَّيْطَانِ وَالْقُوَّةَ عَلٰى هٰذِهِ
النَّفْسِ الْاَمَّارَةِ بِالسُّوْٓءِ وَالْاِشْتِغَالَ بِمَا يُقَرِّبُنِىْ اِلَيْكَ، يَاكَرِيْمُ يَاذَاالْجَلَالِ وَالْاِكْرَامِ، يَاعِمَادَ
مَنْ لَّاعِمَادَلَهٗ، يَاذَخِيْرَةَ مَنْ لَّاذَخِيْرَةَ لَهٗ، يَاحِرْزَ مَنْ لَّاحِرْزَ لَهٗ، يَاغِيَاثَ مَنْ لَّاغِيَاثَ لَهٗ، يَاسَنَدَ مَنْ
لَّاسَنَدَلَهٗ، يَاكَنْزَمَنْ لَّاكَنْزَلَهٗ، يَاحَسَنَ الْبَلَآءِ يَاعَظِيْمَ الرَّجَآءِ يَاعِزَّ الضُّعَفَآءِ يَامُنْقِذَ الْغَرْقٰى
يَامُنْجِىَ الْهَلْكٰى يَامُنْعِمُ يَامُجْمِلُ يَامُفْضِلُ يَامُحْسِنُ، اَنْتَ الَّذِىْ سَجَدَ لَكَ سَوَادُ اللَّيْلِ وَنُوْرُ
النَّهَارِ وَضَوْءُ الْقَمَرِ وَشُعَاعُ الشَّمْسِ وَدَوِىُّ الْمَآءِ وَحَفِيْفُ الشَّجَرِ، يَآاَللّٰهُ لَاشَرِيْكَ لَكَ، اَللّٰهُمَّ اجْعَلْنَا
خَيْرًا مِّمَّا يَظُنُّوْنَ وَاغْفِرْ لَنَا مَالَايَعْلَمُوْنَ وَلَاتُؤَاخِذْنَا بِمَا يَقُوْلُوْنَ حَسْبِىَ اللّٰهُ لَآ اِلٰهَ اِلَّا هُوَ عَلَيْهِ
تَوَكَّلْتُ وَهُوَ رَبُّ الْعَرْشِ الْعَظِيْمِ، اٰمَنَّا بِهٖ كُلٌّ مِنْ عِنْدِ رَبِّنَا وَمَا يَذَّكَّرُ اِلَّآ اُوْلُوا الْاَلْبَابِ، رَبَّنَا لَاتُزِغْ
قُلُوْبَنَا بَعْدَ اِذْ هَدَيْتَنَا وَهَبْ لَنَا مِنْ لَّدُنْكَ رَحْمَةً اِنَّكَ اَنْتَ الْوَهَّابُ

**આશૂરાની રાત (મોહર્રમની દસમી રાત)ના આ’માલ :**

1. ૧૦૦ રકાત નમાઝ પઢવી :

- દરેક રકાતમાં સૂરા હમ્દ પછી ત્રણ વખત સૂરા ઈખ્લાસ (કુલ્હોવલ્લાહનો સૂરો) પઢવો.

- આ ૧૦૦ રકાત નમાઝથી ફારેગ થયા પછી ૭૦ વખત આ પ્રમાણે પઢવું.

سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ وَلَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ

- કેટલીક રિયાતોમાં છે કે આટલું પઢી લીધા પછી ઈસ્તિગ્ફાર કરવો જોઈએ એટલે કે,

اَسْتَغْفِرُ اللّٰهَ رَبِّيْ وَ اَتُوْبُ اِلَيْهِ

કહેવું જોઈએ.

2. આશૂરાની રાતના આ'માલમાંથી એક અમલ આ પણ છે કે રાતના છેવટના ભાગમાં ચાર રકાત નમાઝ પઢવી :

- દરેક રકાતમાં સૂરા હમ્દ પછી દસ વખત આયતુલ કુરસી, દસ વખત સૂરા ઈખ્લાસ (કુલ્હોવલ્લાહનો સૂરો), દસ વખત સૂરા ફલક, દસ વખત સૂરા નાસ પઢવો.
- સલામ પછી નમાઝ પૂરી કર્યા પછી ૧૦૦ વખત સૂરા ઈખ્લાસ (કુલ્હોવલ્લાહનો સૂરો) પઢવો.

3. આશૂરાની રાતનો એક અન્ય અમલ આ પણ છે કે ચાર રકાત નમાઝ પઢવી :

- દરેક રકાતમાં સૂરા હમ્દ પછી ૫૦ વખત સૂરા ઈખ્લાસ (કુલ્હોવલ્લાહનો સૂરો) પઢવો.

આ નમાઝ હઝરત અલી (અ.)વાળી નમાઝ છે કે જેની ઘણી જ મોટી ફઝીલત છે.

4. આશૂરાની રાતનો એક અમલ આ પણ છે કે અલ્લાહનો વધુને વધુ ઝિક્ર કરે અને મોહંમદ (સ.) વ આલે મોહંમદ (અ.) પર દુરૂદ પઢવી, અને અહલેબૈત (અ.)ના દુશ્મનો ઉપર લા'નત કરવી.
5. આજની રાત્રીએ જાગરણ કરવા વિષે રિવાયતોમાં ઘણી બધી ફઝીલત બતાવવામાં આવી છે. એક રિવાયતમાં છે કે તે રાત્રીએ ઈબાદત કરનાર એવો છે જાણે કે તેણે બધા જ ફરિશ્તાઓની ઈબાદત જેટલી ઈબાદત કરી હોય, અને આજની રાત્રીની ઈબાદત ૭૦ વર્ષની ઈબાદતના બરાબર છે.
6. જો કોઈના માટે શકય હોય તો આજની રાતે કરબલાએ મોઅલ્લાની જમીન ઉપર રોકાણ કરે અને હઝરત ઈમામ હુસૈન (અ.)ની ઝિયારત કરે અને આખી રાત આપ (અ.)ની પાસે જાગતો રહે. જો તે આવું કરશે તો અલ્લાહ તઆલા તેને હઝરત ઈમામ હુસૈન (અ.)ના ખૂનની સાથે મળેલા કરબલાના શહીદોની હરોળમાં ગણત્રી કરશે.

**આશૂરા (દસમી મોહર્રમ)ના દિવસના આ'માલ વિષે :**

આ આશૂરાનો દિવસ ઈમામ હુસૈન (અ.)ની શહાદતનો દિવસ છે, જે અઈમ્મા (અ.) અને તેમના ચાહવાવાળાઓ માટે મુસીબતનો અને દુઃખમાં રહેવાનો દિવસ છે. બહેતર એ છે કે આ દિવસે દુન્યવી કામોમાં પરોવાયેલા ન રહેવું અને ન ઘર માટે કંઈ કમાવું, પરંતુ નૌહા, માતમ અને રુદનમાં લાગેલા રહેવું જોઈએ.

- આ દિવસે ઈમામ હુસૈન (અ.)ની મજલિસ કરવી.
- ઈમામ હુસૈન (અ.)ની ઝિયારતે આશૂરા પઢવી.
- ઈમામ હુસૈન (અ.)ના કાતિલો પર ખૂબ જ લા'નત કરવી.
- અને એક બીજાને ઈમામ હુસૈન (અ.)ની મુસીબત પર આ રીતે પુરસો આપવો :

اَعْظَمَ اللّٰهُ اُجُوْرَنَا بِمُصَابِنَا بِالْحُسَيْنِ عَلَيْهِ السَّلَامُ وَجَعَلَنَا وَاِيَّاكُمْ مِنَ الطَّالِبِيْنَ بِثَارِهٖ

مَعَ وَلِيِّهِ الْاِمَامِ الْمَهْدِيِّ مِنْ اٰلِ مُحَمَّدٍ عَلَيْهِمُ

السَّلَامُ

- આ દિવસે એક હજાર વખત સૂરા ઈખ્લાસ પઢવો.
- આ દિવસે ઈમામ હુસૈન (અ.)ના કાતિલો પર આ શબ્દોમાં લા'નત કરવી :

اَللّٰهُمَّ الْعَنْ قَتَلَةَ الْحُسَيْنِ عَلَيْهِ السَّلَامُ

- આશૂરાના દિવસે છેલ્લા સમયે ઊભા થઈને હઝરત રસૂલલ્લાહ (સ.), અમીરુલ મોમિનીન (અ.), જનાબે ફાતેમા ઝહરા (અ.), ઈમામ હસન (અ.) અને બીજા અઈમ્મા (અ.) કે જે ઓલાદે હુસૈન (અ.)માંથી છે તે બધા ઉપર સલામ મોકલવી અને રડતાં રડતાં તેમને પૂરસો આપવો, પછી આ ઝિયારત પઢવી : (જે આદાબે અઝાદારી પેજ નં.૫૬ ઉપર આપેલ છે.)


NEROLAC PAINTS
બાકરહુસૈન ચીડી
9998864037

નજફ ટ્રેડર્સ

✔ ઓઈલ પેઈન્ટ ✔ રોલર ✔ બ્રશ
✔ વાઈટ સિમેન્ટ ✔ POP ✔ થીનર

દરેક પ્રકારના કોમ્પ્યુટરાઈઝડ કલર શેડ તથા કલરને લગતો સામાન મળશે.

હાર્ટીમાર્ટની બાજુમાં, મેઈન બજાર, મુ.પો. કાકોશી, તા, સિધ્ધપુર, જિ. પાટણ.

સિધ્ધપુરમાં પ્રથમવાર ૪ ફલેવરમાં
પાણીપુરી
સર્વોદય
સ્વીટ્સ એન્ડ નમકીન

અમારે ત્યાં નાસ્તામાં અવનવી વેરાઈટી
જેવી કે દહીપુરી, ભેળપુરી,
પાણીપુરી, ચટપટા સમોસા, સ્પે. લસ્સી મળશે.

દુકાન નં. ૨૪, પ્રમુખ પ્લાઝા, ગોકુળ હોસ્પીટલ પાસે,
એસ. જે. રોડ, (જાફરી બાગવાળો રોડ) સિધ્ધપુર.
ફોન : ૦૨૭૬૭-૨૨૧૫૩૦ મો. : ૯૪૨૬૨૨૭૫૩૦

અહેસાનઅલી જી. મરેડીયા
(સેવાલણીવાળા)
હોટલ
સર્વોદય
એન્ડ સ્વીટ્સ

દરેક પ્રકારની શુધ્ધ માવાની મીઠાઈઓ
બેસનની મીઠાઈઓ
તેમજ તાજા ફરસાણ મળશે

ટાવર રોડ, ઝાંપલીપોળ, સિધ્ધપુર.
ફોન : ૦૨૭૬૭-૨૨૧૩૮૮ મો. : ૯૪૦૯૦૬૩૬૦૫

દરેક પ્રસંગે ઓર્ડર પર પુરતું ધ્યાન આપવામાં આવશે.

નિયાઝના ઓર્ડર લેવામાં આવશે. તહેવાર નિમીતે અવનવી વેરાઈટીઓ



# મીર અનીસના મરસિયા

**મરસિયા–૭** (ગતાંકનું ચાલુ) **مرثیہ–۷**

**કરબલાના મેદાનમાં આશૂરાની સવારનો ઉદય – ઇમામના મિત્રો અને મદદગારોને જંગની પરવાનગી**

**میدانِ کربلا میں طلوعِ صبحِ عاشور**
**احباب و انصار امام کو اذنِ جہاد**

૧૩
عبّاسؑ نے کہا کہ ہوا پر ہیں یہ شریر
مولا کہاں کلامِ نصیحت کہاں وہ تیر
خاموش ہیں ادب سے جوانانِ بے نظیر
موقع بس اب ہے جنگ کا اے آسماں سریر
کیا قدرتِ خدا ہے کہ روباہ شیر ہوں
جب ان سے چھین لے کوئی دریا تو زیر ہوں

(હઝરત અબ્બાસ (અ.)એ કહ્યું કે આ સરકશ લોકો મગરૂર છે. મૌલા ! આપના નસીહતના કલામ કયાં અને એ તીર કયાં ? જેમની જોડ ન મળે તેવા યુવાનો તો અદબથી ખામોશ છે. અય હિદાયતની ગાદીના આસમાન ! હવે તો બસ જંગનો જ મોકો છે. શું અલ્લાહની કુદરત છે કે શિયાળ સિંહ થઈ જાય, જ્યારે કે તેમની પાસેથી નદીને ઝૂંટવી લેવામાં આવે તો તેઓ પરાજિત થઈ જાય ?)

૧૪
بولے حبیب رحم کی بھی انتہا ہے اب
دیجے رضا جہاد کی یا شاہِ تشنہ لب
گزرے ہیں سات روز کہ ہے روح پر تعب
بچوں کو بھوک پیاس میں یہ تیسری ہے شب
کٹ جائیں پیاس سے حلق ادا سر سے دَین ہو
اب سلسبیل پر کہیں پہنچیں تو چین ہو

(હબીબ ઈબ્ને મઝાહિર બોલ્યા કે હવે તો રહેમ કરવાનો પણ અંત આવી ગયો. અય શાહે તિશ્નાલબ ! હવે તો જિહાદની રજા આપો. સાત દિવસ પસાર થઈ ગયા છે તેથી રૂહને હવે તો તકલીફ પહોંચે છે. બાળકો માટે ભૂખ

અને તરસની આ ત્રીજી રાત છે. અમારાં ગળાં તરસથી કપાઈ જાય અને માથા પરથી દીન અદા થઈ જાય. હવે તો જ્યારે સલસબીલ પર પહોંચીશું ત્યારે જ શાંતિ મળશે.)

فرمایا واں کثیر ہے لشکر یہاں قلیل — اچھا لڑو کہ خالقِ کونین ہے کفیل
۱۵
نزدیک اب ہے کوثر تسنیم و سلسبیل — دے گا خدا مجاہدوں کو رتبہ جلیل

یاں اشتیاقِ خنجرِ قاتل ہمیں بھی ہے
در پیش عصر تک یہی منزل ہمیں بھی ہے

(ઈમામ હુસૈન (અ.)એ ફરમાવ્યું કે ત્યાં લશ્કર મોટું છે, અને અહીં નાનું લશ્કર છે. સારું, હવે લડો, કેમ કે બન્ને જહાનનો સર્જનહાર આપણો જામીન છે. હવે તો કૌસર, તસ્નીમ અને સલસબીલ (નાં ઝરણાં) નજીકમાં જ છે. અલ્લાહ તઆલા મુજાહિદોને ઊંચા મર્તબા અતા કરશે. અહીં તો અમને પણ કાતિલના ખંજરની તમન્ના છે. અસ્રના સમય સુધી હવે તો આ મંઝિલનો પનારો પડ્યો છે.)

یہ سن کے شاد شاد ہوئے وہ خوش اعتقاد — رخصت انہیں ملی کہ ملا گوہرِ مراد
۱۶
تیغیں پکڑ پکڑ کے جو نکلے پئے جہاد — میداں سے اُٹھ گئے قدم لشکرِ عناد

کس آبرو سے فدیۂ راہِ خدا ہوئے
سر دے کے سب امام کے حق سے ادا ہوئے

(આ સાંભળીને એ સારા અકીદાવાળા ખુશખુશાલ થઈ ગયા. તેમને વિદાય મળી જાણે કે તેમને ઈચ્છિત મોતી મળી ગયું. તલવારો પકડી પકડીને જેવા તેઓ જિહાદ કરવા નીકળી પડ્યા તો મેદાનમાંથી જાણે દુશ્મનની ફોજના કદમ ઉખડી ગયા. કેવી ઈજ્જતથી રાહે ખુદામાં ફિદિયા બની ગયા. મસ્તક આપી દઈને બધા ઈમામ (અ.)ના હકના દેવાને ચૂકવી દીધું.)

نصف النہار تک تھا یہی شورِ کارزار — مرنے کو یہ چلا وہ تڑپ کر ہوا نثار
۱۷
رخصت اسے کیا تو اسے روئے زارزار — جاتے تھے آپ لاشے اٹھانے کو بار بار

ایک ایک نے سعادت عقبیٰ حصول کی
دم نکلے سب کے گود میں سبطِ رسولؐ کی

(બપોર સુધી જંગના મેદાનમાં આ પ્રકારનો શોરબકોર રહ્યો, મરવા માટે એ ચાલ્યો, તો તે તડપીને કુરબાન થઈ ગયો. તેને વિદાય આપી તો તેના ઉપર ધ્રુસ્કે ધ્રુસ્કે રડી પડ્યા. ઈમામ (અ.) વારંવાર લાશો ઉઠાવવા માટે જતા હતા. એકે એક જણે આખેરતના સદ્ભાગ્યને પ્રાપ્ત કરી લીધું. બધાના જીવ સિબ્તે રસૂલ (સ.) હુસૈન (અ.)ના ખોળામાં નીકળી ગયા.)

૧૮

لڑنے لگی علیؑ کی بضاعت دمِ زوال — کام آئے رن میں جعفرؑ و مسلمؑ کے نونہال

زینبؑ کے نورِ عین بھی جب کہ چکے جدال — حضرت کو داغ دے کے سدھارا حسنؑ کا لال

ستر دلیر قتل ہوئے حق کی راہ میں

دو تشنہ کام رہ گئے ساری سپاہ میں

(સૂરજ ઢળી ગયો તો અલી (અ.)ના માલ સામાનને (દુશ્મનો) લૂંટવા લાગ્યા. રણ મેદાનમાં હઝરત જાફર (અ.) અને હઝરત મુસ્લિમ (અ.)ના ફરઝંદો કામ આવી ગયા. બીબી ઝૈનબ (અ.)ના ફરઝંદો પણ જ્યારે જંગ કરી ચૂકયા તો ઈમામ હુસૈન (અ.)ને દાગ આપી દઈને હસન (અ.)ના લાલ પણ સિધાર્યા. ૭૦ બહાદુરો હકની રાહમાં કતલ થઈ ગયા. બધા સિપાહીઓમાં બે તરસ્યા બાકી રહી ગયા.)


# ઝહીર ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ

**હજ-ઉમરા-ઝિયારત**

- ઝહીર ટૂર્સ આયોજિત દર વર્ષની જેમ આ વર્ષે હજ ઝિયારત અને મોહર્રમ કરબલાનું બુકીંગ ચાલુ છે.
- ઉમરા હજ અને ઝિયારત 2017નું બુકીંગ ચાલુ છે. જે મોમિન ભાઈ બહેનો ઉમરા હજ ઝિયારતમાં જવાની ઈચ્છા રાખતા હોય તો અમારો સંપર્ક કરવો.

કેસીમ્પા
હાજી માસૂમઅલી રસૂલભાઈ નાગલપરા (આયોજક)
મો. 09427683930
09574768429

કેસીમ્પા
હાજી ઈસ્માઈલભાઈ રસૂલભાઈ નાગલપરા (સહાયક)
મો. 09909676953

હરીપુરા (સાબરકાંઠા)
અબ્બાસભાઈ વલીભાઈ સલેમા (સહાયક)
મો. 09898707263

JTC

# જાફરી ટ્રાવેલ કન્સલ્ટન્ટ

## હજ-ઉમ્રા-ઝિયારત

સલામના તોહફા બાદ તમામ મોમિનોને જાણ કરતાં ખુશી અનુભવું છું કે વર્ષ ૨૦૧૬-૨૦૧૭માં મોહર્રમ અને ઉમ્રા ઝિયારતમાં જવા માટે ટૂરનું આયોજન કરેલ છે. તો આ પાક મુકદ્દસ જગ્યાઓ પર જવા ઈચ્છતા મોમિનોએ મારો સંપર્ક કરવો.

**ઉમ્રા-ઝિયારત**

એપ્રિલ ૨૦૧૭
(ઇ.અ)
3 શાબાન અને
૧૫ શાબાન કરબલામાં થશે.

**ઝિયારત (ઇરાક-ઇરાન)**

ટુર રવાનગી (ઇ.અ)
તારીખ : ૩૦-૯-૨૦૧૬
૨૭ દિવસ

**નોંધ : નીચેના મોબાઈલ પર કોન્ટેક ન થાય તો તેજ નંબર પર વોટ્સઅપ દ્વારા કોન્ટેક કરવો.**

આયોજક

**જનાબ સજ્જાદ હૈદર જાફરી**

મો. ૦૯૮૯૮૬ ૬૪૩૩૬, ૦૯૯૨૫૨ ૨૫૪૪૦
ફોન નં. ૦૭૯-૬૫૧૨૩૪૫૮

હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન (અ.)ની કિતાબ
'રિસાલા હુકૂક'ની શર્હ

# આઈનાએ હુકૂક

સંપાદક : જનાબ કુદ્રતુલ્લાહ મશાયખી સાહેબ

(ગતાંકનું ચાલુ)

**ખામોશીની ફિલોસૉફી :**

કેટલીક રિવાયતોમાં ખામોશ રહેવાની એટલી બધી વધારે તાકીદ કરવામાં આવી છે કે જેનાથી ખામોશીને બોલવા પર પ્રાથમિકતા આપી શકાય તેમ છે. તો ખામોશીની ફિલોસોફી શું છે ? અને ખામોશી ક્યાં ધારણ કરવી જોઈએ ?

અમે બયાન કરી ચૂક્યા છીએ કે જીભ દિલનું પ્રતિનિધિત્વ કરતી હોય છે. તેને માણસના ઝમીરને રોશન કરવાવાળી અને તેના વ્યક્તિત્વને પ્રગટ કરવાવાળી સમજવામાં આવે છે. તેના દ્વારા ફાયદો અને નુકસાન પણ થાય છે. ઈમામ અલી (અ.) જીભની બાબતમાં ફરમાવે છે, જીભ એક જંગલી પ્રાણી છે. જો તે આઝાદ હશે તો જખ્મી કરી દેશે. (નહજુલ બલાગા, ફૈઝુલ ઈસ્લામ, હિકમત-૫૭) બીજી જગ્યાએ ફરમાવે છે, તમને આ બાબત પર નવાઈ લાગવી જોઈએ કે માણસ ચરબીથી જુએ છે, ગોશ્તના ટુકડાથી બોલે છે, અને હાડકાથી સાંભળે છે અને કાણાથી સૂંઘે છે.

(ઐઝા, હિકમત-૭)

**જીભ જન્નત અને જહન્નમમાં પહોંચાડવાનું કારણ:**

સહલ બિન સઅદી રસૂલલ્લાહ (સ.)થી નકલ

# જ્ઞાનગોષ્ઠિ

**સંપાદક : મોમિન રત્ન**

કરે છે કે આપ (સ.)એ ફરમાવ્યું, જે માણસ મને પોતાની જીભ અને શર્મગાહની હિફાઝતનો વાયદો કરે છે તો હું તેને બેહિશ્તનો વાયદો કરું છું.

(મજહતુલ બૈઝા, જિલ્દ-૫, સફા-૧૯૨)

રસૂલલ્લાહ (સ.)ને પૂછવામાં આવ્યું : કઈ વસ્તુના કારણે વધારે લોકો જન્નતમાં જશે ? ફરમાવ્યું, તકવા અને હુસ્ને ખુલ્ક (સદાચાર) દ્વારા. અરજ કરવામાં આવી કે વધારે પ્રમાણમાં લોકો કઈ વસ્તુ દ્વારા જહન્નમમાં જશે ? ફરમાવ્યું, ફર્જ (સ્ત્રીની શર્મગાહ) અને જીભના કારણે. (ઈઝા, સફા-૧૯૩)

મઆઝ બિન જબલે રસૂલલ્લાહ (સ.) ને પૂછ્યું, શું અમારા બોલવાનો અમારી પાસેથી હિસાબ માગવામાં આવશે ? અને તેના ઉપર અઝાબ થશે ? ફરમાવ્યું, તમારી મા તમારા ગમમાં બેસે, શું જીભ દ્વારા પસંદ કરેલી વસ્તુ સિવાય લોકો જહન્નમમાં જશે ?

(મજહતુલ બૈઝા, જિલ્દ-૫, સફા-૧૯૩)

રસૂલલ્લાહ (સ.)ની આ ત્રણેય હદીસોમાં માણસની કામયાબીને નકામું ન બોલવા અને જીભને ગુનાઓથી અલિપ્ત રાખવામાં ગણવામાં

આવી છે. જીભની હિફાઝત માણસને જન્નતમાં પહોંચાડવાનું મહત્ત્વનું કારણ છે.

અનસ બિન માલિકથી રિવાયત છે કે રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું, બંદાનું ઈમાન એ સમયે પાક થઈ જાય છે કે જ્યારે તેનું દિલ પાકું થઈ જાય છે, અને દિલ મજબૂત અને સહીહ થતું નથી. પરંતુ જીભના મજબૂત થવાથી અને એ માણસ જન્નતમાં નથી જઈ શકતો કે જે પોતાના પાડોશીને સતાવે છે. (ઐઝા)

આ હદીસમાં એવું બયાન કરવામાં આવ્યું છે કે ઈમાનનુ સમતોલપણું દિલના સમતોલપણા સાથે અને દિલનું સમતોલપણું જીભના સમતોલપણા સાથે સુસંગત છે, એટલે કે જે માણસની જીભમાં જ સમતોલપણું ન હોય, તેની કોઈ પણ વસ્તુમાં સમતોલપણું નહીં હોય.

**ખામોશી સૌથી સહેલી ઈબાદત :**

સફવાન બિન સલીમે રસૂલલ્લાહ (સ.)થી રિવાયત કરી છે કે આપ (સ.)એ ફરમાવ્યું,

"શું હું તમને સૌથી સહેલી અને શરીર માટે હલકી ઈબાદત બતાવું ? (તે છે) એક ખામોશી અને બીજી સદાચાર." (ઐઝા, સફા-૧૯૪)

બરા ઈબ્ને આઝિબ કહે છે :

એક અરબ રસૂલલ્લાહ (સ.)ની ખિદમતમાં હાજર થયો અને અરજ કરી, મને એવો અમલ અને કામ શીખવાડો કે જેનાથી હું જન્નતમાં ચાલ્યો જાઉં."

ફરમાવ્યું,

"ભૂખ્યાને ખાવાનું ખવડાવો, તરસ્યાને સયરાબ કરો, નેક બાબતોનો હુકમ આપો, બૂરી બાબતોથી રોકાઈ જાઓ અને જો આ બાબતોને બજાવી લાવી ન શકો તો પોતાની જીભને નેક વાત કહેવા સિવાય બંધ રાખો." (ઐઝા, સફા-૧૯૮)

આ રિવાયતોથી ખામોશ રહેવાની ફઝીલત જાહેર થઈ ગઈ. ખામોશીના સમયે માણસ ગુનાઓના ખતરનાક પરિણામો અને અંજામથી સુરક્ષિત રહે છે.

બુધ્ધિશાળી માણસ પોતાની વાતને પહેલાં બુધ્ધિ અને પરિસ્થિતિની કસોટી પર ચકાસે છે. જો તેના પર પૂરી ઉતરતી નથી તો ખામોશ રહે છે. જે રિવાયતો ખામોશ રહેવાનો શોખ અપાવે છે તો તેનું કારણ એ છે કે માણસ નિરર્થક બાબતના પરિણામથી સુરક્ષિત રહે છે, નહીંતર બોલવું એ તો માણસ અને સમાજની પ્રગતિનું કારણ છે.

**જીભની આફતો :**

અખ્લાકી ઈલ્મના નિષ્ણાતો કહે છે : દુનિયામાં દરેક વસ્તુ માટે એક આફત હોય છે. જીભના માટે પણ કેટલીક આફતો છે, કેટલાકે તો જીભ માટે વીસ આફતો લખી છે. અમે અહીં ટૂંકમાં લખીએ છીએ :

**(૧) ફાયદા વગરની વાત કહેવી :**

વસ્તુની બાબતમાં બોલવું પણ જીભની આફત છે કે જેનાથી કોઈ ફાયદો ન હોય, બલ્કે સમય નષ્ટ થતો હોય. આ બાબતમાં રસૂલલ્લાહ (સ.)નો ઈર્શાદ : માણસનો સર્વશ્રેષ્ઠ ઈસ્લામ એ છે કે તે નકામી વાત કહેવાથી પરહેઝ કરે છે. (ઐઝા, સફા-૨૦૦)

**(૨) જરૂર કરતાં વધારે બોલવું :**

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું, "ખુશનસીબ છે એ માણસ કે જે વધારે બોલવાથી પરહેઝ કરે છે,

અને વધારે માલ નાદારો (ગરીબો)ને આપી દે છે.''

### (૩) બાતિલમાં ડૂબી જવું :

રસૂલલ્લાહ (સ.) ફરમાવે છે : ''જે માણસ લોકોને હસાવવા માટે કોઈ વાત કહે છે તે પોતાની મંઝિલ અને મર્તબાથી એવી રીતે નીચે પડી જાય છે કે જેવી રીતે કોઈ ભીની માટીને લીધે નીચે પડી જાય છે, બલ્કે તેનાથી પણ ઉપરથી.'' (ઐઝ, સફા-૨૦૭)

વળી ફરમાવે છે : ''કયામતના દિવસે સૌથી વધારે અપરાધી લોકો એ હશે કે જેઓ બાતિલમાં ભળી ગયા હોય. ત્યાર પછી કુરઆને મજીદના આ કોલની તરફ ઈશારો ફરમાવ્યો : જ્યારે તેમને જહન્નમમાં જવાનું કારણ પૂછવામાં આવશે તો કહેશે કે અમે લહ્વો લઈબ (મનોવિનોદ) અને બાતિલ કાર્યોમાં મશગૂલ રહેતા હતા.'' (ઐઝા) સલમાનથી મન્કૂલ છે કે તેમણે કહ્યું, કયામતના દિવસે તેવા ગુનેગારોની સંખ્યા વધારે હશે કે જેમણે અલ્લાહના ગુનાઓની વધારે વાતો કહી હશે.

### (૪) વાદવિવાદ અને જીભાજોડી :

ઝઘડવું પણ જીભની આફતોમાંથી એક છે. ઝઘડવા અને વાદવિવાદ કરવાની શરીઅતે મનાઈ ફરમાવી છે અને ઝઘડવાવાળાઓની ટીકા કરી છે તેથી તો ઈર્શાદ છે :

''પોતાના ભાઈની સાથે વાદવિવાદ અને નિરર્થક મજાક અને વાયદાની વિરૂધ્ધ વર્તન ન કરો.'' બીજી જગ્યાએ ફરમાવ્યું છે, જે પોતાને હક ઉપર સમજતાં વાદવિવાદ અને ઝઘડો કરવાનું છોડી દે છે, તેના માટે બેહિશ્તના ઊંચામાં ઊંચા તબકકામાં ઘર બનાવવામાં આવે છે, અને જે પોતે ઝઘડો કરવાનું છોડી દે છે, જો કે તે જાણે છે કે બાતિલ છે, તેના માટે જન્નતના નીચેના તબકકામાં ઘર બનાવવામાં આવે છે.

### (૫) અદાવત :

અદાવત પણ જીભની આફતોમાંથી એક છે. શરીઅતે તેનાથી રોકેલ છે. કોઈની વાતને તેમાં શરમિંદા કરવાના કારણે એબ કાઢવાને મુરાઅ (ત્રાંસી નજરે જોવું) કહે છે. અદાવત માલ અથવા હકને પ્રાપ્ત કરવા માટે આજીજ કરવાને કહે છે. અબૂ હુરૈરા રસૂલલ્લાહ (સ.)થી નકલ કરે છે : જે માણસ ઈલ્મ વગર કોઈની સાથે અદાવત કરે છે, તે મરતાં દમ સુધી અલ્લાહના ગઝબનું નિશાન રહે છે. (મુહજ્જતુલ બૈઝા, જિલ્દ-૫, સફા-૫, સફા-૨૦૭)

બીજી જગ્યાએ ઈર્શાદ છે : બેહિશ્તમાં એવા મહેલ બનેલા છે કે જેમની અંદરથી બહારનું અને બહારથી અંદરનું નજરે પડે છે. અલ્લાહે આ મહેલ એ લોકોના માટે બનાવ્યા છે કે જે ભૂખ્યાઓને ખાવાનું ખવડાવે છે, અને સારી સારી વાતો કહે છે, ખરાબ વાત અને આજીજીથી પરહેઝ કરે છે. (ઐઝા, સફા-૨૧૩)

આ હદીસ દ્વારા રસૂલલ્લાહ (સ.) દરેક મુસલમાનને એ હુકમ આપે છે કે વાત કરવામાં અદબનો દામન હાથમાંથી ન જવા દે અને બેહૂદી વાત કહીને બીજાઓની છાતીઓમાં દુશ્મનીની આગ ન ભડકાવે, બલ્કે પોતાની વાત દ્વારા બીજાઓના દિલોમાં પોતાની મોહબ્બતને પેદા કરે. (ક્રમશ:)

# આપણા ઘરની વાતો


● **ઇન્નાલિલ્લાહે..:**



નડિયાદ નિવાસી **મર્હૂમ મો.કાસિમભાઈ ફકીરભાઈ મોમિન** (રીટાયર્ડ વર્ક આસિસ્ટન્ટ, મહી કેનાલ) મુ,તા. ૨૨, શવ્વાલ-૧૪૩૭, તા.૨૮-૦૭-૨૦૧૬ને ગુરુવારના રોજ ૭૩ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોચ્યાં છે. મર્હૂમ ઉમ્ર-ઝિયારતથી મુશર્રફ થયેલ હતા. ⟶



⟵ નડિયાદ નિવાસી **મર્હૂમ મો.કુલસૂમબેન આબિદઅલી મોમિન** (ગુરુકૃપાનગર) મુ,તા. ૧૭, રમઝાન-૧૪૩૭, તા.૩-૦૭-૨૦૧૬ને રવિવારના રોજ ૬૨ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોચ્યાં છે. મર્હૂમા ઉમ્ર-હજ-ઝિયારતથી મુશર્રફ થયેલ હતા.



હૈદરપુરા નિવાસી **મર્હૂમ મો.વજીરભાઈ યૂસુફભાઈ મરેડીયા મુ.તા.૧૧, શવ્વાલ-૧૪૩૭,** તા.૧૬-૭-૨૦૧૬ને શનિવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. ⟶



⟵ રસૂલપુર (મેત્રાણા) નિવાસી **મર્હૂમા મો.લાડુબેન ઈબ્રાહીમભાઈ પલસાણીયા** મુ.તા. ૯ ઝિલ્કાદ-૧૪૩૭, તા.૧૩-૮-૧૬ને શનિવારના રોજ ૧૦૪ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે નમ્ર, માયાળુ અને નિખાલસ હતાં.

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

## 'જાફરી આવાઝ' (માસિક)ના લવાજમ અંગે

દર વર્ષની માફક 'જાફરી આવાઝ' (માસિક)નું લવાજમ મોહર્રમ માસથી લેવાનું નક્કી કરેલ છે. તે રીતે ચાલુ વર્ષે પણ મોહર્રમથી મોહર્રમ એક વર્ષ ગણવામાં આવશે. ચાલુ વર્ષનું લવાજમ રૂપિયા ૧૫૦/- મોહર્રમ માસની ૨૦ તારીખ સુધીમાં (એટલે કે તા.૨૨/૧૦/૨૦૧૬ સુધીમાં) જે જૂના ગ્રાહકોનું વાર્ષિક લવાજમ આવ્યું હશે તે ગ્રાહકો ગ્રાહક તરીકે ચાલુ રહશે. નવા ગ્રાહકોના અંક ઈન્શાઅલ્લાહ નવેમ્બર-૨૦૧૬થી મોકલવામાં આવશે. ઉપરોક્ત દર્શાવેલી તારીખ સુધીમાં એટલે કે તા.૨૨/૧૦/૨૦૧૬ સુધી જે જૂના ગ્રાહકોનાં લવાજમ આવ્યાં હશે તેમને જ અંક મોકલવામાં આવશે. જેની દરેકે નોંધ લેવી. સમયમર્યાદા પછી લવાજમની રકમ મોકલવી નહીં. સમયમર્યાદા પછી આવેલ લવાજમ સ્વીકારવામાં આવશે નહીં. આપનું લવાજમ આપના ગામના મુખી / મોલ્વી સાહેબ, આપના વિસ્તારના માનદ્ પ્રતિનિધિને સમયમર્યાદામાં આપી દઈને સહકાર આપવા વિનંતી છે. દરેક ગામના મુખી / મોલ્વી સાહેબ ઉપર જૂના ગ્રાહકોની યાદીની નકલ મોકલી આપવામાં આવશે. આપ સૌએ ભૂતકાળમાં અમને જે રીતે સાથ અને સહકાર આપ્યો છે તે રીતે આપતા રહેશો એવી અપેક્ષા રાખીએ છીએ.

– વ્યવસ્થાપક 'જાફરી આવાઝ' (માસિક)

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

**મર્હૂમ મો.વજીરભાઈ યૂસુફભાઈ મરેડીયા (હૈદરપુરા)ની રૂહના અર્થે.**

રૂા.૧૫૦/- મો.શબ્બીરઅલી વજીરભાઈ મરેડીયા
રૂા.૧૫૦/- મો.અબ્બાસઅલી વજીરભાઈ મરેડીયા
રૂા.૧૫૦/- મો.હાજરા શબ્બીરઅલી મરેડીયા
રૂા.૧૫૦/- મો.ઝરીના અબ્બાસઅલી મરેડીયા
રૂા.૫૦/- મો.આબિદઅલી શબ્બીરઅલી મરેડીયા
રૂા.૫૦/- મો.સાજિદહુસૈન શબ્બીરઅલી મરેડીયા
રૂા.૫૦/- મો.શાકેરાબાનુ શબ્બીરઅલી મરેડીયા
રૂા.૫૦/- મો.આરેફાબાનુ અબ્બાસઅલી મરેડીયા
રૂા.૫૦/- મો.તાહેરહુસૈન શબ્બીરઅલી મરેડીયા
રૂા.૫૦/- મો.મૈસમઅલી અબ્બાસઅલી મરેડીયા
રૂા.૫૦/- મો.કુલસૂમ અબ્બાસભાઈ મજાદરીયા
રૂા.૫૦/- મો.સકીના કાસમભાઈ વાઘણીયા
રૂા.૫૦/- મો.ઝહરા મિકદાદઅલી સિધ્ધપુરા
રૂા.૫૦/- મો.હાજરા ખાદિમભાઈ કુકવા
રૂા.૫૦/- મો.ફાતેમા કમ્બરઅલી શેલીયા
રૂા.૫૦/- મો.ઝરીનાબેન મોહંમદઅલી શેલીયા

રૂા.૨૫૦/- મોમિન મો.આબિદઅલી નૂરભાઈ તથા કુલસૂમબેન આબિદઅલી (નડિયાદ) તરફથી ઉમ્રા-હજ-ઝિયારત કરીને આવ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૫૦/- મર્હૂમા મો.કુલસૂમ આબિદઅલી (નડિયાદ)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- મર્હૂમ મો.કાસમભાઈ ફકીરભાઈ મોમિન (નડિયાદ)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- મો.મંજૂરમોહંમદ ચૌધરી (કાકોશી) તરફથી તેમના પુત્ર મોહંમદકાઝિમની જન્મની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૦૦/- મો.ખાદિમહુસૈન અસામદી (વાઘરોલ-વડોદરા) તરફથી તેમના પુત્ર મૈસમઅલી માહે રમઝાનુલ મુબારકનો રોઝો રાખ્યો તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો. શુજાઅતઅલી હિદાયતઅલી સુણસરા (પીરોજપુરા-મુંબઈ) તરફથી ધો.૧૦માં ૭૭.૨૦% ગુણ મેળવી ઉત્તીર્ણ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.રહેમતબાનુ હિદાયતઅલી સુણસરા (પીરોજપુરા) તરફથી તેમના પિતા મર્હૂમ ઈબ્રાહીમ રકન, માતા મર્હૂમ લાડચીબેન, ભાઈ મર્હૂમ ઈસ્માઈલઅલી, બહેન મર્હૂમ ઝૈનબબાનુની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦૦/- મર્હૂમા મો.લાડુબેન ઈબ્રાહીમભાઈ પલસાણીયા રસૂલપુર (મેત્રાણા)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી.

**મર્હૂમ મો.યૂસુફભાઈ નશીરભાઈ પટેલ (કનાઈ)ની રૂહના અર્થે મેળલ ડોનેશન.**

રૂા.૨૦૦/- મો.ઈસ્માઈલભાઈ નશીરભાઈ પટેલ
રૂા.૨૦૦/- મો.ખુદેજાબેન યૂસુફભાઈ પટેલ
રૂા.૧૦૦/- મો.ઝાકિરહુસૈન યૂસુફભાઈ પટેલ
રૂા.૧૦૦/- મો.મંજૂરએહમદ યૂસુફભાઈ પટેલ
રૂા.૧૦૦/- મો.નજમા ઝાકિરહુસૈન પટેલ
રૂા.૧૦૦/- મો.સુગરા મંજૂરએહમદ પટેલ
રૂા.૧૦૦/- મો.નજરહુસૈન ઝાકિરહુસૈન પટેલ

રૂા.૧૦૦/- મો.હલીમાફાતેમા મંજૂરએહમદ પટેલ
રૂા.૧૦૦/- મો.મોહંમદશબ્બીર મંજૂરએહમદ પટેલ
રૂા.૧૦૦/- મો.રહીમબેન ઈસ્માઈલભાઈ પટેલ
રૂા.૧૦૦/- મો.સુગરા ઈકબાલભાઈ ભોવણીયા
રૂા.૧૦૦/- મો.ગુલામહૈદર યૂસુફભાઈ દેધરોટીયા
રૂા.૧૦૦/- મો.હૈદરઅલી ફતેહભાઈ મસી
રૂા.૧૦૦/- મો.ગુલામઅબ્બાસ ઈબ્રાહીમ કોવડીયા
રૂા.૧૦૦/- મો.મોહંમદ ઈબ્રાહીમ કોવડીયા
રૂા.૧૦૦/- મો.યાકુબ ઈબ્રાહીમ કોવડીયા
રૂા.૧૦૦/- મો.રસૂલબેન અમદા કોવડીયા
રૂા.૧૫૧/- મો.ઈસ્માઈલ વલી લોરીયા (મેતા)
રૂા.૧૦૦/- મો.હબીબ સુલેમાન નૂરભાણેજ (ઈલોલ)
રૂા.૧૦૦/- મો.વજીરઅલી શરીફ મસી
રૂા.૧૦૦/- મો.આબેદાબાનું શબ્બીરઅલી ડોડીયા
રૂા.૧૦૦/- મો.સાજેદાબાનું આબિદઅલી પટેલ
રૂા.૧૦૦/- મો.શાકેરાબાનું ઝાકિરઅલી આગલોડીયા


## રઝા સ્ટોન

હુસેની અકીક ,ઝર્દ યાકૂત, શરફુશશમ્સ,હુસૈની ફિરોઝા, શરફી ફિરોઝા, શજરી અકીક, અને આલાદ માટે આયત લખેલ ફિરોઝા પણ મળશે.
યમની એ સુર્ખ અકીક, ડાર્ક અકીક, ચોરસ અકીક , દુર્રે નજફની વિંટી, દુર્રે નજફ લખેલું, હદીદે ચીની, મરજાન, મંગળ, મોતી, પુખરાજ, પન્ના, નિલમ, ટુપાસ, ગૌમીદ, મરીયની નંગ, રાહુ, દાન એ ફરમ, અને મેટલ માં ઈરાનની હુસૈની અકીક અને દુર્રે નજફની તૈયાર વિંટી મળશે.
અકીકના છલ્લા, યાકૂતની વિંટી, હાથની વિંટી, હાથની બ્રેસલેટ, નૌ રતનની વિંટી, દરેક પ્રકારની ઈરાનની તૈયાર વિંટી અને નંગ મળશે. દરેક પ્રકારની ચાંદીની તૈયાર વિંટી મળશે.

**સૈયદ હસનૈન ઝૈદી,** ઈલોલ (તલાવ)
મો. 98798 20844 70965 24919


## શીઆ જાફરી મશાયખી મોમિન જમાઅત, તેજપુરા

મુ. તેજપુરા, તા. હિંમતનગર, સાબરકાંઠા

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

અસ્સલામુ અલૈક,

સલામના તોહફા બાદ જણાવવાનું કે **'મકામે એહલેબૈત'** તેજપુરા મુકામે હઝરત ઈમામ હુસૈન (અ.) તથા શહીદાને કરબલા અને અસીરાને કરબલાની ઝિયારત માટે મોહર્રમથી ચહેલૂમ સુધી જુદા જુદા સ્થળેથી અઝાદાર મોમિન ભાઈબહેનો આવતા હોય છે. ઝિયારત માટે આવતા અઝાદાર ભાઈબહેનોની ખિદમત અર્થે 'હોટલ સર્વોદય' તેજપુરા તરફથી નિયાઝે હુસૈનની વ્યવસ્થા કરવામાં આવે છે. આવનાર ભાઈબહેનો આકસ્મિક અને અગાઉ જાણ કર્યા વિના આવતા હોવાથી તેમની ખિદમતમાં અગવડતા ઊભી થાય છે. તેથી જે તે ગામમાંથી આવનાર અઝાદાર ભાઈબહેનોને અમારી ખાસ વિનંતી કે અગાઉથી અમારો સંપર્ક કરી અઝાદારોની સંખ્યાની જાણ કરે, જેથી અમે તેમની સમયસર અને સારી રીતે ખિદમત કરી શકીએ.

અલ્લાહ તઆલાએ અમને અઝાદાર ભાઈબહેનોની ખિદમત માટે નેકી કરવાની તોફિક આપેલ છે, તે બદલ અલ્લાહની શુક્ર ગુજારી સાથે અમારી વિનંતી ધ્યાનમાં લઈ સહકાર આપશો.

**મો. : ૯૮૨૫૨ ૫૯૦૮૧(અસ્ગરઅલી)** આપના દુઆગીર,
**મો. : ૯૯૦૯૨ ૭૯૧૭૧(ગુલામભાઈ)** સર્વોદય હોટલ તથા તેજપુરા શીઆ જાફરી મશાયખી મોમિન જમાઅત